Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

રામચંદ્ર
મહેતા

Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ७४ग / ५८

पञ्जिका संख्या..... ३०८२६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना
र्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक
स्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक
खने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३०८२६

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं.
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પહેલાં પતિ પછી પિતા' એવો આદર્શ જેમણે જગતની નારી સમક્ષ મૂક્યો–જેમણે પોતાના અવિરલ સ્ત્રીત્વથી સતીના નામને સાર્થક કર્યું અને ભગવાન શંકરની છાયા રૂપ બની તેમની તપશ્ચર્યાને ઉજાળી તે ભારતની એક અમર સતીની નવલકથા રૂપે પ્રેરક જીવનગાથા . . . . .

દક્ષકન્યા

: લેખક :

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા

(ગૃહિણીમિત્ર, ભગવાનબુદ્ધ, જવાહર કમલા, પરાક્રમી ભીષ્મ, જનકદુલારી વિગેરેના કર્તા.)

: પ્રકાશક :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : : : પબ્લીશર્સ.

૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત – બે રૂપિયા

મુદ્રક : મણીલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસે, અમદાવાદ.
પ્રકાશક : નંદલાલ મોહનલાલ ઠક્કર, એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

અખંડ સૌ. બાલુ બહેન
અખંડ સૌ. વિજયા બહેન
અખંડ સૌ. ગીરજયા બહેન
અખંડ સૌ. ચંપા બહેન
અખંડ સૌ. શાંતા બહેન
અખંડ સૌ. પુરી બહેન
તેમના ભાઈ તરફથી
વહાલસોઈ બહેનોને
બચપણનાં સંભારણાં–

નંદલાલ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

પ્રસ્તુત પુસ્તક દક્ષ–કન્યા આજે વાચકોના હાથમાં સાદર કરતાં અમને આનંદ થાય છે. શંકર–પાર્વતીના પુણ્ય પવિત્ર નામથી ધર્મનિષ્ઠ આર્યપ્રજા અનેક વર્ષથી સુપરિચિત છે. શીવપુરાણ, દેવી ભાગવત આદિ પુરાણ ગ્રંથોમાં શંકર પાર્વતીની કથા વાંચવામાં આવે છે. આજની યુવતીઓ શંકર-પાર્વતીનું વ્રત ઉદ્યાપન કરે છે છતાં પુરાણના મ્હોટા ગ્રંથો વાંચવાનો તેમને સમય નથી. તેથી જ આ ન્હાના પુસ્તકમાં શંકર–પાર્વતીની કથા વાર્તારૂપે રસપ્રદ ભાષામાં ગુંથવામાં આવી છે. વાચક ભાઈ બ્હેનોને તે વાંચવા જેવી સરલ છે. તેમાંથી અનેક બોધ પ્રાપ્ત થાય એમ છે. આશા છે કે વાચક તેનો લાભ લેશે.

દક્ષ–કન્યા અર્થાત્ શંકર–પાર્વતીની કથાના પ્રથમ વિભાગમાં દક્ષ પ્રજાપતિની કન્યા સતીનો જીવનપ્રસંગ આલેખાયલો છે. સતીનાં લગ્ન તેના પિતાની ઈચ્છા વિરૂદ્ધ શંકર ભગવાન સાથે થયાં હતાં. દક્ષને કર્મમાર્ગ વિશેષ પસંદ હતો. શંકર ભગવાન જ્ઞાનયોગી હતા. દક્ષે શંકરનું અપમાન કરવાની ઈચ્છાથી યજ્ઞ આરંભ્યો. શંકર ભગવાન જેવા મહાન્ જ્ઞાની પતિદેવની આજ્ઞા નહિ હોવા છતાં સતી પિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેર ગયાં. ત્યાં દક્ષ પિતાએ તેમનું અપમાન કર્યું અને સતીએ યજ્ઞ કુંડમાં પોતાના શરીરની આહુતિ આપી. તેમના શરીરનો નાશ થયો. પરંતુ તેમનો આત્મા તો અમર હતો. તે આત્મા તો પતિ શંકર ભગવાનને જ ચ્હાતો હતો તેથી તેમણે હિમવાન્ રાજાની પુત્રી પાર્વતી રૂપે પુનઃ જન્મ ગ્રહણ કર્યો. જગતમાં સ્ત્રીઓને પતિ એજ દેવ, પતિ એજ પરબ્રહ્મ અને પતિ એ જ સર્વસ્વ સમજનાર સતીએ માતા પિતાની આજ્ઞા લઇ કઠિન તપશ્ચર્યા કરી પુનઃ શંકર ભગવાન સાથે લગ્ન કર્યું. શંકર ભગવાનની અનંત અને અમોઘ યોગશક્તિ દ્વારા તારકાસુર જેવા અસુરનો નાશ થયો અને દેવ, ઋષિ, મુનિ અને બ્રાહ્મણો સુખ પ્રાપ્ત કરી શકયા. આ સર્વ વૃતાંત રસપ્રદ વાર્તારૂપે લખવામાં આવ્યો છે. વાચક ભાઇબ્હેનો સતી અને પાર્વતીના ચરિત્ર-માંથી પતિભક્તિ, માતૃપિતૃ ભક્તિ, કઠિન વ્રત તપશ્ચર્યાદ્વારા ઇષ્ટસિદ્ધિ આદિ બોધ ગ્રહણ કરે એજ અમારો ઉદ્દેશ છે.

આજના જમાનામાં પાશ્ચાત્ય કેળવણીને પ્રતાપે અનેક યુવતીઓ કર્તવ્યભ્રષ્ટ અને ધર્મનીતિભ્રષ્ટ થઇ છે. માતાપિતા અને વડિલોની આજ્ઞાની અવજ્ઞા કરતી જણાય છે. તેઓ આ પુસ્તકમાંથી સતી અને પાર્વતીના જીવન કર્તવ્યનો બોધ પ્રાપ્ત કરશે તો તેમનો સંસાર સુખદ અને કલ્યાણપ્રદ થશે.

આપણા દેશના કેળવણીકારોએ આવાં ધર્મ અને નીતિ કર્ત-વ્યનો બોધ આપે એવાં કન્યા પાઠયપુસ્તકો સર્જ્યાં નથી. તેમજ એવાં અમૂલ્ય બોધપ્રદ પુસ્તકો નિયમિત કન્યાઓના વાંચવામાં આવતાં નથી. તેનું જ દુઃખદ પરિણામ યુવતિઓનો કર્તવ્ય ભ્રષ્ટતા જોવામાં આવે છે. આશા છે કે કન્યા વિદ્યાલયનાં પાઠયપુસ્તક રચનાર સં-સ્થાઓ આવાં પુસ્તકો કન્યાઓને નિત્ય વંચાવી તેમને યોગ્ય જ્ઞાન આપશે તો ભારતવર્ષની કન્યાઓનાં કુમળાં મગજ પર તેની સારી છાપ પડશે અને ભવિષ્યમાં તેઓ આદર્શ સ્ત્રીરત્ન, ગૃહિણી રત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ દેશ અને સમાજને પ્રાચીન ગૌરવ પ્રાપ્ત કરાવશે. આપણા શાસ્ત્ર અને ઇતિહાસમાં અનેક સતી અને વિરાંગનાઓનાં આદર્શ જીવનચરિત્રો મળી આવે છે. એ સર્વ અમારા ભારતવર્ષના આદર્શરત્નો છે. એ રત્નની ગ્રંથરૂપે માળા બનાવી યુવતીઓના કંઠમાં ધારણ કરાવવાથી તેમની શોભાવૃદ્ધિ પામશે. પ્રત્યેક માતાપિતાએ આવાં પુસ્તકો પોતાનાં કન્યારત્નનાં હાથમાં મુકી તેમાંથી જેટલો બોધ ગ્રહણ કરવા જેવો હોય તેનું જ્ઞાન તેમને આપી પોતાનું કર્તવ્ય પૂર્ણ કરવું તેજ તેમનો ધર્મ છે. તેમ થશે તો લેખક પ્રકાશકનો ઉત્સાહ વૃદ્ધિ પામી આવા પ્રકારની વિશેષ સેવા બજાવવા પ્રયત્ન થશે.

અમદાવાદ
તા. ૨૧–૮–૪૫

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
×દક્ષકન્યા (સતી)	.	૧
૧. સતી પરિચય	. .	૩
૨ દક્ષકન્યા સતી	. .	૫
૩ કૈલાસ શિખર	. .	૮
૪ સતીનાં લગ્ન	. .	૧૩
૫ દક્ષનું અપમાન	.	૨૦
૬ ગૃહસ્થાશ્રમી સતી	.	૨૫
૭ સતીની ઇચ્છા	.	૨૯
૮ યજ્ઞમાં જવું કે ?	.	૩૩
૯ દક્ષગૃહે યજ્ઞ સમારંભ		૩૮
૧૦ યજ્ઞમાં વિઘ્ન	. .	૪૩
૧૧ યજ્ઞમાં વિઘ્ન (ચાલુ)	.	૪૮
૧૨ શંકરનો શોક	.	૫૦
૧૩ દક્ષ સંહાર	. .	૫૪
૧૪ ક્ષમા	. . .	૫૭
૧૫ તપશ્ચર્યા	. .	૬૦
૧૬ સતીનો મૃતકદેહ	.	૬૧
૧૭ તાંડવનૃત્ય–દેવોની આરાધના		૬૫
×દક્ષકન્યા (પાર્વતી)	.	૭૭
૧ રાજા હિમવાન	.	૭૯
૨ પાર્વતીની બાલ્યાવસ્થા		૮૪
૩ હિમાલય ઉપર	.	૮૮
૪ જામાત્રની યોજના	.	૯૩
૫ પાર્વતીનો અરણ્યવાસ		૯૭
૬ તારકાસુરનો ત્રાસ	.	૧૦૨
૭ બ્રહ્મલોકમાં	. .	૧૦૫
૮ મદન–ભસ્મ	. .	૧૦૮
૧૦ પાર્વતીની તપશ્ચર્યા	.	૧૧૩
૧૧ પાર્વતીની પરીક્ષા	.	૧૧૫
૧૨ પાર્વતીનાં લગ્ન	.	૧૧૯
૧૩ કુમારનો જન્મ અને અભિષેક		૧૨૧
૧૪ તારકાસુર વધ	.	૧૨૩
૧૫ બોધપાઠ	. .	૧૨૬
૧૬ ઉપસંહાર	. .	૧૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષ-કન્યા

[સતી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષ-કન્યા

પ્રકરણ ૧

સતી પરિચય.

મધ્યાન્હનો સમય ! સૂર્ય ભગવાન પોતાની સોળ કળામાં તાપની વૃષ્ટિ કરી રહ્યા હતા. પશુ પક્ષી વૃક્ષની શીતલ છાયામાં આશ્રય લઈ રહ્યાં હતાં. પવનદેવ ગરમ શ્વાસોશ્વાસ સહિત વહન થઈ જગતનાં મનુષ્યોને અકળાવી રહ્યા હતા. ગરમ પવનને લીધે મનુષ્યના શરીર ઉપર પરસેવાના ઝેબઝેબ નિતરી રહ્યા હતા. મનુષ્યો વિશ્રાંતિ લેવા પોત પોતાના ઘરમાં બેસી રહ્યાં હતાં. સખ્ત તાપને લીધે ઘરની ભીંત, ઓઢવા પાથરવાનાં ગોદડાં, પાણીની ગોળીઓ અને ઘરનાં છાપરાં, એ સર્વ ગરમ ગરમ થઈ રહ્યાં હતાં.

મધ્યાન્હ સંધ્યા વંદન કર્મ અને ભોજન સમાપ્ત કરી રાજા દક્ષ-પ્રજાપતિ પોતાના મકાનના ખુલ્લા બગિચામાં બેઠા હતા. નજીકમાં જ તેમની કેટલીક પુત્રીઓ રમતગમત કરી રહી હતી. રાજા દક્ષ હમણાં નિવૃત્ત થઈને બેઠેલા હોવાથી પુત્રીઓ સાથે વાર્તાલાપમાં સમય વ્ય-તીત કરવાની ઇચ્છાથી તેમણે કહ્યું : "બ્હેન ! શ્રદ્ધા ! અહિં આવ." જે પુત્રીને બોલાવી હતી તેનું નામ શ્રદ્ધા ન હતું. તેનું નામ તો દયા હતું. તેણે કહ્યું: "પિતાજી ! મ્હારૂં નામ શ્રદ્ધા નથી. મ્હારૂં નામ તો દયા છે. શું તમે મ્હારૂં નામ ભૂલી ગયા ?"

દક્ષે કહ્યું : "હા બેટા ! તમારાં નામ મ્હને યાદ રહેતાં નથી. વારૂ, શ્રદ્ધા અરે ! દયા ! જા, ત્હારી સર્વ બ્હેનોને બોલાવી લાવ."

દયાએ કહ્યું : "સારૂં પિતાજી !"

એમ કહી તે પોતાની બ્હેનોને બોલાવવા ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા દક્ષને સોળ પુત્રીઓ હતી તેથી તેને સર્વ પુત્રીઓનાં નામ યાદ રહેતાં ન હતાં. તે ગમે તે વખતે કોઈને બદલે કોઈ બીજા જ નામથી પુત્રીઓને બોલાવતો હતો. એકને બદલે બીજીનું નામ દેવાથી પુત્રીઓ હાસ્યવિનોદ કરતી પિતાને પોતાનું નામ યાદ કરાવી આપતી.

થોડી વારમાં જ દક્ષની સર્વ પુત્રીઓ તેની પાસે આવી પહોંચી. તેમની સાથે વાતચિત શરૂ થઈ. વાંચક! તમે પણ તે એકચિત્તે સાંભળો. તમને તે સર્વનો પરિચય થશે.

રાજા દક્ષ એ બ્રહ્મદેવનો પુત્ર. તેણે હજારો યજ્ઞ કર્યા હતા. યજ્ઞ કરવામાં જ તેને સંતોષ અને આનંદ થતો હતો. કોઈ પણ સ્થળે યજ્ઞ થતો ત્યાં તે જઈ પહોંચતો. ત્યાં તેનો અપૂર્વ આદરસત્કાર થતો. દેવતાઓ પણ તેના પ્રત્યે માનની દ્રષ્ટિએ જોતા. તે ધર્મનિષ્ઠ હોવા છતાં અતિ દુરાગ્રહી અને દંભી હતો.

તે સમયે યજ્ઞયાગના અનેક સમારંભ થતા હતા. યજ્ઞયાગ કરનારને અતિશય માન મળતું. તેમ જ યજ્ઞ-યાગ-પર શ્રદ્ધા નહિં રાખનારને ધર્મહીન, નાસ્તિક વગેરે વિશેષણ મળતાં હતાં. દક્ષ એ યજ્ઞયાગ જેવા કર્મમાર્ગમાં પ્રવૃત્ત થનાર પુરૂષોનો મુખ્ય આગેવાન હતો. કારણ: તે બ્રહ્મદેવનો પુત્ર, બળવાન્ અને સર્વગુણસમ્પન્ન હોવાથી તે જે કહે તે સર્વને માન્ય રાખવું જ જોઈએ એવો તે દુરાગ્રહી અને ગર્વિષ્ટ વૃત્તિનો હતો. યજ્ઞયાગ નહિં કરનાર અને તે નહિં માનનાર મનુષ્યો પ્રત્યે તે દ્વેષ રાખતો હતો.

રાજા દક્ષની પત્નિનું નામ પ્રસૂતિ હતું. તે મનુ મહારાજની પુત્રી હતી. તે સર્વ સદ્ગુણ સમ્પન્ન, અને આનંદી સ્વભાવની હતી. તેની અતિ ધાર્મિક હતી.

દક્ષને શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી, મૂર્તિ, સ્વાહા, સ્વધા અને સતી નામક સોળ પુત્રીઓ હતી. તેમાં સતી સર્વથી કનિષ્ઠ પુત્રી હતી.

આપણે એ જ સતીના જીવનનો પરિચય જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

દક્ષકન્યા સતી.

રાજા દક્ષનું ઘર બાળબચ્ચાંથી ભરપૂર હતું. સમ્પત્તિ દેવીની પણ તેના પર અતિશય કૃપા હતી. આકાશમાં જેમ નક્ષત્રોની જ્યોતિ ચમકે છે તેજ પ્રમાણે દક્ષના ઘરમાં તેનાં કન્યારત્નો પ્રકાશિત થઈ રહ્યાં હતાં. બાળકોની લીલાથી કોને આનંદ ન થાય? બાળકો એ જ ગૃહસ્થ ઘરનાં રત્નો છે. શાસ્ત્રકાર કહે છે કે: જેના ઘરમાં બાળકો નથી તેનું ઘર સ્મશાન તૂલ્ય છે! તેનું ઘર શૂન્ય જણાય છે. તે ઘરના સ્વામીને આનંદ થતો નથી. બાળકો વગરનો ઘરનો સ્વામી નિત્ય નિરાશ વદને બાળકોના નિર્દોષ આનંદની રાહ જોતો હોય છે. પરંતુ જેના ઘરમાં ન્હાનાં બાળકો હોય છે તેનું ઘર સદા હાસ્ય કરતું, આનંદદાયક જણાય છે.

રાજા દક્ષ પોતાની સર્વ પુત્રીઓ પર ઘણો પ્રેમ રાખતો હતો. તેમાં પણ તેની કનિષ્ઠ પુત્રી સતી ઉપર તેનો વિશેષ પ્રેમ હતો. સર્વ પુત્રીઓમાં તે આકાશના તેજસ્વી ચંદ્ર જેવી તેજસ્વી હતી. તે એક દેવકન્યા જેવી અપૂર્વ સુંદર હતી. સતી પોતાની બ્હેનો સાથે પ્રેમ પૂર્વક હસતી, રમતી અને બોલતી હતી. સર્વ બ્હેનો અનેક પ્રકારની રમત ગમત કરીને આનંદમાં દિવસો નિર્ગમન કરતી. પિતાના જેવું અભિમાન અને ગર્વિષ્ટપણું કેટલીક પુત્રીઓમાં જોવામાં આવતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષકન્યા સતી સાદી રહેણી કરણી વિશેષ પસંદ કરતી. તેને સૃષ્ટિ-સૌંદર્ય જોવાનો ભારે શોખ હતો. જ્યારે તેને નવરાશ મળતી ત્યારે તે પહાડ-પર્વત, નદી, ઝરણાં, પુષ્પ પલ્લવ, પશુ પક્ષી, એ સર્વનું અવલોકન કરતી તેથી તેના મનને ઘણો આનંદ થતો.

સતીના સ્વભાવમાં તેની સર્વ બ્હેનોના નામ પ્રમાણે સર્વ ગુણ જોવામાં આવતા. ઈશ્વરની કૃતિ ઉપર તેને અપૂર્વ શ્રદ્ધા હતી, ઉત્તમ સદ્ગુણ જોઈને તે મૈત્રી કરતી, અનાથ, અપંગ દીનહીન મનુષ્યો પ્રત્યે તેને દયા ઉત્પન્ન થતી. તેનામાં અપૂર્વ શાંતિ હતી. તે હમેશાં સંતોષી જણાતી. તેનું શરીર હૃષ્ટપુષ્ટ હતું. તેની બુદ્ધિ તીવ્ર હતી. તે જે કાંઈ પણ કર્મક્રિયા કરતી તે સંપૂર્ણ વિચાર કરીને જ કરતી. તેથી જ તેની માનસિક ઉન્નતિ થઈ હતી. તેથી જ તેની સર્વ બ્હેનોના સદ્ગુણ એક સતીમાં જોવામાં આવતા.

રાજા દક્ષને ત્યાં વારંવાર યજ્ઞયાગ થતા હોવાથી તેને ત્યાં અનેક મનુષ્યો એકત્ર થતાં. તેમાં અનેક સ્ત્રીઓ અને કન્યાઓ આવતી. તે સર્વની સાથે સતી સર્વદા હાસ્યભરિત મુખે વાર્તાલાપ કરતી. સર્વનું સ્વાગત કરતી અને સર્વનું આદર-આતિથ્ય કરતી. તે વિવેકી અને પ્રેમાળ સ્વભાવની હતી.

કન્યાઓ વયોજ્યેષ્ઠ થતાં દક્ષે પોતાની તેર પુત્રીઓનાં લગ્ન ધર્મ સાથે કર્યાં. સ્વાહા અગ્નિદેવને સમર્પણ કરી. સ્વધાનાં લગ્ન સર્વ પિતૃઓ સાથે કર્યાં. માત્ર સતી અવિવાહિતા હતી.

સતીના મનમાં લગ્ન સંબંધી વિચારો ઉત્પન્ન થતા. તે બુદ્ધિમાન હોવાથી જે પુરૂષને અનેક સ્ત્રીઓ હોય તેની સાથે પોતાનાં લગ્ન ન થાય એવી તેની ઈચ્છા હતી. તે જ પ્રમાણે દ્રૌપદીની પેઠે જેને અનેક પતિ હોય તેની સાથે લગ્ન કરવાની પણ તેને ઈચ્છા ન હતી. પોતાની બ્હેનોનાં લગ્ન એ પ્રમાણે થયેલાં હોવાનું દૃષ્ટાંત તેની દૃષ્ટિ સમક્ષ તાદૃશ્ય હતું. તે એક જ પતિ સાથે લગ્ન કરવા ઇચ્છતી હતી.

દક્ષને ત્યાં અનેક યજ્ઞ થતા. તે પ્રસંગે શંકર, વિષ્ણુ વગેરે દેવો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક ઋષિ, મુનિ, રાજા મહારાજા અને મ્હોટા મ્હોટા સરદાર, અમાત્ય વગેરે એકત્ર થતા હતા. યજ્ઞનારાયણનાં દર્શન કરવા દક્ષની કન્યાઓ પણ યજ્ઞમંડપમાં આવતી. યજ્ઞમાં સ્ત્રીઓને બેસવા માટે ખાસ જૂદી બેઠક રાખવામાં આવતીહતી.

સતીએ પોતાને ત્યાં અનેક યજ્ઞ વખતે શંકરનાં દર્શન કર્યાં હતાં. તેથી તેમની સાથે પોતાનાં લગ્ન થાય એ તેની ઇચ્છા હતી. શંકરનું સુદૃઢ અને ગૌર શરીર, તેજસ્વી નેત્ર અને શાંતવૃત્તિ જોવાથી સતીનું મન તેમના પ્રત્યે આકર્ષાયુ હતું. તેજ કારણથી તે અદ્યાપિ પર્યંત કુમારિકા રહી હતી.

સતીની સર્વ બ્હેનો કોઈ પ્રસંગે પિતાને ઘેર એકત્ર થતી ત્યારે ત્યાં અપૂર્વ આનંદ હાસ્યની લહરો અને અતિ વિનોદ થઈ રહેતો. સતી સર્વમાં કનિષ્ઠ અને કુમારિકા હોવાથી સર્વ બ્હેનો તેનું હાસ્ય કરતી, પરંતુ સતીને ક્રોધ ન થતાં તે સર્વને યોગ્ય પ્રતિઉત્તર આપી પહોંચી વળતી.

દક્ષ રાજાએ પોતાની કન્યાઓને ઉત્તમ પ્રકારનું ધાર્મિક, નૈતિક અને સાંસારિક, વ્યાવહારિક શિક્ષણ આપ્યું હતું. તેથી જ સતી વિવેકી નમ્ર અને બુદ્ધિશાળી થઈ હતી. શાસ્ત્ર શ્રવણને લીધેજ તેનામાં અપૂર્વ શાંતિ જણાતી હતી. બીજી કન્યાઓ કરતાં તેનામાં એ ઉત્તમ ગુણ હોવાથી પિતાની પણ તે પ્રિતિપાત્ર થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩

કૈલાસ શિખર.

કૈલાસ પર્વત એ અતિ શીતળ, હિમાલયનો જ અતિ ઉચ્ચ વિભાગ છે. એ પર્વત ઉપર સુંદર કમળ પુષ્પોથી પરિપૂર્ણ અનેક સરોવર છે. સરોવરોમાં રાજહંસ ક્રિડા કરતા જણાય છે. એ પર્વત ઉપર અનેક ઋષિમુનિ તપશ્ચર્યા કરી રહ્યા છે. મંદાર, પારિજાતક, કાંચન, શાલ, તાલ, તમાલ, ગુલાબ, મોગરો, ચંબેલી વગેરે અનેક પ્રકારનાં વૃક્ષો ઉપર વિકસેલાં પુષ્પોની મનોહર સુગંધ વ્યાપી રહી છે. મોર, કોકિલા, હંસ વગેરે તે પર્વત ઉપર નિર્ભય ચિત્તે વિચરણ કરી રહ્યાં છે. હરિણ, વાનર, કસ્તુરી મૃગ, સિંહ, વ્યાઘ્ર વગેરે વનપશુના ત્યાં નિવાસસ્થાન છે. સ્વચ્છ જળનાં ઝરણ, ન્હાના મ્હોટા વહેળા, સરિતાઓ, ગુહા અને ગિરિશૃંગ વડે કૈલાસનો પર્વત પ્રદેશ પરિપૂર્ણ થઈ રહ્યો છે.

કૈલાસ પર્વત ઉપર નંદા નદીના સુંદર તટ નજીક શંકરે પોતાનો સ્વચ્છ સુંદર આશ્રમ બનાવ્યો હતો. તેઓ ત્યાં જ નિવાસ કરતા હતા. તે સ્થાનમાં જ તેમનાં જપ, તપ, સમાધિ આદિ નિત્ય કર્મો થયાં કરતાં હતાં.

આજે શંકર ભગવાન વાઘાંબર ઉપર બિરાજ્યા હતા. તેમનું મુખ તદ્દન શાંત હતું. સંધ્યા સમયના મેઘ પ્રમાણે તેમની શરીર કાંતિ સુંદર રક્ત વર્ણની જણાતી હતી. તપસ્વીને યોગ્ય એવો વેષ ધારણ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના સર્વાંગે વિભૂતિ લેપન કર્યું હતું. મસ્તક ઉપર જટાજૂટ બાંધેલું હતું. શરીર ઉપર વ્યાઘ્રચર્મ ધારણ કર્યું હતું. બન્ને હાથમાં અને ગળે રૂદ્રાક્ષની માળાઓ શોભતી હતી. મસ્તક ઉપર અર્ધચંદ્ર પ્રકાશિત થઈ રહ્યો છે. મસ્તકમાંથી પતિત પાવની મા ગંગાનો મધુર નાદ કરતો શીતળ જળપ્રવાહ વહન થઈ રહ્યો છે.

શંકર ભગવાનનો સ્વભાવ ઘણો ભોળો, પરોપકારી અને આનંદી હતો પરંતુ કોઈ પ્રસંગે તેમનામાં ક્રોધ પણ વિશેષ જણાતો હતો. કોઈ કોઈ ભક્ત તેમની ગાઢ ભક્તિ કરી ખુશી કરતો તે વખત તેઓ તેને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેતા, પરંતુ જ્યારે કોઈ તેમને ક્રોધ થાય એવું કૃત્ય કરતો તે વખતે તેમનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠતો! તેમના નેત્રમાંથી જાણે અગ્નિની જ્વાળા પ્રકટ થતી. તેઓ તેને તત્ક્ષણાત બાળીને ભસ્મ કરવામાં વિલંબ કરતા નહિં!

દેવતાઓએ સમુદ્રમંથન કર્યું તે વખત તેમાંથી ચૌદ રત્નો નિકળ્યાં હતાં. દેવ અને અસુરોએ માંગણી કરી અને તે વહેંચી આપવામાં આવ્યાં. તે રત્નોમાં વિષ પણ હતું. તેની માંગણી કોઈએ કરી નહિં. વિષને જોતાં જ સર્વ દૂર ન્હાસવા લાગ્યા. તેજ સમયે શંકર ભગવાન વિષ માટે તત્પર થયા. તેમણે સર્વ વિષ પાન કરી લીધું, તેજ ક્ષણે તેમના ગળામાં દાહ ઉત્પન્ન થયો. કંઠનો રંગ લીલો અને કાળો થઈ ગયો. તેજ સમયથી તેનું નામ નીલકંઠ કહેવામાં આવે છે. શંકરે વિષપાન કરેલું જોઈ સર્વ દેવ અને અસુરો ચકિત થઈ ગયા! સર્વ તેમનાથી ભય પામવા લાગ્યા. સર્વ તેમની ભક્તિ કરવા લાગ્યા!

આશ્રમની બહાર શંકરનું વાહન નંદિકેશ્વર ઉભો હતો. તેની નજીક શૃંગી અને ભૃંગી વગેરે શંકરના અનેક સેવક ઉભા હતા. શંકરના ભક્તોમાં, કૈલાસ પર્વતમાં નિવાસ કરતા અનેક શૂદ્ર લોકો પણ હતા. તેઓ સર્વ ભક્તોને ભક્તિપુરઃસર આશ્રય આપતા હતા. શંકરના સેવકોમાં કોઈ સુંદર સ્વરૂપવાન તો કોઈ કદ્રૂપ હતા. કોઈ શૂરવીર હતા. કોઈ બીકણ પણ હતા. કેટલાક નગરજનો હતા અને કેટલાક વનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેનાર જંગલી લોકો પણ હતા. કેટલાક શાંત પ્રકૃતિના હતા, ત્યારે કેટલાક ક્રોધી પણ હતા. શંકરના એ સેવકોને શંકરના ગણ કહેવામાં આવતા.

શંકર જે આશ્રમમાં નિવાસ કરતા હતા તેની આસપાસનું સૃષ્ટિ સૌંદર્ય જોતાં મનને સંતોષાનંદ થતો. તેમની પાસે અનેક સેવકો હતા. તે સર્વ તેમની આજ્ઞાનુસાર વર્તન કરતા. તેમને કોઈ પ્રકારની ચિંતા ન હતી. કૈલાસ પર્વતની ગિરિગુહામાં વિચરણ કરી પ્રકૃતિદેવીની અપૂર્વ લીલાનું હાસ્ય ભરિત મુખે દર્શન કરવું, જપ, તપ, ધ્યાન, સમાધિ આદિ નિત્યકર્મ કરવાં, કોઈ પણ ભક્ત ઉપર સંકટ આવી પડે તો તેનું નિવારણ કરવું, ભયગ્રસ્તને અભયદાન આપવું, એજ શંકર ભગવાનનો નિત્યક્રમ હતો. આ પ્રમાણે તેઓ આનંદ-ઉલ્લાસમાં દિવસો નિર્ગમન કરતા હતા. પરંતુ તે આનંદમાં એક ઉણપ હતી. "गृहं तु गृहिणी हीनं कांतारादति रिच्यते! જેના ઘરમાં ગૃહિણી ન હોય તે ઘર સ્મશાન તુલ્ય-અરણ્ય સમાન કહેવામાં આવે છે. શંકર ભગવાનની પાસે પોતાનું આપ્ત સ્વજન ન હતું. પોતાના અંતઃકરણના વિચારો, પોતાનું જ્ઞાન, પોતાની વિદ્યા, એ સર્વ કોને અર્પણ કરવાં? એ વિદ્યાને પાત્ર કોણ છે? એ વિદ્યા કયા અધિકારીને આપવી? તેનો તેમને નિત્ય વિચાર થયા કરતો. તેમના ઘરમાં ગૃહિણી નહતી. ગૃહિણી પણ એ સર્વ વિદ્યા અંતઃકરણમાં ઉતારે એવી હોવી જોઈએ. એવી કોઈ ગૃહિણી અદ્યાપિ પર્યંત તેમને પ્રાપ્ત થઈ ન હતી. શંકરને તેજ ઉણપ જણાતી હતી.

તેઓ દક્ષ પ્રજાપતિને ત્યાં યજ્ઞમાં પધારતા તે વખત તેની કન્યા સતીને શંકરે ઘણી વખત જોઈ હતી. તે સર્વ સદ્ગુણ સમ્પન્ન હતી એમ પણ તે જાણતા હતા. તેનો શાંત સ્વભાવ, પવિત્રતા અને બુદ્ધિ કૌશલ્ય તેમના લક્ષ્યમાં હતું. પોતાની પત્નિ અને સહધર્મિણી થવાને તે સતીજ પાત્ર છે એમ તેઓ સમજતા હતા. તેથી તેની સાથે લગ્ન કરવાનો શંકરે વિચાર કર્યો, અને પોતાનો વિવાહ કરવા માટે રાજા દક્ષ પાસે એક દૂત મોકલવાનો વિચાર કરતા હતા, એટલામાં જ "નારાયણ, નારાયણ" શબ્દ તેમના સાંભળવામાં આવ્યો. તે શબ્દનાદ ઓળખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકર ભગવાને જાણ્યું કેઃ નારદજી આવે છે. પોતાના કાર્ય માટે નારદજી સુપાત્ર છે એમ જાણી તેમને ઘણો આનંદ થયો.

શંકર સમક્ષ નારદજીએ આવી બે હાથ જોડી પ્રણામ કર્યા. શંકરે શુભ આશિર્વાદ દઈ તેમનો આદરસત્કાર કર્યો.

શંકરે પૂછ્યું:

"કેમ નારદજી! પ્રસન્ન છો? કાંઈ નવાજૂની? તમે ક્યાંથી આવો છો?"

નારદજીએ ઉત્તર દીધોઃ

"ભગવન્! હું વૈકુંઠમાંથી આવું છું."

શંકરે પૂછ્યું:

"ત્યાં વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી વગેરે સર્વ કુશળ છે?"

"હા પ્રભો!" કહી નારદે પુનઃ નમન કર્યું.

શંકરે કહ્યું.

"નારદજી! મ્હારે તમને એક મહત્વનું કાર્ય સોંપવું છે."

નારદજીએ ઉત્તર દીધોઃ

"મહારાજ! તમારી આજ્ઞા મ્હારે શિરસાવંદ્ય છે. જે આજ્ઞા હોય તે આનંદ પૂર્વક કહો."

શંકરે કહ્યું: "તમે રાજા દક્ષ પ્રજાપતિ પાસે જાઓ અને તેમની સર્વ સદ્‌ગુણસમ્પન્ન પુત્રી સતીનાં મ્હારી સાથે લગ્ન કરે એવી મ્હારા તરફથી પ્રાર્થના કરો."

નારદજીએ આશ્ચર્ય પામી કહ્યું:

"ભગવન્! શું તમને લગ્ન કરવાની ઇચ્છા થઈ છે? અતિ આનંદની વાર્તા છે. તમે મ્હને જે કામ સોંપ્યું છે તે પરિપૂર્ણ કરવું મ્હારૂં કર્તવ્ય છે. તમે હવે નિર્ભય રહો. સતી અતિ ઉત્તમ પાત્ર અને અધિકારી છે. સાક્ષાત્ દેવી સમાન છે. તમારે માટે યોગ્ય કન્યા છે."

શંકર ભગવાને કહ્યું:

"નારદજી! મ્હારી પાસે સર્વ પ્રકારનું ઐશ્વર્ય છે. સર્વ પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા છે પરંતુ મ્હારે તે કોને અર્પણ કરવી એ જ મ્હને વિચાર થાય છે. મ્હારી યોગવિદ્યા, શાસ્ત્રવિદ્યા, વગેરે સર્વ મહાન્ સમ્પત્તિ છે. સતી તે સમ્પત્તિ અને તે વિદ્યા ધારણ કરવા પાત્ર છે. તમે મ્હારૂં એ કામ કરો. દક્ષ પ્રજાપતિને બરાબર સમજાવી સતી સાથે મારૂં લગ્ન કરાવી આપો.

નારદજીએ કહ્યું :

" પ્રભો ! તમારૂં કહેવું સત્ય છે. મ્હેં પણ સતીનાં દર્શન કર્યાં છે. તેની પ્રત્યેક બ્હેનોમાં એક એક સદ્ગુણ છે પરંતુ સતીમાં તે સર્વ બ્હેનોના સદ્ગુણ એકત્ર થયેલા જોવામાં આવે છે. તે તમારે માટે યોગ્ય જ છે. તેની સાથે લગ્ન કરવાથી તમને એક સુપાત્ર કન્યા પ્રાપ્ત થશે એમ હું માનું છું. મ્હારૂં કર્તવ્ય કરવા હું તત્પર જ છું. તમે નિશ્ચિંત રહેશો. "

એ પછી બન્ને વચ્ચે બીજી પણ કેટલીક વાતચિત થઈ. શંકરનું કાર્ય કરવા નારદજી તૈયાર થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું

સતીનાં લગ્ન.

સન્ધ્યાનો સમય છે. સૂર્ય નારાયણ અસ્તાચળ પર બિરાજી ગયા હતા. પક્ષીઓ દિવસનું નિત્યકર્મ કરી પોત પોતાના માળામાં પ્રવેશ કરી ગયાં હતાં. વાયુ દેવતા મંદ મંદ લહરો વડે મનુષ્ય, પશુ, પક્ષી વગેરે સર્વને શાંતિ અર્પણ કરી રહ્યા હતા. દિવસના પરિશ્રમથી થાકેલાં મનુષ્યો પોત પોતાને ઘેર જઈ સ્ત્રી, પુત્રાદિક સાથે આનંદ વાર્તા કરી રહ્યાં હતાં. સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું.

આ સમયે રાજા દક્ષ સન્ધ્યાવંદન આદિ નિત્યકર્મથી નિવૃત્ત થયા હતા. દક્ષ અને તેની પત્નિ પ્રસૂતિ વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો હતો.

પ્રસૂતિએ નમ્રતા પૂર્વક કહ્યું :

"તમે તો નિત્ય યજ્ઞયાગના કાર્યમાં જ ગુંથાયલા રહો છો. ગૃહકાર્ય તરફ તમારૂં લક્ષ્ય જ નથી. ગૃહસ્થાશ્રમી પુરૂષોએ ગૃહસંસારના કાર્યમાં પણ લક્ષ્ય આપવું જોઈએ."

રાજા દક્ષે ઉત્તર દીધો :

"દેવી! ઘરમાં કઈ વસ્તુની ખોટ છે? યજ્ઞાનુષ્ઠાનથી દેવતાઓ પ્રસન્ન થાય છે. તેમને સંતોષ થાય છે. દેવતા પ્રસન્ન થયા પછી તેના ભક્તોને કઈ વસ્તુની ખોટ હોય છે? આપણા ઘરમાં ષડ્સમ્પતિ નૃત્ય કરી રહી છે. લક્ષ્મી, અન્નપૂર્ણા આદિ સર્વ સિદ્ધિઓ સર્વ વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાજર કરે છે. યજ્ઞ દ્વારા દેવતાઓને પ્રસન્ન કરવા એ જ માનવજીવનનું સાર્થક્ય છે. તેથી જ મનુષ્યો સુખી થાય છે. જે મનુષ્યો પોતાને ઘેર યજ્ઞ કરતા નથી તે અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. તેઓ અનેક અણચિન્ત્વી આફતોમાં સપડાય છે. આહાર વિહારમાં મચ્યા રહેવું એ જ માત્ર માનવધર્મ નથી. દ્રવ્ય સમ્પાદન કર્યા પછી તેમાંથી કેટલોક વિભાગ દેવતાઓને અર્પણ કરવો જોઈએ. ધર્મકાર્યમાં તેનો વ્યય કરવો જોઈએ; તો જ મનુષ્યો સર્વ પ્રકારનાં સુખ ભોગવી શકે છે."

પ્રસૂતિએ કહ્યું :

"ભલે દેવ! તેવાં અનેક યજ્ઞકાર્ય કરતા રહો પરંતુ સંસાર-વ્યવહાર પ્રત્યે લક્ષ્ય રાખવું એ પણ માનવધર્મ છે. આપણી કન્યા સતી હવે મોટી થઈ છે. તે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છે. તેના લગ્ન માટે યત્ન કરવો જોઈએ. કન્યા યુવાવસ્થામાં પ્રવેશ કરે ત્યારે તેનાં લગ્ન થઈ જવાં જોઈએ.

દક્ષરાજે ઉત્તર દીધો :

"દેવી! સતીનાં લગ્ન તેની ઇચ્છા પ્રમાણે કરવાનો મેં નિશ્ચય કર્યો છે. કન્યા યોગ્ય વયે પહોંચે, સમજણી થાય ત્યારે તેને યોગ્ય પતિ પસંદ કરવા અધિકાર મળવો જોઈએ. તે તેના ભાવિ પતિના ગુણ-દોષ જાણે ત્યાર પછી તેનાં લગ્ન થાય તો તેમાં માતાપિતાને કાંઈક આનંદ થાય. પતિ પત્નિ એક બીજાના ગુણ અવગુણ જાણી લગ્ન કરે છે ત્યારે તે બન્નેને સંતોષાનંદ થાય છે. જે કન્યાનાં માતાપિતા પોતાની ઇચ્છાનુસાર પતિ સાથે તેનાં લગ્ન કરે છે ત્યારે ક્વચિત્ તેમને સુખ દુઃખના પ્રસંગ આવતાં તેના માતા પિતાને જ દોષ દે છે. માટે દેવી! સતીની ઇચ્છાનુસાર પતિ સાથે જ તેનાં લગ્ન થવાં જોઈએ. સતીને કયો પતિ પસંદ છે તે પણ આપણે જાણવું જોઈએ. યોગ્ય પતિ જણાતાં જ તેનો લગ્નસંબંધ સાંધવા હું હમેશાં તત્પર જ છું."

પ્રસૂતિએ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક દેવ! જેવી તમારી ઇચ્છા. આપણી સતી સર્વ સદ્‌ગુણ સમ્પન્ન છે. પ્રભૂ એને ઈચ્છિત પતિ મેળવી આપે એજ હું પ્રાર્થના કરૂં છું."

એટલામાં જ મધુર મનોહર વિણાના સૂર સંભળાયા. નારદજી ઈશ્વરભજન કરતા કરતા દક્ષ પ્રજાપતિના મહાલયમાં આવી પહોંચ્યા. તેમનું સંગીત સાંભળી દક્ષ પ્રજાપતિને ઘણો આનંદ થયો.

દક્ષે આદરસત્કાર કર્યો. તેમને બેસવા આસન આપ્યું. નારદજી આસન પર બિરાજ્યા.

દક્ષે કહ્યું:

"નારદજી મહારાજ! તમારાં દર્શનથી મ્હને અતિશય આનંદ થયો છે. આજે ક્યાંથી શા કારણથી પધાર્યા છો?"

નારદજીએ પ્રણામ કરી આશિર્વાદ દેતાં ઉત્તર દીધો:

"મહારાજ! હું કૈલાસમાંથી આવું છું. શંકર ભગવાનની ઇચ્છા છે કે: તમારી કન્યા સતી સાથે તેમનાં લગ્ન થાય. સતીને માટે શંકરજ યોગ્ય પતિ છે. તમારો વિચાર જણાવશો તો અતિ ઉપકાર થશે."

રાજા દક્ષે ઉત્તર દીધો:

"નારદજી! હું જાણું છું કે: શંકર યુવાન છે. વિદ્વાન છે. યોગી છે. શાસ્ત્રજ્ઞ છે. પરાક્રમી છે. તેજસ્વી છે. સર્વ સમ્પત્તિ તેમની આજ્ઞાને આધિન છે. તે સિદ્ધ મહાપુરૂષ પણ છે પરંતુ તેઓ હમેશાં વન જંગલમાં પડયા રહે છે. તેમનાં આચરણ પણ આશ્ચર્યકારક છે તેમ છતાં વિચાર કરીને ઉત્તર આપીશ."

દક્ષે તુરતજ પોતાની પત્નિ પ્રસૂતિને બોલાવી તેનો અભિપ્રાય જાણવા તેને પ્રશ્ન કર્યો:

"દેવી! નારદજી સતીના લગ્ન માટે પધાર્યા છે. કૈલાસ નિવાસી શંકર સતીને યોગ્ય પતિ જણાવે છે. તમારો જે વિચાર હોય તે જણાવો."

પ્રસૂતિએ અભિપ્રાય જણાવ્યો:

"આર્ય પુત્ર! તમે પોતેજ કહેતા હતા કે કન્યાને પસંદ હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પતિ સાથે તેનાં લગ્ન કરવાં. માટે તમે તેનો અભિપ્રાય લેશો તેજ ઉચિત થશે."

દક્ષે કહ્યું:

"દેવી! તમેજ તે કાર્ય કરો. જાઓ, સતીને નારદજીના વિચાર જણાવો અને તે જે કહે તે મ્હને જણાવો."

પ્રસૂતિ તુરત જ ત્યાંથી ઉઠી સતીની પાસે ગઈ. તેને એકાંતમાં બોલાવી કહ્યું:

"વત્સ સતી! આજે નારદ મુનિ આપણે ત્યાં પધાર્યા છે. કૈલાસથી શંકરે પોતાનાં લગ્ન ત્હારી સાથે કરવાની નારદજીને ઇચ્છા દર્શાવી છે. તેમણે ત્હારા પિતાને પણ એ હકિગત કહી છે. ત્હારા પિતા ત્હારો અભિપ્રાય ઇચ્છે છે. શંકર સર્વ પ્રકારે યોગ્ય છે છતાં તે અરણ્યમાં નિવાસ કરે છે, તેમનો સ્વભાવ જેમ ભોળો છે તેમ ક્રોધી પણ છે. ત્હારો અભિપ્રાય દર્શાવે તો નારદજીને ઉત્તર દઈ શકાય."

સતીએ કહ્યું:

"માતુશ્રી! શંકર ભગવાન આપણે ત્યાં ઘણા યજ્ઞમાં પધાર્યા છે. મ્હેં તેમનાં દર્શન કર્યાં છે. હું તેમની યોગનિષ્ઠા, બ્રહ્મવિદ્યા, અષ્ટસિદ્ધિ, સર્વ સમ્પન્નતા આદિ સદ્‌ગુણોથી પરિચિત છું. તેઓ ભોળા અને ક્રોધી છે તે પણ હું જાણું છું. તેમનો અરણ્યનિવાસ અને અલૌકિક સ્વભાવનો મ્હને પરિચય છે. એટલે મ્હારાં લગ્ન તેમની સાથે થશે તો મ્હને ઘણો આનંદ થશે. મ્હને ઘણું સુખ થશે."

પુત્રીનાં વચનો સાંભળી પ્રસૂતિને પણ આનંદ થયો. તે તુરત જ પતિ પાસે ગઈ અને સતીના વિચાર તેમને જણાવ્યા.

દક્ષે કહ્યું:

"દેવી! સતીના વિચાર સાંભળી મ્હને ઘણો આનંદ થયો છે. કન્યાની ઇચ્છા જે તે પસંદ કરે તે પતિ સાથેજ લગ્ન કરવાં મ્હને પસંદ છે. શંકરમાં સર્વ પ્રકારની યોગ્યતા છે, પરંતુ મ્હને તેમનો અરણ્યનિવાસ અને વિચિત્ર વર્તણુક પસંદ નથી. તેમ છતાં જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતીની ઇચ્છા છે, ત્યારે તે પ્રમાણે કરવું યોગ્ય છે. તે મ્હારી અતિ પ્રિય પુત્રી છે તેથી તેને નિરાશ કરવી ઉચિત નથી. નારદજી! તમે મ્હારા તરફથી બ્રહ્માજી પાસે જાઓ અને તેમની સમ્મતિ મ્હને જણાવો."

એ સાંભળી નારદજી ઘણા પ્રસન્ન થયા. તેઓ વૈકુંઠાધિપતિનું ભજન કરતાં કરતાં બ્રહ્માજી પાસે ગયા.

ત્યાં તેમણે બ્રહ્માજીની સ્તુતિ કર્યા પછી સર્વ હકિગત નિવેદન કરી. તેમણે શંકર–સતીનાં લગ્ન પ્રત્યે સમ્મત્તિ દર્શાવી. નારદજી પુનઃ રાજા દક્ષ પાસે આવ્યા. બ્રહ્માજીની સમ્મતિ જણાવી. દક્ષે કહ્યું :

" નારદજી ! બ્રહ્મદેવની સમ્મતિ પ્રાપ્ત થઈ તે જાણી મ્હને ઘણો આનંદ થયો. તમે શંકર પાસે જઈ લગ્નના શુભ સમાચાર જણાવી અને સર્વ પ્રકારની તૈયારી કરી લગ્ન માટે સત્વર આવી પહોંચો."

નારદજી અતિ પ્રસન્ન થયા. તુરત જ કૈલાસ ઉપર જઈ શંકર ભગવાનને મળ્યા અને લગ્ન માટે તૈયારી કરવા કહ્યું.

શંકર ભગવાન પોતાના સેવકો સહિત દક્ષ–પ્રજાપતિના નગરમાં ગયા. દક્ષ પ્રજાપતિએ પણ અનેક રાજા અને મહાન્ પુરૂષોને આમંત્રણ કર્યાં હતાં, તે સર્વ પધાર્યા હતા. બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતાઓ, અનેક ઋષિ મુનિ, સતીની સર્વ બ્હેનો, શંકરના સર્વ સેવકો લગ્નમાં આવ્યા હતા. નારદજી તો બન્ને પક્ષના જાનૈયા બન્યા હતા.

લગ્ન સમારંભ અતિશય ઠાઠ માઠથી ઉજવવામાં આવ્યો. સતી શંકરના પત્ની થયાં. થોડા દિવસમાં જ શંકર સાથે કૈલાસ પર્વત ઉપર શંકર આશ્રમમાં નિવાસ કરવા પધાર્યાં.

* * *

શંકર કૈલાસ ઉપર જઈ સતી સાથે આનંદ પૂર્વક દિવસો નિર્ગમન કરવા લાગ્યા, પરંતુ રાજા દક્ષને તો યજ્ઞાનુષ્ઠાનમાં જ આનંદ પ્રાપ્ત થતો હતો. તે જાણતો હતો કે યજ્ઞથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે. તેથી તે યજ્ઞ યાગાદિ કર્મમાં જ પ્રવૃત્ત થઈ રહ્યો હતો. તે અનેક મનુષ્યોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞમાં આમંત્રણ કરતો અને પોતાની અપાર સમ્પત્તિનું પ્રદર્શન કરી યજ્ઞનાં યશોગાન ગાતો, તેમજ યજ્ઞ નહિં કરનારની નિંદા પણ કરતો. શંકરનો અભિપ્રાય એવો હતો કે: "ભક્તિ દ્વારાજ ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. નિરર્થક યજ્ઞનો આડંબર કરવો યોગ્ય નથી." તેજ કારણને લીધે શંકર, જ્ઞાન, ભક્તિ, તપશ્ચર્યા આદિ કાર્યો કરવામાં પોતાનો સમય વ્યતીત કરતા હતા. તેમની સમક્ષ અનેક ઋષિઓ જ્ઞાનચર્ચા માટે આવતા અને ઈશ્વર સાક્ષાત્કાર માટે તેમની સલાહ સહાયતા લેતા.

દક્ષ અને શંકર બન્નેના માર્ગ ભિન્ન ભિન્ન હતા. બન્નેનું ધ્યેય તો ઈશ્વર પ્રાપ્તિ એજ એક હતું. શંકરનો અભિપ્રાય જાણ્યા પછી દક્ષ પોતાના જમાતૃ શંકર ઉપર જોઈએ તેવો પ્રેમ રાખતો નહિ. એટલુંજ નહિ પણ ધીમે ધીમે શંકર પ્રત્યે તેનો પ્રેમ ઓછો થતો ગયો. માત્ર પોતાની પ્રિય કન્યાના મનને અસંતોષ ના થાય તેજ કારણથી દક્ષે તેનાં લગ્ન શંકર સાથે કર્યાં હતાં. સતીને તો અતિશય આનંદ થયો હતો પરંતુ દક્ષને તો અસંતોષ જ થયો હતો.

પરસ્પર વિરૂદ્ધ વિચારને લીધે શંકર અને દક્ષ વચ્ચે અભાવ, અસંતોષ વૃદ્ધિ પામ્યો હતો. દક્ષ મનમાં એમ પણ વિચારતો કે શંકર સાથે સતીનાં લગ્ન કરવામાં મ્હેં મ્હોટી ભૂલ કરી છે. સર્વ કન્યાઓમાં સતી દક્ષને ઘણી પ્રિય હતી, તેમ છતાં હવે દક્ષને તેના ઉપર પહેલાંના જેવો પ્રેમ રહ્યો ન હતો. લગ્ન થયા પછી ઘણા દિવસ પર્યંત દક્ષે સતીને પોતાને ઘેર બોલાવી ન હતી, તેમજ તેના સુખ સમાચાર જાણવાની દરકાર પણ રાખી ન હતી. પોતાના આગ્રહને વળગી રહેનાર મનુષ્ય સ્વ કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે. પિતા પોતાની પૂજ્ય કન્યા પ્રત્યેનો પ્રેમ પણ ભૂલી જાય છે એ દક્ષના દૃષ્ટાંતથી સ્પષ્ટ જણાઈ આવે છે.

જ્યાં જ્યાં યજ્ઞ કાર્ય થતું ત્યાં રાજા દક્ષ મુખ્ય આગેવાન થતો. યજ્ઞમાં મુખ્ય આગેવાન થનારને તે સમયે પ્રજાપતિનું ઉપનામ પ્રાપ્ત હતું, પણ યજ્ઞમાં આગેવાન થતો હોવાથી એક વખત બ્રહ્મદેવે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ્હોટો યજ્ઞ સમારંભ કર્યો, તે વખત દક્ષને પ્રજાપતિ સમ્પ્રદાયનો અધ્યક્ષ બનાવ્યો. સર્વે આગેવાનોએ તેનું સવિશેષ સન્માન કર્યું, હવે દક્ષ "યજ્ઞકર્મનો રાજા" થયો એમ કહેવું અતિશયોક્તિ ભરેલું નથી. તેને પણ હવેથી સર્વ પ્રજાપતિ કહેવા લાગ્યાં.

દક્ષને પ્રજાપતિનું બહુ માન પ્રાપ્ત થયું તેથી તેના મનમાં વિશેષ ગર્વ ઉત્પન્ન થયો, તેને કંઈક અહંકાર પણ થયો. તેણે વિચાર્યું કે: "હવે મ્હને ઉચ્ચ પદવિ પ્રાપ્ત થઈ છે તેથી સર્વેએ મ્હને વિશેષ માન આપવું જોઈએ. સર્વેએ મ્હારી આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ. હું જ્યારે યજ્ઞમંડપમાં પગ મુકું ત્યારે સર્વેએ ઉભા થઈ મ્હને માન આપવું જોઈએ. સર્વેએ મ્હારો આદર–સત્કાર કરવો જોઈએ, અને સર્વેએ મ્હારી શ્રેષ્ઠતા સ્વીકારવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫

દક્ષનું અપમાન.

દક્ષને તો યજ્ઞ સમારંભના સમાચાર સાંભળતાં ઘણો આનંદ થતો હતો. એક સમયે નૈમિષારણ્યમાં પ્રજાપતિએ મ્હોટો યજ્ઞ સમારંભ કર્યો હતો. યજ્ઞમાં મ્હોટા મ્હોટા ઋષિમુનિ અને મ્હોટા મ્હોટા શ્રીમંત નાગરિકને આમંત્રણ મોકલ્યાં હતાં. પ્રજાપતિના મુખ્ય અધિપતિ દક્ષને પણ આમંત્રણ થયું હતું.

યજ્ઞાનુષ્ઠાન માટે નૈમિષારણ્યના એક વિશાળ ખુલ્લા સ્થાનમાં વિસ્તીર્ણ યજ્ઞમંડપ બાંધવામાં આવ્યો હતો. યજ્ઞમંડપની નજીક એક સરિતા વહન થતી હતી. મંડપની એક દિશામાં અનેક સુંદર વૃક્ષારોપણ કરવાથી ત્યાં વૃક્ષનો સાગર જ પ્રસર્યો હોય એવું સુંદર જણાતું હતું. મંડપમાં સર્વત્ર વ્યાઘ્ર ચર્માસન, મૃગ ચર્માસન, અને દર્ભાસનો ગોઠવેલાં હતાં અને કેટલાંક ઉચ્ચ આસનો પણ બનાવ્યાં હતાં. યજ્ઞનારાયણને પ્રસન્ન કરવા માટે યજ્ઞમંડપમાં ઉત્તમ પ્રકારનાં ઘી, ગુગળ, તલ, જવ વગેરે દ્રવ્યોના ઢગલે ઢગલા ખડકાઈ રહ્યા હતા. સર્વ વ્યવસ્થા ઋષિ મુનિને શોભે એવી સાદી, સ્વચ્છ અને પદ્ધતિસર થઈ હતી.

યજ્ઞમાં આમંત્રણ કરેલા બ્રહ્મા, શંકર, ઇન્દ્ર, વરૂણ, અગ્નિ આદિ દેવતાઓ પોતાના સેવક અને શિષ્ય વર્ગ સહિત પધાર્યા હતા. વશિષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी

ભૃગુ વગેરે ઋષિઓ પોતાના શિષ્ય સહિત આવી પહોંચ્યા હતા. આસપાસના નગરજનો પણ યજ્ઞનારાયણનાં અને ઋષિ મુનિયોનાં દર્શનાર્થ મંડપમાં બેઠા હતા. ધર્મપરાયણ અને ભક્તિમાર્ગે વળેલી કેટલીક સ્ત્રીઓ પણ મંડપમાં બેઠેલી જણાતી હતી. યજ્ઞમંડપના એક વિભાગમાં દેવતાઓ, બીજા વિભાગમાં ઋષિમુનિ અને સંત મહંત, ત્રીજા વિભાગમાં નાગરિકજન અને ચોથા વિભાગમાં સ્ત્રીઓનાં દર્શન થતાં હતાં. બ્રહ્મદેવ અને શંકર બન્ને ઉચ્ચ આસન પર બિરાજ્યા હતા. અન્ય સર્વને માટે પૃથ્વી ઉપર આસનો રાખેલાં હોવાથી તેઓ ત્યાં બેઠા હતા.

મંડપની અંદર અને બહાર સુમધુર વાદ્યના મનોહર સ્વર વાગી રહ્યા હતા. પ્રજાપતિ યજ્ઞમંડપના દ્વાર પાસે ઉભા રહી, યજ્ઞમાં પધારનાર મહા પુરૂષોનો આદર સત્કાર કરતા તેમને યોગ્ય સ્થાને બેસાડતા હતા. એટલામાં રાજા દક્ષ પોતાના સેવકો સહિત ત્યાં આવી પહોંચ્યો. એ સમયે બ્રહ્મા અને શંકર સિવાય સર્વ સભાજનો પોતાના આસન ઉપરથી ઉભા થઈ તેને નમન કરવા લાગ્યા. ઇન્દ્ર આસન ઉપરથી ઉભા થયા. અગ્નિ ઉભા થયા, વરૂણ ઉભા થયા, સર્વ ઋષિમુનિ પણ ઉભા થયા અને દક્ષનો આદરસત્કાર કરવા લાગ્યા. સર્વ સભાસદોએ દક્ષનો અપૂર્વ સત્કાર કર્યો. પોતાના પિતા બ્રહ્મદેવને પ્રણામ કર્યા પછી દક્ષ પોતાના આસન પર બેઠો.

આ પ્રમાણે સર્વ સભાજનોએ દક્ષનો સત્કાર કર્યો પરંતુ શંકર પોતાના સ્થાન ઉપરથી ઉઠ્યા નહિં, એ જોઈ દક્ષને અતિશય ક્રોધ ઉપજ્યો. દક્ષને પ્રથમથી જ શંકર પ્રત્યે ક્રોધ હતો, અને તેમાં વળી શંકરે આસન ઉપરથી ઉભા થઈ તેનો સત્કાર ન કર્યો, તેથી દક્ષને વિશેષ ક્રોધ થયો. દક્ષે ક્રોધ ભરિત મુખમુદ્રા વડે જોઈ કહ્યું: "સર્વ પૂજનીય દેવતાઓ અને ઋષિમુનિઓ! આ સ્થળે સર્વ પૂજનીય અને વિદ્વત્ સભાજનો બિરાજ્યા છે. એક બીજા સાથે કેવી રીતે વર્તવું તે મ્હારે તમને શિખવવું પડે છે. હું અહંકાર પૂર્વક કહું છું એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજશો નહિ, હું મંડપમાં આવ્યો તે વખત સર્વ સભાજનોએ, દેવતાઓએ, ઋષિમુનિઓએ ઉભા થઈ મ્હારો સત્કાર કર્યો પરંતુ એક માત્ર શંકર પોતાના આસન ઉપર બેસી રહ્યા છે, તેમણે મ્હારૂં જ નહિં પણ ઇન્દ્રાદિ સર્વ દેવતાઓનું અપમાન કર્યું છે, એમ હું માનું છું. શંકરના વર્તનથી અહિં પધારેલા સર્વ સજ્જનોનું પણ અપમાન થયું છે એટલું જ નહિ, પણ તે સજ્જનતાને દૂષણ લગાડે એવી મ્હારી માન્યતા છે."

"સર્વ સભાજનો! મ્હેં મ્હારી કન્યા શંકરને અર્પણ કરેલી હોવાથી તે મ્હારા પૂજ્ય જમાતૃ છે. તે મ્હારા પુત્ર સમાન છે અને હું તેમનો પિતા સમાન હોવાથી તેમણે મ્હારો સત્કાર કરવો જોઈએ. હું એટલું પણ કહી શકું છું કે શંકર મ્હારા શિષ્ય છે, હું એમની સાથે મ્હારી કન્યા સતીનાં લગ્ન કરવા ખુશી ન હતો, પરંતુ બ્રહ્માદિ પૂજ્ય દેવતાઓની સલાહથી મ્હેં તેમને મ્હારી પુત્રી અર્પણ કરી છે. શંકર કોઈ દિવસ યજ્ઞ યાગાદિ સત્કર્મ કરતા નથી. પોતાના જ્ઞાનથી ગર્વિષ્ટ થયા છે. તેઓ સ્મશાન જોતા નથી. વન જંગલ જોતા નથી, તે તો ગમે ત્યાં ભ્રમણ કરે છે, અને તદ્દન અસભ્ય છે. ક્ષુદ્ર વિચારના છે, ભવિષ્યના કોઈ પણ યજ્ઞમાં તેમને આમંત્રણ આપવું કે સન્માન કરવું યોગ્ય નથી, જે મનુષ્ય આપણા યજ્ઞાનુષ્ઠાનની નિંદા કરતો હોય તેને આમંત્રણ અને માન એ બન્ને નિષિદ્ધ છે."

ક્રોધાવેશમાં દક્ષ જેમ આવે તેમ બોલ્યે જતો હતો. કેટલાક સભ્ય અને વિવેકી સભાજનોએ તેને બોલતાં અટકાવવા પ્રયત્ન કર્યો પરંતુ તેથી દક્ષ વિશેષ ક્રોધે ભરાયો અને બોલ્યો કેઃ "તમે શંકરનો પક્ષ લઈ મ્હને બોલતાં અટકાવો છો, પરંતુ યાદ રાખજો કે તમારા એવાં દુષ્ટ વર્તનથી હું ભય પામીશ નહિ. હું તમારા યજ્ઞનો બહિષ્કાર કરૂં છું અને ચાલ્યો જાઉં છું."

ક્રોધાગ્નિથી થરથર કમ્પતો, અને રક્ત નેત્ર વડે સર્વત્ર દ્રષ્ટિપાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો દક્ષ પોતાના સેવકો સહિત યજ્ઞમંડપમાંથી ચાલતો થયો. તે મનમાં જ બબડવા લાગ્યો: "શંકર! તમને જોઈ લઈશ, શું મારૂં અપમાન? હું કોણ તે તમને ખબર નથી? સર્વ દેવતાઓ મને માન આપે અને તમેજ મારૂં અપમાન કરો છો? એ અપમાન હું કદી પણ ભૂલીશ નહિ! શંકર! શંકર! યાદ રાખજો! મારૂં અપમાન હું ભૂલીશ નહિ!"

દક્ષે ક્રોધાવેશમાં ગમે તેવા અપમાન જનક શબ્દોચ્ચાર કર્યા પરંતુ શંકર શાંતચિતે બેઠાબેઠા તે સાંભળતા હતા પરંતુ તેમના એકનિષ્ઠ સેવક નંદિકેશ્વરને અતિશય ક્રોધ ઉપજ્યો, તેણે કહ્યું:

"સભાજનો! ભગવાન શંકર કોઈનો દ્વેષ કરતા નથી, તેઓ કોઈ ઉપર ક્રોધ કરતા નથી. તેઓ કોઈ સાથે તકરાર પણ કરતા નથી. શાંતિ એજ તેમનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેઓ તદ્દન શાંત છે, એમ હોવા છતાં દક્ષ શંકરનું અપમાન કરી પોતાને શ્રેષ્ઠ સમજે છે પરંતુ તેને તેનું પ્રાયશ્ચિત યોગ્ય સમયે મળશે. દક્ષ, યજ્ઞ યાગાદિક કાર્યનો નિષ્ફળ પ્રચાર કરે છે. જ્ઞાન માર્ગનો પ્રચાર કરનાર શંકરને દોષ દે છે. એ દક્ષને ધિક્કાર છે, તે કેવળ એકજ માર્ગે વળ્યો છે. તેણે મૂર્ખે જ્ઞાન માર્ગનું કંઈ પણ શિક્ષણ પ્રાપ્ત કર્યું નથી. તેણે શંકર ભગવાન પાસે શિષ્ય વૃત્તિ ધારણ કરી જ્ઞાનમાર્ગનું શિક્ષણ પ્રાપ્ત કરવું જોઈએ. જ્ઞાનમાર્ગમાં યજ્ઞ યાગાદિકની આવશ્યકતા રહેતી નથી. જ્ઞાનથી જ મુક્તિ મળે છે એ જો જાણવાની ઇચ્છા હોય તો શંકર ભગવાનનાં ચરણની સેવા કરવી જોઈએ."

તે પછી બ્રાહ્મણોને ઉદ્દેશી નંદિકેશ્વરે કહ્યું:

"તમે શાંત ચિત્તે શંકર ભગવાનની નિંદા સાંભળ્યા કરી એ સારૂં કર્યું નહિ. તમે કેવળ ઉદર પોષણને માટે જ વિદ્યાધ્યયન, તપશ્ચર્યા અને વ્રત કરતા આમ તેમ ભટકતા ફરશો, તમે દરિદ્રી રહેશો. માતા લક્ષ્મી તમારો ત્યાગ કરશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદિકેશ્વરનું કથન સાંભળી ભૃગુ ઋષિ બોલ્યા કેઃ—"શંકરનો ભક્ત નંદિકેશ્વર દક્ષનો ક્રોધ નિરર્થક અમારા ઉપર કાઢે છે. આશ્રમ અને આચરણની મર્યાદા ઠરાવનાર વેદની આજ્ઞા પ્રમાણે અમે વર્તીએ છીએ, તેમ છતાં તમે અમારી નિંદા કરો તો તેથી તમે શિવગણો પાખંડી છો. ધર્મનિંદક છો."

દક્ષ, નંદિકેશ્વર અને ભૃગુ ઋષિના વાદ વિવાદથી સર્વ સભાજનો અસ્વસ્થ થયા. સર્વે ભયચકિત થયા, તેઓ સર્વ શંકરના મુખ સામે જોવા લાગ્યા. શંકરનો અભિપ્રાય જાણવાની ઇચ્છાથી તેઓ એકચિત્ત થઈ બેઠા.

નંદિકેશ્વરે સર્વ બ્રાહ્મણોને અને ભૃગુ ઋષિએ સર્વ શિવગણોને દોષ દીધો હતો પરંતુ શંકરને તો બન્નેનાં વચનો સાંભળી ઘણું કષ્ટ થયું હતું, તેમણે શાંત મુખમુદ્રા ધારણ કરી કહ્યું:

"ભૃગુ ઋષિ! તમારા જેવો જ્ઞાની વિદ્વાન મહાપુરૂષ મ્હારા સર્વ ગણોની નિંદા કરે એ યોગ્ય નથી. નંદિકેશ્વર! ત્હેં સર્વ બ્રાહ્મણોને દોષ દીધો એ પણ ઠીક કર્યું નહિ. ક્રોધના આવેશમાં કોઈ પણ કાર્ય કરવું ઉચિત નથી. પ્રત્યેક સમાજમાં થોડાં મનુષ્યો અવિચારી, ક્રોધી વગેરે અવગુણવાળાં હોય છેજ, તેથી સર્વને દોષ દેવો યોગ્ય નથી. પ્રત્યેક શબ્દોચ્ચાર કરતી વખતે મનુષ્યે વિચાર કરવો જોઈએ."

એટલું કહી શંકર પોતાના ગણો સહિત ત્યાંથી ઉઠી ચાલતા થયા.

પ્રજાપતિના યજ્ઞ અનુષ્ઠાનમાં વિઘ્ન ઉપસ્થિત થયેલું જોઈ સર્વ સભાસદોને ઘણું દુઃખ થયું, પરંતુ પ્રજાપતિએ યજ્ઞકાર્ય પરિપૂર્ણ કર્યું.

સર્વ સાધુ સંત, ઋષિ મુનિ અને દર્શકવૃંદ પોત પોતાને સ્થાને ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

ગૃહસ્થાશ્રમી સતી.

પ્રાતઃકાલનો સમય હતો. સુખદ વસંતની શરૂવાત થવાની તૈયારી હતી. પૂર્વ દિશામાં ચંપાના પુષ્પ જેવી સુવર્ણમય રંગની છાયા જણાવા લાગી. પક્ષીઓ કયારનાંયે પોતાના માળામાંથી નિકળી વૃક્ષની ડાળો પર ઝૂલતાં કિલકિલાટ કરી રહ્યાં હતાં. શીતળમંદ વાયુદેવતા સુમિષ્ટ લહરીઓ વડે જીવ માત્રને આલ્હાદ આપી રહ્યા હતા. સૃષ્ટિના સર્વ જીવો પ્રસન્ન અને આનંદી જણાતા હતા. એવા રમણીય પ્રાતઃકાલને સમયે સતી પોતાનું ગૃહકાર્ય કરી રહી હતી.

કૈલાસ પર્વતના એક રમણીય સ્થાનમાં શંકરનો મનોહર આશ્રમ બન્યો હતો. આશ્રમની નજીક નંદા નામક સરિતા ખલખલ નાદ કરતી વહન થઈ રહી હતી. આશ્રમની આસપાસનું સૃષ્ટિ સૌંદર્ય માનવ મનને આનંદ આપતું હતું. શંકરના આશ્રમની નજીક કેટલાક ઋષિ મુનિયોનાં આશ્રમ હતા ત્યાં કેટલાક ઋષિ પોતાના પત્નિ અને શિષ્યો સાથે નિવાસ કરતા હતા. ઋષિ પત્નિઓ સાથે સતીનો સ્નેહસંબંધ બંધાયો હતો. તેમના સહવાસ–સમાગમથી સતીનો સમય આનંદમાં વ્યતીત થતો હતો.

સતીને રહેવા માટે એક સાદી પર્ણકુટી બનાવી હતી. ઉચ્ચ પ્રકારના વસ્ત્રોને બદલે હમણાં તેમને સાદાં વસ્ત્રો કિંવા વલ્કલો ધારણ કરવાં પડતાં હતાં. સુવર્ણ કે રત્નોના અલંકાર તો આ સ્થળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા જ નહિ. વન-પુષ્પની માળાઓ એજ સતીના અલંકારો હતા. સતીને ગૃહકાર્ય તો કંઈ કરવાનું હતુંજ નહિ તેમ છતાં તે ઘણું જ કામ કરતી હતી, કારણકે શંકર પાસે સેવકોની ખોટ ન હતી. હમણાં તેને જળનાં ઝરણ અને પાષાણના માર્ગે ફરવા હરવાનું હતું. દક્ષ રાજા જેવા પિતાને ઘેર સુંદર પલંગ, કોચ-હિંચકા જેવાં અનેક સાધનો બેસવા ઉઠવા માટે હતાં, પરંતુ આ સ્થળે ! અહિં તો સતીને શિલાખંડ, વ્યાઘ્ર ચર્માસન, મૃગ ચર્માસન અને દર્ભાસન ઉપર બેસવાનું હતું. પિતાને ઘેર જમવાની રસોઈ તૈયાર કરવી પડતી. અહીં તો પુષ્કળ કંદમૂળ અને ફળ મળતાં હતાં. સતી તે સર્વને મિષ્ટાન્ન માની આનંદ ઉત્સાહમાં પતિ સાથે નિવાસ કરતી હતી.

નંદિકેશ્વર ઉપર બેસી શંકરની સ્વારી આશ્રમ તરફ આવતી હતી. એ જોઈ સતી તેમની નજીક ગઈ પછી શંકર અને સતી બન્ને આશ્રમમાં ગયાં.

સતીએ પતિદેવને પ્રશ્ન કર્યોઃ

" પ્રભો ! શું નૈમિષારણ્યમાં પ્રજાપતિનો યજ્ઞ નિર્વિઘ્ને સત્વર પૂર્ણ થયો ? "

શંકરે ઉત્તર દીધોઃ

" ના, પૂર્ણ થયો નથી પરંતુ તેમાં ઉપસ્થિત થયેલું વિઘ્ન ટળી ગયું."

સતીએ પૂછ્યુંઃ

" યજ્ઞમાં એવું કયું વિઘ્ન હતું ? "

" શંકરે કહ્યુંઃ "

" તમારા પિતા યજ્ઞમંડપમાં આવ્યા ત્યારે મ્હેં ઉભા થઈને તેમનું સન્માન ન કર્યું તેથી તે ક્રોધે ભરાઈ જેમ ઇચ્છામાં આવે તેમ બોલવા લાગ્યા પરંતુ હું કંઈ પણ બોલ્યો નહિ."

સતીએ પુનઃ પ્રશ્ન કર્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પરંતુ પિતાને આટલો બધો ક્રોધ કરવાનું શું કારણ હતું ?"

શંકરે કહ્યું:

"કોણ જાણે દેવી! હમણાં તેમની મનોવૃત્તિ આપણે માટે કંઈક વિચિત્ર થયલી જણાય છે તેની તમને ખબર નથી. આપણે દરિદ્રી છીએ. સર્વ શ્રીમંત ગૃહસ્થો દરિદ્ર મનુષ્યનું અપમાન કરે છે, તમે મ્હારી સાથે લગ્ન કર્યાં તેથી તેઓ આપણા ઉપર ક્રોધે ભરાયા છે. તમે પિયરનો ત્યાગ કર્યો એ તમારા સ્વાર્થ ત્યાગને ધન્ય છે! સતી! ખરેખર તમને ધન્ય છે!"

સતીએ પૂછ્યું:

"હું મ્હારે માટે પૂછતી નથી. પિતાજીને ક્રોધ કરવાનું કારણ શું છે તે મ્હને કહો."

શંકરે શાંતિથી ઉત્તર દીધો:

"કારણ માત્ર એજ કે: હું તેમની પેઠે યજ્ઞ યાગ કરતો નથી, તેથી જ તેઓ આપણા ઉપર ક્રોધ કરે છે. તેમના સ્હામે જવું, અને નમસ્કાર કરવો ઇત્યાદિ પરસ્પરના સત્કારની વિધિ છે. તે વિધિની સાચી યોગ્યતા વિદ્વાનો સમજી શકે છે. મિથ્યાભિમાની અને ગર્વિષ્ટ મનુષ્યોનો એ પ્રમાણે સત્કાર કરવો વિદ્વાનો પસંદ કરતા નથી."

શંકરના એ શબ્દો સાંભળી સત્યાસત્ય સંબંધી સતીના મનમાં આઘાત પ્રત્યાઘાત થવા લાગ્યો.

થોડી વાર પછી સતી પોતાનાં ગૃહકાર્યમાં ગુંથાઈ. સતીએ પોતાના આશ્રમની આસપાસ એક ન્હાનો બગિચો બનાવ્યો હતો. તેમાં પુષ્પનાં વૃક્ષ તુલસી, દુર્વા, બીલી, કેટલાક પ્રકારની ભાજી અને ફળનાં વૃક્ષ ઉગ્યાં હતાં, તેથી દેવપૂજન માટે ફુલોની અને ગૃહકાર્ય માટે ફળ અને ભાજીની સગવડ થઈ હતી.

સતી પ્રાતઃકાલમાં જાગૃત થઈ આશ્રમમાં સર્વત્ર સાફ સુફ કરતી. ત્યાં જૂદા જૂદા રંગનાં પુષ્પો ગોઠવી રાંગોળીઓ કાઢતી, ત્યાર પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમની આસપાસનાં વૃક્ષો ઉપરથી પુષ્પો ચુંટી લાવતી અને શંકરના જપ અને પૂજન માટે સર્વ પ્રકારની તૈયારી કરી રાખતી. શંકરને બેસવા માટે વ્યાઘ્રાંબર, શરીરે ધારણ કરવાની વિભૂતિ, પગે પહેરવાની પાવડીઓ, જપ કરવાની માળા વગેરે વસ્તુઓ નિયમિત સ્થળે ગોઠવી દેતી. મધ્યાહ્ન સમયે શંકરના ગણો અરણ્યમાંથી કંદફળ વગેરે લાવી આપતા તેની સર્વ વ્યવસ્થાનું કાર્ય સતીને કરવું પડતું.

આશ્રમમાં કોઈ મહેમાન આવે તો તેનો આદરસત્કાર કરવાનું કાર્ય સતી કરતી. શાસ્ત્ર ચર્ચા કરવામાં અને ઋષિપત્નિઓ સાથે વાર્તાલાપ કરવામાં સતીનો કેટલોક સમય વ્યતીત થતો.

શંકરના ગણો સતી પ્રત્યે અપૂર્વ માન દર્શાવતા, તેજ પ્રમાણે સતી પણ તેમના પ્રત્યે અતિશય પ્રેમભાવ રાખતી.

શંકર અને સતી એ બન્ને વચ્ચે અતિશય પ્રેમભાવ હતો. તેઓ પરસ્પર એક બીજાને અંતઃકરણ પૂર્વક ચ્હાતાં હોવાથી તેમના દિવસો આનંદમાં નિર્ગમન થતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭

સતીની ઇચ્છા.

ગંધમાદન પર્વત ! નગાધિરાજ હિમાલયનો એક ન્હાનો પુત્ર ! ત્યાંની અપૂર્વ શોભાનું વર્ણન શી રીતે થઈ શકે ! બરફથી આચ્છાદિત થયલા શિખર ઉપર સૂર્યનાં કિરણો પડતાં તે જાણે એકાદ દેવળ ઉપર ગોઠવેલા રૂપેરી કળશ પ્રમાણે ચળકતું હતું. સ્ફટિક જેવા સ્વચ્છ પાણીના ઝરણ શિખર ઉપરથી છલંગો મારી નીચે પડતાં ઘો ઘો શબ્દનાદ કરતાં વહન થઈ રહ્યાં હતાં. લીલાંકચ વૃક્ષો અને સુંદર પુષ્પોવાળી વેલીયો વડે સર્વ પૃથ્વી પ્રદેશ સુશોભિત થઈ રહ્યો હતો. સ્થળે સ્થળે જૂદાજૂદા રંગના પત્થરો પથરાયલા હતા.

એવા મનોહર સ્થાનમાં સતી પોતાની એક બ્હેનપણી સહિત સૃષ્ટિ શોભા નિહાળવા આવી હતી. તે બન્ને સૃષ્ટિ સૌંદર્ય જોતી જોતી આમ તેમ વિચરણ કરતી હતી.

* * *

આ સ્થાનમાં જ એક શિલાખંડ ઉપર ચંદ્ર અને રોહિણી એસી વાર્તાલાપ કરી રહ્યાં હતાં.

રોહિણીએ કહ્યું:

"આ સ્થળનું સૃષ્ટિસૌંદર્ય અનુપમ છે ખરૂં ? આ સ્થળ નંદનવનને પણ લજાવે એવું મ્હને જણાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રે કહ્યું:

"હા, તેથી જ આપણે આ સ્થળે થોડી વિશ્રાંતિ લેવા આવ્યાં છીએ."

રોહિણીએ કહ્યું:

"દક્ષને ત્યાં યજ્ઞમાં અનેક મનુષ્યો આવશે ખરૂં?"

ચંદ્રે ઉત્તર દીધો:

"દક્ષને યજ્ઞનું ગાંડપણ જ જાણે લાગ્યું હોય એમ જણાય છે. એક પછી એક યજ્ઞ કર્યાં જ જાય છે. આ વખતનો યજ્ઞ તો પૂર્વે કોઈ વખત થયો નહિં હોય એવો થશે. न भूतो न भविष्यति । આ યજ્ઞમાં હજારો સ્થળેથી મનુષ્યો આવશે."

રોહિણી બોલી:

"સ્ત્રીઓ પણ વિશેષ આવશે ખરૂં? મ્હારી ઓળખાણવાળી ઘણી બ્હેનપણીઓનો મેળાપ થશે."

ચંદ્રે ઉત્તર દીધો:

"હા, રાજા દક્ષ અનેક સ્ત્રીઓને વસ્ત્ર અને અલંકાર આપી તેમના પતિ સહિત તેમનું યોગ્ય રીતે પૂજન કરવાના છે."

રોહિણીએ કહ્યું:

"આ સ્થળનું સૌંદર્ય જોઈ મનને ઘણો સંતોષ થયો છે પરંતુ હવે આપણે અહીંથી નિકળવું જોઈએ નહિ તો આપણને મોડું થશે અને યજ્ઞ પણ શરૂ થઇ જશે."

ચંદ્ર બોલ્યો:

"ચાલો આપણે યજ્ઞ તરફ જઈએ."

* * *

સતી પોતાના પતિ સાથે આ સ્થાનમાં જ વિચરતી હતી. તેને કાને રોહિણીના જેવો જ શબ્દ સંભળાયો કે: "યજ્ઞ શરૂ થશે." તુરત જ સતીએ એક બ્હેનપણીને મોકલી તપાસ કરાવી. તેની બ્હેન-પણી રોહિણીને સાથે લઈને જ સતી સમક્ષ આવી પહોંચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોહિણીએ કહ્યું :

" અમે દક્ષના યજ્ઞમાં જઈએ છીએ. તમે તેનાં પુત્રી. તમારા પિયરમાં જ યજ્ઞ મહોત્સવ થાય છે. તમે હજી સુધી યજ્ઞમાં કેમ ગયાં નથી ? ચાલો, તમે આવતાં હો તો આપણે બધાં સાથે જઈએ. "

સતીએ ઉત્તર દીધો :

" તમે આગળ જાઓ. હું પાછળથી આવું છું. "

રોહિણી ત્યાંથી ચાલી ગઈ અને ચંદ્ર સાથે યજ્ઞ સમારંભમાં જવા માટે બન્નેએ પ્રયાણ કર્યું.

સતીએ જોયું કે : દશે દિશામાંથી દેવ અને ગંધર્વોની સ્ત્રીઓ બહુ મૂલ્યવાન વસ્ત્ર અને સુવર્ણ અલંકારો ધારણ કરી પોતાના પતિ સહિત વિમાનમાં બેસી યજ્ઞમાં જઈ રહ્યાં છે.

સતીના મનમાં અનેક વિચારો ઘોળાયા કરતા હતા. તેણે વિચાર્યું કે : " મ્હારે પિયર યજ્ઞ હોવાથી મ્હને જ આમંત્રણ નથી. અન્ય મનુષ્યોને આમંત્રણ હોવાથી તેઓ યજ્ઞમાં જઈ રહ્યાં છે. મ્હને પિતાજીએ શા માટે આમંત્રણ કર્યું નહિં ? મ્હને આમંત્રણ કરવાનું તેઓ શા માટે ભૂલી ગયા ? મ્હને જાણી જોઈને તો આમંત્રણ મોકલ્યું નહિં હોય ? મ્હેં મ્હારા પિતાનો એવો શો મ્હોટો અપરાધ કર્યો છે ? "

આ પ્રમાણે અનેક પ્રશ્નો સતીના મનમાં ઉદ્ભવ્યા. અંતે વિચાર આવ્યો કે : " પિતાજીએ મ્હને જાણી જોઈને આમંત્રણ મોકલ્યું નથી. તેમને મ્હારા પતિ શંકર ઉપર દ્વેષ છે તે વૃદ્ધિ પામ્યો હોય એમ સમજાય છે. "

" પિતાજીએ આમંત્રણ મોકલ્યું નથી તેમ છતાં મ્હારે ત્યાં જવું જોઇએ. પિયર જવું હોય ત્યાં વળી આમંત્રણની શી જરૂર ? "

એવા અનેક વિચારની માળા તેના મનમાં ફરવા લાગી.

લગ્ન થયા પછી તે પિયેર ગઈ નહોતી તેથી તેણે વિચાર કર્યો કે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પિયર જઇ માતુશ્રીનાં દર્શન કરવાં. બ્હેનો સાથે વાર્તાલાપ કરવો. પિતાજીએ અમને કેમ આમંત્રણ મોકલ્યું નહિ તે પૂછવું. યજ્ઞમાં સંગાં સ્નેહીઓ આવ્યાં હશે તેની સાથે હાસ્યવિનોદ કરવો."

આવા વિચારો કરતાં સતીને યજ્ઞમાં જવાની ઉત્કંઠા થઇ પરંતુ પતિદેવ શંકર યજ્ઞમાં જવાની રજા આપશે ખરા? ના, રજા મળશે નહિ. એમ પણ મનમાં નિશ્ચય થયો.

સતીના મનનો આનંદ ક્યાંનો ક્યાં અસ્ત થઇ ગયો! તે અતિશય ઉદાસ થઇ ગઈ! તેની બ્હેનપણીએ કહ્યું:

"ચાલો, હવે આપણે આશ્રમમાં જઈએ. આપણે અહીં આવ્યા પછી યજ્ઞનું આમંત્રણ આવ્યું હશે."

સતીએ કહ્યું:

"હા, ત્હારૂં કહેવું સત્ય છે. મ્હારા મનમાં તો વિચારનો વંટોળીયો ચઢ્યો છે. ચાલો, આશ્રમમાં જઈએ. ત્યાં ગયા પછી વિચારો શાંત થશે. આપણે એક નિશ્ચય કરીશું."

સતી અને તેની બ્હેનપણી બન્ને આશ્રમ તરફ પાછાં વળ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮

યજ્ઞમાં જવું કે ?

કૈલાસ પર્વત ઉપર શંકરનો આશ્રમ. શંકર એક વ્યાઘ્રાસન પર બેઠા હતા. નંદિકેશ્વર, શૃંગી અને ભૃંગી સેવકો પોત પોતાના કામમાં ગુંથાયા હતા. નંદા નદી ખળખળ શબ્દનાદ કરતી વહન થઈ રહી હતી. સતી અને તેની બ્હેનપણી બન્ને આશ્રમમાં આવ્યાં.

સતીએ શંકરને પ્રશ્ન કર્યો :

" પિતાજી તરફથી કોઈ દૂત આવ્યો છે કે ?"

શંકરે ઉત્તર દીધો ;

" ના, તેમને ત્યાં એક મોટો યજ્ઞ થાય છે. ત્યાં અનેક મનુષ્યો જાય છે, એવું મ્હેં હમણાં જ સાંભળ્યું."

સતીએ પૂછ્યું :

" ત્યારે પિતાજીએ આપણને કેમ આમંત્રણ નહિં મોકલ્યું હોય ?"

શંકરે કહ્યું :

" સતી ! તેમનો આપણા પર કેટલો પ્રેમ છે તે તો તમે જાણો છો. તેમનો મ્હારા પ્રત્યે દ્વેષ છે એ પણ તમે જાણો છો પછી તમે આમંત્રણની કેમ આશા રાખો છો ?"

સતી બોલ્યાં :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભગવન્! આપણને આમંત્રણ ન મોકલ્યું તો પણ ત્યાં શા માટે ન જવું? આપણે બન્ને યજ્ઞમાં જઈએ. યજ્ઞ માટે મ્હારી સર્વ બ્હેનો પોતાના પતિ સહિત ત્યાં આવી હશે તે પ્રમાણે આપણે પણ જઈએ. મ્હારાં માતાપિતા આપણને જે ભેટ આપે તે આપણે બન્નેએ સ્વીકારવી એવી મ્હારી ઇચ્છા છે."

શંકરે કહ્યું :

"નૈમિષ્યારણ્યના યજ્ઞમાં દક્ષ દ્વારા મ્હને જે ભેટ મળી છે તે તમે ભૂલી ગયાં હોય એમ જણાય છે. તે સમયે મ્હને યોગ્ય ભેટ મળી ગઈ છે. હવે માત્ર તમને જ ભેટ મળવાની બાકી છે!"

સતીએ જરા ખિન્ન ચ્હેરે કહ્યું :

"એમ કેમ વારૂં? પિયર ગયે ઘણા દિવસ થઈ ગયા છે તેથી મ્હારાં માતુશ્રીને મળવા મ્હારૂં મન આતુર થઈ રહ્યું છે. મ્હારી બ્હેનોને મળવા હું ઉત્સુક થઈ રહી છું. આપણે જઇશું તો તેમની મુલાકાત થશે અને યજ્ઞસમારંભ જોવાનો લાભ મળશે. યજ્ઞને માટે અનેક મ્હોટા મ્હોટા સજ્જનો પધારશે તેનાં પણ દર્શન થશે."

શંકરે સ્મિત હાસ્ય કરતાં કહ્યું :

"અને બીજા કોની મુલાકાત થશે?"

સતીએ જરા ઉદાસ થતાં કહ્યું :

"જો તમારે ના આવવું હોય તો મ્હને એકલીને જવા દેશો તો ઘણું સારૂં દેખાશે. ઘણા દિવસથી જન્મભૂમિનાં દર્શન કર્યાં નથી તેથી ત્યાં જવાની તીવ્ર ઇચ્છા થઈ છે. જન્મભૂમિ! અહા! કેવો મધુર શબ્દ! જનનીના જેટલી જ જન્મભૂમિ પ્રિય લાગે છે. **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी।** જનની અને જન્મભૂમિ એ બન્ને સ્વર્ગ કરતાં પણ શ્રેષ્ઠ છે. વળી મ્હારી બ્હેનપણીઓનો પણ મેળાપ થશે."

સતીએ આકાશ તરફ દ્રષ્ટિ કરી કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જૂવો ! આ રાજહંસ જેવા સંકેત વિમાન અતિ વેગ પૂર્વક ત્યાં જ જાય છે. તેથી આકાશ કેવું શોભાયમાન થઈ રહ્યું છે ? પિતાને ઘેર મહોત્સવ થઇ રહ્યો હોય અને તેની પુત્રીના મનમાં તે સંબંધી વિચાર ઉત્પન્ન ન થાય એ કેમ બને ? પિતાને ત્યાંના યજ્ઞનો વિચાર કરતાં મ્હારા મનમાં આનંદ ઉત્પન્ન થયા વિના કેમ રહે ? કોઈ ગૃહસ્થને આમંત્રણ મળ્યું ન હોય તો પણ તેઓ પોતાના માતાપિતા કે ગુરૂને ઘેર જવા માટે આમંત્રણની રાહ જોતો નથી."

શંકરે સ્મિત હાસ્ય કરતાં કહ્યું :

"માતાપિતા કે ગુરૂને ઘેર આમંત્રણ વગર જવું એ તો સત્ય છે પણ કોને ત્યાં જવું ? જેના મનમાં અહંકાર અભિમાન ન હોય, મિથ્યા હુંપદ કિંવા જેને ક્રોધના આવેશમાં આકાશ વામન જેવું ઠીંગણું જણાતું હોય ત્યાં તો કદી પણ જવું જોઈએ નહિં. આપણા જવાથી જે મનુષ્યને આનંદ ઉત્પન્ન થાય, તેને ત્યાં આમંત્રણ વગર જવું જોઈએ. જ્ઞાન, તપશ્ચર્યા, દ્રવ્ય, આરોગ્ય, તારૂણ્ય અને કુલીનતા, એ છ સદ્‌ગુણ છે. પરંતુ તે કોઈ દુષ્ટને પ્રાપ્ત થાય છે ત્યારે તેનો વિવેક નાશ પામે છે અને તેને અહંકાર ઉત્પન્ન થાય છે. સજ્જનનું તેજ તેનાથી જોઈ શકાતું નથી. તેમજ તે બીજાનું અપમાન કરવા તત્પર થાય છે એવા મનુષ્યનું આમંત્રણ હોય તો પણ ત્યાં જવું ઉચિત નથી ત્યાં પછી આમંત્રણ વિના તો જવું જ શા માટે ?"

સતીએ ઉત્તર દીધો :

"સગાં સંબંધીને ત્યાં જવા આવવાથી પરસ્પર પ્રેમ અને સદ્‌ભાવ વૃદ્ધિ પામે છે તેથી મ્હારા પિતાને ઘેર જવામાં હરકત નથી."

શંકરે વિશેષ સમજાવતાં કહ્યું :

"દેવી ! તમારા પિતા દક્ષનો અભિપ્રાય પ્રથમથી જ મ્હારે માટે સારો નથી. હવે તો તેમણે મ્હારી સાથે ખુલ્લું વૈર દર્શાવ્યું છે. એવી સ્થિતિમાં ત્યાં જવું યોગ્ય નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દક્ષ પ્રજાપતિની સર્વ કન્યાઓમાં તમારા પ્રત્યે તેમનો વિશેષ સ્નેહ છે, પરંતુ મ્હારી સાથે તમારાં લગ્ન થયા પછી તમારા પિતા તમારૂં સન્માન કરશે નહિં. તમારા જવાથી તેમને આનંદ થશે નહિં. આપણા જવાથી જે મનુષ્યને આનંદ થાય નહિં તેને ઘેર જવાથી લાભ શો ?"

સતીએ કહ્યું :

"મ્હારા જવાથી બીજા કોઈને આનંદ નહિં થાય તો પણ મ્હારાં માતુશ્રીને તો આનંદ થશે જ."

શંકરે વિશેષ બોધ આપતાં કહ્યું :

"નૈમિષારણ્યના યજ્ઞ વખતે તમારા પિતાએ મ્હારો તિરસ્કાર કર્યો છે, મ્હારૂં ઘણું જ અપમાન કર્યું છે તેથી તે મ્હારો શત્રુ થયો છે. તમારો પિતા હોય તો પણ તમે ત્યાં જશો નહિ. બરાબર વિચાર કરી જૂવો."

"संभावितस्य चाकीर्तिर्मरणादपि रिच्यते ॥"

"સજ્જનનું અપમાન થાય ત્યારે તેને મૃત્યુ થયા જેટલુ કષ્ટ થાય છે."

શંકરે સતીને ઘણી રીતે સમજાવ્યાં છતાં તેના મનને સંતોષ થયો નહિં. શંકર સતીને પિતાને ઘેર જવાની રજા આપતા નથી તેમ તેમ પિતાને ઘેર જવાની તેની ઉત્કંઠા વૃદ્ધિ પામતી હતી. ગમે તેમ પણ તે હજી બાલ્યાવસ્થામાં જ હતી ! તેણે વિચાર્યું કે : "પિતા મ્હારૂં અપમાન કરશે એ ભય નિરર્થક છે. તેઓ એમ કદી પણ કરે જ નહિં," પરંતુ શંકરના કહેવા ઉપર વિચાર કરતાં તેને પિતાને ઘેર નહિં જવાનો વિચાર પણ થતો.

આવા પરસ્પર વિરૂદ્ધ વિચાર કરતાં કરતાં સતીના નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. "યજ્ઞમાં જવું કે નહિ." એ જ વિચાર તેના મનમાં ઘોળાયા કરતો હતો ! અંતે તેણે યજ્ઞમાં જવાનો નિશ્ચય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરે કહ્યું :

"દેવી ! તમે યજ્ઞમાં જશો તો પરિણામ સારૂં આવશે નહિ એમ મ્હને જણાય છે. હજી પણ બરાબર વિચાર કરી જૂવો."

સતીની બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થયો. તેણે ઘણો વિચાર કર્યો. અંતે પતિપ્રેમ કરતાં પિયરનો પ્રેમ વિશેષ જાણી તે પિયર જવા તૈયાર થઈ. પતિની આજ્ઞા ભંગ કરી માતાપિતા અને બ્હેનો વગેરેને મળવા તેનું મન ઉત્સુક થયું.

સતી પિયર જવા નિકળી તે વખતે શંકરે ખિન્ન હૃદયે જવાની રજા આપી.

સતીની સાથે દક્ષને ત્યાં જવા માટે શંકરના અનેક સેવકો તત્પર થયા. નંદિકેશ્વર તૈયાર થયો. શૃંગી ભૃંગી આગળ ચાલવા લાગ્યા. નગારાં, શંખ, શિંગી, ઘંટા, ડમરૂ વગેરે વાદ્યો વાગવા લાગ્યાં. સતી નંદિ પર સ્વાર થઈ. એક સેવકે તેના મસ્તક પર છત્ર ધર્યું. કેટલાક સેવકો તેના પર ચમ્મર ઢોળવા લાગ્યા.

આ પ્રમાણે હજારો સેવકો સહિત સતી પિયર પિતાને ઘેર જવા નિકળ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯

દક્ષગૃહે યજ્ઞ સમારંભ.

દક્ષ પ્રજાપતિએ એક મ્હોટો યજ્ઞ સમારંભ આરમ્ભ્યો હતો. દેવ, ઋષિ, મુનિ, રાજા રજવાડા, વિદ્વાન, પંડિત, શાસ્ત્રજ્ઞ વગેરે અનેક મનુષ્યોને યજ્ઞમાં પધારવાનું આમંત્રણ મોકલ્યું હતું તેથી સર્વ મનુષ્યો પોતાના સેવકો, શિષ્યો અને કુટુંબીજનો સહિત ત્યાં આવી પહોંચ્યા. વિશ્વકર્માએ યજ્ઞને માટે એક વિશાળ ભવ્ય મંડપ તૈયાર કર્યો હતો. દક્ષે સર્વ પધારેલા દેવ આદિ મનુષ્યોનો સત્કાર કરી તેમની યોગ્યતા પ્રમાણે તેમને ઉતરવાની વ્યવસ્થા કરી. દક્ષે માત્ર પોતાના જમાત્ર અને પુત્રી સતીને આમંત્રણ મોકલ્યું ન હતું.

યજ્ઞનો પ્રારંભ થતાં જ સર્વ દેવો આદિ મંડપમાં આવી પહોંચ્યા. દધિચી ઋષિએ કહ્યું કે :

"યજ્ઞને માટે દેવ, ઋષિ વગેરે અનેક સજ્જનો પધાર્યા છે. પરંતુ શંકર સિવાય યજ્ઞમંડપની શોભા જણાતી નથી માટે દક્ષરાજ! તમારા જમાત્ર કૈલાસનિવાસી શંકર અને પુત્રી સતીને અહીં બોલાવો એવી મ્હારી ઇચ્છા છે."

દક્ષે ઉત્તર દીધો :

"દેવાધિદેવ વિષ્ણુ અત્રે પધાર્યા છે. તે જ પ્રમાણે બ્રહ્મદેવ, અષ્ટલોકપાલ અને અનેક વેદનિપુણ ઋષિયો અહિં બિરાજ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરને મ્હેં બોલાવ્યા નથી. તેની પંચાતમાં નહિ પડતાં હવે તમે યજ્ઞનો આરંભ કરો."

દક્ષનો અભિપ્રાય દધીચિ ઋષિને પસંદ પડ્યો નહિં. તેઓ તુરત જ યજ્ઞમંડપમાંથી બહાર ચાલ્યા ગયા. યજ્ઞમંડપમાં બિરાજેલા અનેક ઋષિ મુનિ અને સજ્જનોને દક્ષના વિચાર પ્રત્યે અણગમો થયો પરંતુ દક્ષ સાથે શત્રુતા કરવી યોગ્ય નહિં એમ સમજી તેઓ ગુપચુપ બેસી રહ્યા. યજ્ઞનો આરંભ થયો.

* * *

સન્ધ્યાનો સમય થયો. સૂર્ય ભગવાનના તેજસ્વી કિરણો મંદ પડ્યાં. ધીમે ધીમે શીતળતા પ્રસરવા લાગી. થંડો વાયુ વહેવા લાગ્યો. એ જ સમયે સતી પોતાના સેવકો સહિત દક્ષના વિશાળ રાજ મહાલયમાં આવી પહોંચી. તેને જોઇ ઘરનાં કોઇ પણ મનુસ્યને આનંદ થયો નહિ. ઘરનાં સર્વ મનુષ્યો ચુપચાપ ઉભાં રહ્યાં પરંતુ તે સર્વમાંથી એક મનુષ્યને આનંદ થયો. ચંદ્રના ઉદયથી જેમ અંધારી રાત્રે પ્રવાસ કરનાર મનુષ્યને આનંદ થાય અથવા વિખુટા પડેલા વાછરડાને મળતાં જ જેમ ગાયને આનંદ થાય તે જ પ્રમાણે સતીને જોતાં જ તેની માતા પ્રસૂતિને અતિઆનંદ થયો. પોતાની સર્વ કન્યાઓ આવી હતી પણ સતી જ આવી નહોતી તેમજ લગ્ન થયા પછી તે પિયેર બિલકુલ રહી નહોતી તેથી સતીને જોઈ પ્રસૂતિને વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે. માતાના દર્શન કરી સતીને પણ ઘણો આનંદ થયો. બન્ને એક સ્થળે બેસી સુખદુઃખની વાતો કરવા માગ્યાં. વાર્તાલાપમાંથી જ દક્ષના મનની સ્થીતિ સતીના જાણવામાં આવી.

સતીને જોઈ તેની કેટલીક બ્હેનોને ક્રોધ ચઢ્યો, કારણ કે તેઓ વિશેષ શ્રીમંત અને અભિમાની હતી. કેટલીક બ્હેનો સતી પ્રત્યે સારો પ્રેમ રાખતી પરંતુ દક્ષ પિતાએ સતીનો અનાદર કરેલો હોવાથી તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રેમ રાખવો એ દક્ષના વિચાર વિરૂદ્ધ વર્તન હોવાથી સર્વને દક્ષનો ભય લાગતો હતો.

* * *

એક દિવસ સતી અને તેની બ્હેન મૂર્તિ વચ્ચે ખૂબ જ વાદ વિવાદ થયો. મૂર્તિએ કહ્યું :

"આવો ! બ્હેન ! આવ્યાં તે તો સારૂં થયું પરંતુ તમને યજ્ઞમાં આમંત્રણ કોણે આપ્યું હતું ?"

સતીએ ઉત્તર દીધો :

"વાહ બ્હેન ! પિયર પિતાને ઘેર આવવું એમાં વળી આમંત્રણ કેવું ? પિયેર આવવા માટે પુત્રીનો જીવ કેટલો તળમળતો હશે ? પિયેરનું સાધારણ મનુષ્ય મળે છે તો આપણને ઘણો આનંદ થાય છે ત્યારે આ તો મ્હારા પિતાનું ઘર છે. અહીં મ્હારો જન્મ થયો છે અને માતાપિતાએ મ્હને ઉછેરી મ્હોટી કરી છે, એટલે ત્યાં આવવાનો તો મ્હારો હક્ક છે."

મૂર્તિએ ધીમેથી એક જ પ્રશ્ન કર્યો :

"એ તો સત્ય પરંતુ તમને આમંત્રણ કોઈએ મોકલ્યું નથી ત્યાં આવવાનું શું કારણ ?"

સતીએ ઉત્તર દીધો :

"મ્હને આમંત્રણ નહિં આપવાનું શું કારણ ? શું હું એમની પુત્રી નથી ? તમને બધાને આમંત્રણ અને મ્હને જ શા માટે આમંત્રણ નહિં ?"

મૂર્તિએ કહ્યું :

"એક સમયે તો તમે પિતાજીનાં બહુ વ્હાલાં પુત્રી હતાં, પરંતુ હવે તો પિતાજીનો પ્રેમ તમારા ઉપર બિલ્કુલ નથી. પિતાજી તો હમણાં તમારા ઉપર બહુ ક્રોધે ભરાયા છે !"

સતીએ પૂછ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેથી જ મ્હને આમંત્રણ નહિ મોકલ્યું હોય કેમ ?"
મૂર્તિએ કહ્યું :

"અહીં મ્હોટા મ્હોટા શ્રીમંત યજ્ઞમાં આવ્યા છે. તેમાં તમારા જેવા દારિદ્રોનું શું કામ હતું ? પિતાજી તમને આવેલા જાણશે ત્યારે તમારા ઉપર ક્રોધે ભરાશે. તેમાં તમારૂં અને પિતાજીનું અપમાન નહિ થાય કે ?"

સતીએ ઉત્તર દીધો :

"વાહ ! વાહ ! તમારી પણ અપમાનની કલ્પના બહુ વિચિત્ર જણાય છે ! દરિદ્રતા એ કાંઇ અપરાધ છે ખરો ? જેને દૈવ યોગે લક્ષ્મી પ્રાપ્ત થઇ હોય તેણે ગરીબોનો આટલો બધો તિરસ્કાર શા માટે કરવો જોઈએ ? ગરિબી અને શ્રીમંતાઇમાં શું ભર્યું છે ? માત્ર હૃદયની શ્રીમંતાઇ હોય તો બસ છે."

મૂર્તિએ અભિમાન પૂર્વક કહ્યું :

"શિયાળને દ્રાક્ષ ખાટી જ લાગે. અજ્ઞાનીને જ્ઞાનનો તિરસ્કાર જ હોય. તેમાંના એક તમે છો ?"

સતીએ શાંતિથી ઉત્તર દીધો :

"એનો અર્થ શો ? મ્હારે અહીં આવવું જ નહિં એ જ કે બીજું કાંઇ !"

મૂર્તિએ વિશેષ અભિમાનના શબ્દોમાં કહ્યું :

"અને તમારા તે દારિદ્રનારાયણ ! નૈમિષારણ્યના યજ્ઞમાં સર્વ સભાજનોએ ઉભા થઇ પિતાજીનો આદરસત્કાર કર્યો પરંતુ શંકરદેવ તો પોતાના આસન ઉપરથી જરા પણ વિચલિત થયા જ નહિ. એ સ્થીતિમાં પિતાજીને તમારા ઉપર પ્રેમ શી રીતે ઉત્પન્ન થાય ?"

સતીએ ઉત્તર દીધો :

"શું એમની ઉપર આટલો બધો ક્રોધ ? તેઓ તો મહા જ્ઞાની છે. તેઓ અભિમાની અને ક્રોધી મનુષ્યોનો આદરસત્કાર કરે જ નહિં !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિએ વળી મ્હેણું માર્યું :

" તમારા તે પતિદેવ ! અહા ! તે તો ખરા અવતારી પુરૂષ જ છે ! એમને બેસવા માટે હરણનું નહિં તો વાઘનું ચામડું ! શરીર ઉપર સુવર્ણ, હીરા, માણેક, મોતીના અલંકારને બદલે કેવળ ભસ્મ વિલેપન ! બેસવા માટે હાથી, ઘોડાને બદલે બળદ ઉપર સ્વારી ! અને મસ્તક પર ચંદ્ર અને ગંગા ! વાહ ! વાહ ! "

સતીને હવે ક્રોધ ચઢ્યો. તેણે કહ્યું :

" બસ થયું ! હવે બોલવું બંધ કરો. તમે મ્હને ગમે તેમ કહો પરંતુ હું મ્હારા પતિદેવની નિંદા સહન કરી શકીશ નહિ. ગમે તેમ પણ તે તમારા પૂજ્ય છે. તેઓ મહા જ્ઞાની છે. જ્ઞાન એ જ શ્રેષ્ઠ છે. "

મૂર્તિએ પણ આગળ ચલાવ્યા જ કર્યું. તે બોલી :

" આટલી બધી દરિદ્રતા અને તેમાં વળી ગુસ્સો કેટલો છે ? ઓ હો ! "

આ પ્રમાણે પોતાની બ્હેને અપમાન કરવાથી સતીને ઘણું અપમાન લાગ્યું. તેના મનને ઘણો કલેશ થયો. તે મનમાં ને મનમાં જ વિચાર વમળમાં પડી મુઝાવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦

યજ્ઞમાં વિઘ્ન.

યજ્ઞ મંડપમાં ઉચ્ચ સ્વરે વેદ મંત્રોચ્ચાર થઇ રહ્યા છે. સર્વ ઋષિ, મુનિ અને વેદવિત્ વિદ્વાન પંડિતો પોત પોતાના સ્થાને બેઠા છે. યજ્ઞમાં હોમવાનું સાહિત્ય ઢગલે ઢગલા એક સ્થળે મુકયું છે. વેદ મંત્રોચ્ચારથી યજ્ઞમાં આહુતિઓ અપાય છે. સ્વાહા, સ્વાહા, ઉચ્ચારનો એક સરખો ઘોષ થઇ રહ્યો છે. યજ્ઞકુંડમાંથી પ્રચંડ અગ્નિ જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટ સર્વત્ર પથરાઈ રહ્યા છે. દક્ષ પ્રજાપતિ એક ચિત્તે મંત્ર ઘોષ સાંભળી રહ્યા છે અને તેઓ પણ વેદ મંત્રો ઉચ્ચારતા જાય છે.

આ સમયે જ સતી યજ્ઞ મંડપમાં આવી પહોંચ્યાં. તેમણે પ્રથમ પોતાના પિતાને અને તે પછી ત્યાં બેઠેલા સર્વ સભાજનોને નમસ્કાર કર્યા. ઋષિમુનિઓએ તેમને આશીર્વાદ દીધા પરંતુ દક્ષે તેના તરફ દ્રષ્ટિ પણ ફેરવી નહિ !

આ પ્રમાણે દક્ષ અને સતીની બ્હેનો તરફથી સતીનું અપમાન થવાથી તેમજ યજ્ઞમાં શંકરનું સ્થાન નહિ હોવાથી સતીને ઘણો ક્રોધ ચઢ્યો. જાણે હમણાં જ તે સર્વ જગતને બાળી ભસ્મ તો નહિ કરી નાંખે એવાં તેનાં નેત્ર ક્રોધે લાલચોળ થઇ ગયાં ! તે તીવ્ર દ્રષ્ટિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાના સ્હામે જોવા લાગી. તેણે મનમાં જ વિચાર્યું કે: "હું અહીં ન આવી હોત તો સારૂં થાત પરંતુ આવ્યા પછી શું કરવું? હવે પસ્તાવું નકામું છે એમ તેને જણાયું. પતિની આજ્ઞા નહિં માનવાથી તેને ઘણી ખિન્નતા થઇ એટલું જ નહિ પણ પતિ એ જ સાક્ષાત્ દેવ છે અને તેની આજ્ઞા માનવાથી સ્ત્રીઓ સુખી થાય છે એવો પણ વિચાર થયો.

સતીનું અપમાન થતું જોઈ શંકરના ગણોએ દક્ષનો નાશ કરવાની તૈયારી કરી પરંતુ સતીએ તેમને તેમ કરતાં રોકયા.

સતીએ દક્ષ પિતાને કહ્યું:

"પિતાજી! તમે સર્વને યજ્ઞમાં આમંત્રણ કર્યું પણ અમને શા માટે ભૂલી ગયા?"

દક્ષે ઉત્તર દીધો:

"કારણ સિવાય કાર્ય થતું નથી. વત્સ! એમાં ત્હને સમજણ નહિ પડે."

સતીએ કહ્યું:

"પિતાજી! એમ કરવામાં ત્હમે ભૂલ કરી છે. હજી પણ તે સુધારી શકાય એમ છે."

દક્ષે ઉત્તર દીધોઃ

"વત્સ! ત્હાને મોઢે મ્હોટા બોલ બોલવા ન જોઈએ. મ્હેં તમને જાણી જોઈને આમંત્રણ કર્યું નહોતું."

સતીએ પૂછ્યું:

"પિતાજી! અમે તમારો એવો શો અપરાધ કર્યો છે? શા કારણથી તમે અમારૂં અપમાન કરો છો?"

દક્ષે ઉત્તર દીધોઃ

"જેવું મનુષ્ય હોય તેવું જ તેને માન અપમાન મળે છે. આપણે કોઈ મનુષ્યનું અપમાન કરીએ તો તે આપણું અપમાન કરે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૈમિષારણ્યમાં શંકરે ઉદ્ધતાઈ ભરેલું વર્તન ચલાવ્યું હતું તે ત્હારા જાણવામાં નથી ?"

સતીએ સમજાવતાં કહ્યું:

"જે મનુષ્યો સજ્જન છે તે તો બીજાના દોષ તરફ દોષદ્રષ્ટિએ નહિં પણ ગુણદ્રષ્ટિએ જ જૂવે છે. બીજાના અલ્પ સદ્ગુણને મ્હોટું રૂપ આપનાર મનુષ્યો શ્રેષ્ઠ કહેવાય છે. પરંતુ બીજાના અલ્પદોષને મ્હોટું સ્વરૂપ આપનાર મનુષ્યને શું કહેવું ? પિતાજી સત્ય કહું છું કે: તમે શંકરની યોગ્યતા જાણતા નથી, તેથી જ તમે આમંત્રણ નહિં મોકલવાની ભૂલ કરી છે."

દક્ષે ક્રોધાવેશમાં ઉત્તર દીધો:

"વત્સ! ઉદ્ધત અને પાપી શંકર સાથે ત્હારાં લગ્ન કરવામાં મ્હેં મ્હોટી ભૂલ કરી એમ મ્હને જણાય છે!"

સતીએ શાંતિ પૂર્વક કહ્યું:

"ના પિતાજી! એવું બોલશો નહિ. હું તમને મ્હારા પતિની નિંદા કરવા દઇશ નહિ."

દક્ષના ક્રોધની માઝા હવે વૃદ્ધિ પામી. તેણે મ્હોટે અવાજે કહ્યું:

"મ્હારી પાસે એવો જોર જુલમ ચાલશે નહિ. તું જ્યારે આવી છે ત્યારે ચાર દિવસ શાંતિથી રહે. ગરબડ કરીને યજ્ઞમાં વિઘ્ન કરવું ઉચિત નથી."

સતીએ કહ્યું:

"યજ્ઞમાં વિઘ્ન ઉપસ્થિત થાય એવાં ચિહ્ન જણાય છે."

દક્ષનો ક્રોધ હવે આસમાન સુધી પહોંચ્યો. તેણે લાલ નેત્રે કહ્યું:

"યજ્ઞમાં કોણ વિઘ્ન નાંખે છે તે હું જોઉં છું. શું તું મ્હને પેલા ઉદ્ધત અને અભિમાની શંકરનો અને તેના સેવકોનો ભય બતાવે છે? જોઉં છું કે હવે શું થાય છે."

પતિવ્રતા સતીએ ઋષિઓ સ્હામે જોઈ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઋષિ મુનિઓ! શું તમે શંકર ભગવાનનો મહિમા જાણતા નથી? શું તમે તે ભૂલી ગયા કે?"

ઋષિઓએ નમ્રતા પૂર્વક કહ્યું:

"સતી દેવી! અમારામાંના એક દધીચિ ઋષિએ શંકરને આમંત્રણ કર્યા સિવાય યજ્ઞની શરૂવાત નહિં કરવાનું દક્ષને કહ્યું હતું પરંતુ દક્ષે તેમનું માન રાખ્યું નહિ."

સતીએ પિતા દક્ષને કહ્યું:

"પિતાજી! તમે એ મહાન્ ઋષિની સલાહ પણ માની નહિં? તમારો આ કર્મમાર્ગ ધુમાડાથી વ્યાપી ગયો છે. તમે નિરર્થક કર્મમાર્ગનો આગ્રહ કરી જ્ઞાનમાર્ગ પ્રત્યે દ્વેષ દર્શાવો છો?"

દક્ષે ક્રોધમાં જ કહ્યું:

"પુત્રી! ત્હારે ગરબડ કરવાનું કારણ નથી. જો ત્હારે અહીં રહેવું હોય તો ચાર દિવસ રહી જે કાંઈ થાય તે જોયા કર નહિં તો તુરત જ ચાલતી થા. મ્હેં ત્હને બોલાવી નથી. આમંત્રણ આપ્યું નથી. શંકર પાસે જઈને તું તો ઉલટી વધારે ઉદ્ધત થઈ છે. તેની વાણી નહિં પણ તેનો ગુણ તો ત્હારામાં આવ્યો છે!"

સતીએ ઉત્તર દીધો:

"પિતાજી! હવે તો અપમાનની હદ થઈ છે!"

દક્ષે કહ્યું:

"હવે તું એ હદ ઓળંગી જા!"

સતીએ ક્રોધને દબાવી કહ્યું:

"હા, હવે મ્હને એજ માર્ગ ખુલ્લો જણાય છે. તમારા જેવા દુષ્ટ પિતા તરફથી મળેલું આ શરીર બીજા શા કામમાં આવવાનું છે? અપમાન સાંભળી મ્હારા શરીરના રોમેરોમમાં અગ્નિ વ્યાપી ગયો છે. પતિદેવનું અપમાન! અપમાન મ્હારે માટે અગ્નિ સ્વરૂપ છે, તે અગ્નિની શાંતિ માટે હવે મ્હારે અગ્નિદેવતાનો જ આશ્રય લેવો પડશે. મંડપમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિરાજેલા ઋષિમુનિયો ! સર્વ સભાજનો ! મ્હારા પિતા દ્વારા મ્હારૂં અને મ્હારા પતિ શંકર ભગવાનનું અપમાન થતું તમે સાંભળ્યું છે. હવે હું એમને મ્હારા પિતા કહેતાં પણ શરમાઉં છું. કારણકે તેમણે પુત્રી અને જામાત્રનો સંબંધ રાખ્યો નથી. કોનો અપરાધ છે તેનો ન્યાય તો તમારે જ કરવાનો છે. અહીં જે કાંઈ બન્યું છે તેના તમે સર્વ સાક્ષી છો. પ્રભો ! તમે મ્હને પુનઃ સ્ત્રીનો જન્મ જ આપજો."

એટલું કહેતાં કહેતાં સતીનો ક્રોધ વિશેષ વૃદ્ધિ પામ્યો. તેના નેત્રમાંથી અગ્નિની જ્વાળાઓ વરસતી હોય એમ જણાવા લાગ્યું. તેનું સર્વ શરીર થરૂથરૂ કમ્પવા લાગ્યું. તેણે અગ્નિને નમસ્કાર કર્યા અને કહ્યું:

"હે અગ્નિ દેવ ! હવે તમે મ્હને તમારા ઉદરમાં આશ્રય આપો ! હરહર મહાદેવ !" એટલું બોલી સતીએ યજ્ઞના બળતા અગ્નિકુંડમાં એક દમ ભૂસકો માર્યો !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧

યજ્ઞમાં વિઘ્ન

જય યજ્ઞનારાયણ! જય અગ્નિ દેવ! જોત જોતામાં અગ્નિની પ્રચંડ જ્વાળામાં સતીનો દેહ ભસ્મ થઈ ગયો! સતી અને અગ્નિ એકરૂપ થઈ ગયાં! એ જોતાં જ યજ્ઞમંડપમાં સર્વત્ર હાહાકાર મચી ગયો! સર્વત્ર ગરબડ અને ધાંધલ મચી ગયું! સતીને અગ્નિમાં પડતાં રોકવાની કોઈને બુદ્ધિ સુઝી નહિં. પાછળથી સર્વ પશ્ચાતાપ કરવા લાગ્યાં. સતીની માતાને અત્યંત દુઃખ થયું. સતીની બ્હેનો પણ અતિશય શોક કરવા લાગી. યજ્ઞમાં પધારેલા ઋષિમુનિયો શોકાતુર મુખમુદ્રા વડે નેત્રનાં આંસુ લુછવા લાગ્યા! યજ્ઞનારાયણનાં દર્શન કરવા આવેલા સજ્જનોને પણ અતિશય દિલગીરી થઈ! સર્વના મુખમાંથી એક જ શબ્દ નિકળ્યો કેઃ "આ કાર્ય સારૂં થયું નહિ. હવે એનું પરિણામ શું આવશે તે કોણ જાણે!"

સર્વ સભાજનો દક્ષને દોષ દેવા લાગ્યા! તેના ગર્વનો તિરસ્કાર કરવા લાગ્યા.

સતીની આજ્ઞાથી શંકરના ગણો શાંત રહ્યા હતા, પરંતુ જ્યારે તેમણે જ યજ્ઞમાં ભૂસકો માર્યો ત્યારે શંકરના ગણોએ પોતાના અસ્ત્રશસ્ત્ર તૈયાર કરી યજ્ઞમંડપ ઉપર હલ્લો કર્યો. તેમણે યજ્ઞમંડપના કટકા કરી નાંખ્યા. પરસ્પર મારામારીની શરૂવાત થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞના મૂખ્ય આચાર્ય ભૃગુ ઋષિએ શિવગણોના હુમલામાંથી સંરક્ષણ મેળવવા માટે ઋભુ નામક દેવોને વિનતિ કરી, તેથી હજારો ઋષિ દેવતાઓએ શંકરના ગણો ઉપર હુમલો કર્યો.

ઋષિ દેવોએ તપશ્ચર્યા કરીને યજ્ઞમાં સોમ રસપાન કરવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો. તેમને યજ્ઞ માટે મ્હોટું અભિમાન હતું. જ્યાં યજ્ઞ થતો ત્યાં તેમને વિશેષ સન્માન મળતું. આજે દક્ષના યજ્ઞમાં પણ તેમને તેવું જ સન્માન મળે તેમ હતું.

શંકરના ગણ અને ઋભુ દેવતાઓ પરસ્પર એક બીજાનો સંહાર કરવા લાગ્યા. થોડી વારમો જ યજ્ઞ ભૂમિએ રણ ભૂમિનું સ્વરૂપ ધારણ કર્યું ! શંકરના ગણોએ પોત પોતાના શસ્ત્ર–અસ્ત્ર સજ્જ કરી યુદ્ધ કરવા માંડયું. એટલે ઋભુ દેવોએ યજ્ઞમાં બળતાં લાકડાં લઈ શંકરના ગણોને ઝાપટવાની શરૂવાત કરી.

થોડા સમયમાં જ ઋભુ દેવોએ કેટલાક શંકર ગણોનો સંહાર કર્યો. શંકરગણોએ જોયું કે ઋભુ દેવો સામે પોતે ટકશે નહિં એટલે તેઓ દશે દિશામાં ન્હાસી ગયા.

શંકરના ગણો ન્હાસી ગયા ખરા પરંતુ શંકર તરફથી પુનઃ સૈન્ય આવવાનો ભય તો હતો જ તેથી દક્ષ વિષ્ણુને શરણે ગયો અને પોતાનું રક્ષણ કરવાની પ્રાર્થના કરવા લાગ્યો.

વિષ્ણુએ કહ્યું :

"દક્ષરાજ ! મ્હારે તમારૂં રક્ષણ કરવું જોઈએ એ સત્ય, પરંતુ તમે શંકરનું અપમાન કરી તેમનું અતિશય નુકશાન કર્યું છે. જ્યાં પૂજ્ય અને આદરણીય વ્યક્તિનું અપમાન થાય છે ત્યાં સંકટ ઉપસ્થિત થયા વગર રહેતું નથી. સંકટ આવ્યા પછી તેનું નિવારણ કરવા માટે ઘણો ત્રાસ સહન કરવો પડે છે. હમારા પર આવી પડેલું સંકટ નિવારણ કરવા હું અસમર્થ છું."

એ સાંભળી દક્ષ નિરાશ થયો.

યજ્ઞમાં પધારેલા ઋષિ મુનિઓ સંકટ નિવારણ માટે જૂદા જૂદા દેવોની પ્રાર્થના કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨

શંકરનો શોક !

સતી પિતાને ઘેર ગયાં ત્યારથી શંકર ભગવાનનું ચિત્ત અસ્વસ્થ હતું. "દક્ષ અભિમાની હોવાથી તે સતીનું અપમાન કરશે. તે પછી શું થશે તે કહી શકાય નહિ.!" એવા વિચાર તેમના મનમાં વારંવાર ઉત્પન્ન થતા હતા.

સતીના વિયોગથી પણ શંકરનું મન અસ્વસ્થ થયું હતું. સતીની સાથે આશ્રમના અનેક ગણો પણ દક્ષના મહાલય તરફ ગયા હતા તેથી આશ્રમ અતિશય શાંત હતો. ત્યાં વિશેષ ગરબડ નહોતી. શંકર એમ પણ વિચારતા હતા કે: "સતી મ્હને પુનઃ મળશે કે નહિ?" એ વિચારથી તેઓ અતિ ખિન્ન અને ઉદાસ રહેતા હતા.

મનની શાંતિને માટે, વિચારમાં કંઈ ફેરફાર થાય તે માટે શંકર કૈલાસ પર્વતની આસપાસની ગુફાઓ અને પર્ણકુટીઓ તરફ વિચરણ કરી સૃષ્ટિ સૌંદર્ય નિહાળતા હતા. એ સમયે તેમને પુનઃ સતીનું સ્મરણ થયું. દક્ષને ત્યાં શું બન્યું હશે? તેણે સતીનું અપમાન કર્યું હશે તેનું શું પરિણામ આવ્યું હશે? વગેરે અનેક વિચાર તેમના હૃદય પટ પર ઉદય પામ્યા. સતીનું વિયોગ દુઃખ તેમને વિશેષ સાલવા લાગ્યું. પ્રથમ સતી જે જે સ્થળે એસી સૃષ્ટિ સૌંદર્ય નિહાળતી તે સર્વ સ્થળે શંકર ગયા. માનસ સરોવરે તેમના મનને સંતોષ આપ્યો નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાલયના હિમ આચ્છાદિત શિખરો જોવા છતાં તેમનાં નેત્રને આનંદ થયો નહિ! અનેક સુવાસિત પુષ્પોની સૌગંધ વડે તેમની નાસિકા તૃપ્ત થઇ નહિ આજે ચંદ્ર તેમને શીતળ જણાતો નહતો. જાણે શીતળ ચંદ્રમાંથી શીતળ કિરણોને બદલે ઉષ્ણ કિરણો વરસતાં જણાતાં હતાં. જેમ બાળક પોતાની માતાને ભેટવા ઉત્સુક હોય છે તે પ્રમાણે નદીને ભેટવા ઉત્સુક થઈ રહેલા જળનાં ઝરણાં, લીલી સુંદર વનસ્પતીથી શોભી રહેલી પૃથ્વી દેવી, ખળ્‌ખળ્ વહેતી નંદા નદી, એ સર્વ સુંદર દૃશ્ય જોયા છતાં શંકરનું મન શાંત સ્વસ્થ થયું નહિ.

એક દિવસ શંકર એવી જ અસ્વસ્થ સ્થીતિમાં વ્યાઘ્રચર્મ પર બેઠા હતા. તેઓ પોતાના આસન ઉપર બેસી ધ્યાનાવસ્થ થયા હતા. તેમણે ધ્યાનમાં જ જોયું કે: "સતી દક્ષની પાસે મંડપમાં ગયાં છે. દક્ષે સતીનું સ્વાગત કર્યું નહિ. તેનો આદર સત્કાર કર્યો નહિ. દક્ષને ક્રોધ ચઢ્યો છે. સતી યજ્ઞ મંડપમાં જઈ દક્ષને પ્રશ્ન કરે છે કે: તમે અમને શા માટે યજ્ઞમાં આમંત્રણ કર્યું નહિ? દક્ષ વિશેષ ક્રોધ યુકત અપમાનજનક સ્વરે તેનો તિરસ્કાર કરી રહ્યો છે. એ સાંભળી સતીને પણ ક્રોધ ચઢ્યો છે. હોમ કુંડમાં અગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો છે. સતીની ઉગ્ર મૂર્તિએ અગ્નિકુંડમાં ભૂસકો માર્યો છે!"

એટલામાં જ વિણાના મધુર સ્વર સાંભળી શંકર ધ્યાનમાંથી પૂર્ણ જાગૃત થયા. તેમણે નારદના શબ્દો સાંભળ્યા.

"ભગવાન્! તમારો અગાધ મહિમા છે. વાણીથી તે વર્ણવી શકાય તેમ નથી. મનુષ્યો તો પામર પ્રાણી છે. ઈશ્વર તો કરૂણાનો સાગર છે. ભગવન્! હું તમારે શરણે આવ્યો છું."

શંકરે નારદનો આદરસત્કાર કર્યો. હવે શી રીતે વાર્તાલાપ કરવો તે નારદને સમજાયું નહિં. શંકરનાં અતિ પ્રિય પત્ની સતીના મૃત્યુ સમાચાર શી રીતે કહેવા? શંકર તો ભોળા છે. પરંતુ તે ક્રોધે ન ભરાય ત્યાં સુધી સારૂં. ક્વચિત્ તેઓ ક્રોધે ભરાયા તો પછી તેઓ શું કરશે તે કોણ કહી શકે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદ વિચારમાં પડ્યા છે અને સત્ય હકિગત કહી શકતા નથી એમ જાણી શંકરે નારદને પ્રશ્ન કર્યો :

"કેમ નારદજી! ક્યાંથી પધાર્યા છો?"

નારદજીએ ઉત્તર દીધો :

"દેવ! દક્ષ પ્રજાપતિના યજ્ઞમાંથી આવું છું."

શંકરે પૂછ્યું :

"યજ્ઞની કેવી સ્થિતિ છે?"

આ પ્રશ્નનો ઉત્તર નારદજી આપી શક્યા નહિ. તેમની મુખ-મુદ્રા ઉદાસ જણાઈ.

શંકરે પુનઃ પ્રશ્ન કર્યો :

"નારદજી! જે સત્ય હોય તે સ્પષ્ટ કહો."

નારદજી શોકગ્રસ્ત મુખમુદ્રાએ બોલ્યા :

"ભગવન્! યજ્ઞમાં મ્હોટું વિઘ્ન ઉપસ્થિત થયું છે. શું કહું? કેવી રીતે કહું? પિતાનું અપમાન સહન નહિં થવાથી સતીએ દક્ષના યજ્ઞકુંડમાં ભૂસકો માર્યો છે! તેમણે દેહત્યાગ કર્યો છે!"

એમ કહી નારદજી અશ્રુપાત કરવા લાગ્યા.

નારદજીના શબ્દો સાંભળી શંકરે વિચાર કર્યો કે: "મ્હેં ધ્યાનમાં જે કંઈ જોયું તે સત્ય હ્યું છે. સતીએ હમેશને માટે મ્હને વિરહશોકમાં મુકી દીધો છે! મ્હારાથી એ વિયોગ દુઃખ કેમ સહન થશે?"

શંકરને ઘણું દુઃખ થયું. તેમણે કહ્યું :

"સતી! સતી! તમે મ્હારો ત્યાગ કરી ગયાં? હવે હું તમારાં દર્શન ક્યાં જઇને કરૂં? હું હવે તમને ક્યાં શોધું? હવે તમારાં દર્શન મ્હને નહિ જ થાય? તમે તમારા પિતાનું અપમાન સહન કરી શક્યાં નહિં તેથી જ તમે અંતે આવું શોકજનક પગલું ભર્યું? અહા! મ્હારાં સતી! તમારામાં કેવું ઉત્તમ પ્રકારનું પાતિવ્રત! તમારામાં કેટલો સંતોષ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે પિતાના મ્હોટા મ્હોટા મહેલોનો ત્યાગ કર્યો અને કૈલાસના તૃણ આચ્છાદિત આશ્રમમાં આનંદ માન્યો ! પિતાને ત્યાંના મિષ્ટાન્ન ભોજનને બદલે મ્હારા આશ્રમનાં ફળફુલ તમે પસંદ કર્યાં ! મ્હારૂં દારિદ્ય તમે કેવું સુમિષ્ટ માની લીધું ! આપણે કેવા આનંદ ઉત્સાહમાં દિવસો નિર્ગમન કરતાં હતાં ! સૃષ્ટિ સૌંદર્ય નિહાળવા માટે આપણે કૈલાસનાં કેટલાંએ ગિરિશિખરો ઉપર ભ્રમણ કરતાં હતાં ! હવે તો તે દિવસનું સ્મરણ કરવાનું જ મ્હારા પ્રારબ્ધમાં લખ્યું છે ? સરિતા નંદા ! ત્હારી બ્હેન પણ ગઈ હોં કે ! હે પુષ્પવેલીઓ ! તમારાં પુષ્પોની સુમિષ્ટ સૌગંધ લેનાર સતી તમને છોડીને ચાલી ગઈ છે ! હવે તમે કોને માટે પુષ્પ ધારણ કરશો ? તમારાં પુષ્પ હવે પ્રેમથી કોણ ચૂંટશે ? હવે તમારી માળા કોણ બનાવશે ?"

સતીના વિરહથી શંકરના શોકનો પાર રહ્યો નહિ. તેમનું મન અસ્વસ્થ બન્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩

દક્ષ સંહાર.

શંકરનો વિરહાગ્નિ શાંત થયા પછી તે હોઠ પીસવા લાગ્યા. તેમનાં નેત્ર લાલચોળ થઈ ગયાં. શ્વાસ પ્રશ્વાસ ધડધડાટ વહેવા લાગ્યો. શોકના સ્થાનમાં ક્રોધે નિવાસ કર્યો. તેઓ બોલ્યા:

"દક્ષના અપમાનથી સતીએ દેહત્યાગ કર્યો. હવે એનો નાશ શી રીતે કરવો? અપમાનનો બદલો મૃત્યુ! દક્ષ! ત્હને ત્હારી વહાલી પુત્રીની પણ દયા આવી નહિં? ઠીક!"

શંકરનો ક્રોધ વિશેષ વૃદ્ધિ પામતો ગયો. તેમણે પોતાના મસ્તક ઉપરથી એક જટા કાઢી પૃથ્વી પર જોરથી પછાડી. તેજ ક્ષણે પૃથ્વીમાંથી પ્રચંડ, ભયંકર અને વિકરાળ એવો એક પુરૂષ તેમના સમક્ષ આવી ઉભો રહ્યો. તે કાળો મેશ જેવો અને સૂર્ય જેવો તેજસ્વી હતો. તેના ગળામાં નરમુંડની માળાઓ હતી. તેણે હાથમાં ત્રિશળ ધારણ ધારણ કર્યું હતું. તેણે બે હાથ જોડી શંકરને કહ્યું:

"પ્રભો! તમે મ્હને આજ્ઞા કરો. મ્હારે કયું કામ કરવાનું છે?"

શંકરે કહ્યું:

"વીરભદ્ર! દક્ષ પ્રજાપતિએ મ્હારી સતી દેવીનું અપમાન કર્યું તેથી તેમણે પોતાનો દેહ ત્યાગ કર્યો છે. જા, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિધ્વંશ કરી તેનો વધ કર."

વીરભદ્રે શંકરને નમસ્કાર કર્યા. શંકરની આજ્ઞા પ્રમાણે તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણો પોતાના અસ્ત્ર શસ્ત્ર સજ્જ કરી વીરભદ્રની સ્હામે આવી ઉભા. વીરભદ્ર આગળ ચાલવા લાગ્યો, અને તેની પાછળ શંકરના ગણો "હર, હર, મહાદેવ"ની આકાશગર્જના કરતા ચાલવા લાગ્યા.

* * * *

દક્ષ પ્રજાપતિના યજ્ઞમંડપમાં એકત્ર થયલા ઋષિમુનિઓ દક્ષનું સંકટ નિવારણ કરવા મંત્રજપ અને પ્રાર્થના કરવા લાગ્યા હતા. દક્ષ પત્નિ પ્રસૂતિ અને અન્ય સ્ત્રીઓ અતિશય ખિન્ન વદને મંડપમાં બેઠી હતી. "સતીના દેહત્યાગનું પરિણામ સારૂં નહિ આવે. સતીના દેહત્યાગના સમાચાર મળતાં જ શંકર શાંત બેસી રહેનાર નથી." એવી અનેક વાતો સ્ત્રીઓમાં ચાલી રહી હતી.

એટલામાં જ તેમને આકાશમાં ધૂળના ગોટેગોટ દેખાવા લાગ્યા. એ ધૂળકોટ શા કારણથી થાય છે. તે સંબંધી મંડપના સભાજનો તર્કવિતર્ક કરવા લાગ્યા. ધીમે ધીમે તે ધૂળનો પ્રવાહ તેમને નજીક આવતો જણાયો. વાજીંત્રોનાં નાદ અને "હર, હર મહાદેવ" ની ગગન ભેદી ગર્જના તેમને સંભાળાવા માંડી. સર્વેએ જાણ્યું કે: શંકરનું સૈન્ય હુમલો કરવા આવ્યું છે.

વીરભદ્રનો સૈન્ય-સમુદ્ર દક્ષ રાજ્યમાં આવી પહોંચે એ સમયે ઇન્દ્રાદિ દેવ અને તેનું સૈન્ય દક્ષનું સંરક્ષણ કરવા શસ્ત્ર અસ્ત્ર સહિત તૈયાર ઉભું હતું. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ જામ્યું. આરંભમાં શંકરના ગણોનો પરાજય થવાથી તેઓ પાછા હઠવા લાગ્યા. એ જોઇ વીરભદ્રે તેમને ઉત્તેજન આપ્યું અને સર્વેએ જીવ સટોસટનો હુમલો કર્યો. એમાં દેવ સૈન્યનો પરાજય થયો. તેઓ આમતેમ ન્હાસી છૂટયા. ઇન્દ્રાદિ અષ્ટ લોકપાલ ત્યાં જ ઉભા રહી વિજય મેળવવાનો વિચાર કરવા લાગ્યા.

બૃહસ્પતિએ કહ્યું:

"લોકપાલ બંધુઓ! મિથ્યાભિમાની અને અવિચારી દક્ષનો પક્ષ લઈને તમે યુદ્ધમાં ઉતર્યા છો પરંતુ ક્રોધે ભરાયલા શંકરના ગણો તમારો સંહાર કર્યા સિવાય રહેશે નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં જ વીરભદ્ર ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું:

"ઓ લોકપાલ દેવો! શું તમે દક્ષના યજ્ઞમાં પોત પોતાનો હવિર્ભાગ લેવા આવ્યા છો? ત્યારે લ્યો હવે તમે તમારો હવિર્ભાગ!"

એમ કહી વીરભદ્રે તીક્ષ્ણ બાણની વૃષ્ટિ કરી.

વીરભદ્રની બાણદૃષ્ટિથી થોડી વારમાં જ ઇંદ્રાદિ સર્વ લોકપાલ પરાજય પામી ત્યાંથી ન્હાસી ગયા.

એ જોઈ વીરભદ્રે શંકરના ગણો સહિત યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. જોત જોતામાં યજ્ઞમંડપનો નાશ કર્યો. કોઈએ યજ્ઞના સાહિત્યનો નાશ કર્યો. કોઈએ યજ્ઞપાત્ર તોડી ફોડી નાંખ્યાં. કોઈ મંડપ તોડવા લાગ્યા. કોઈએ પાકશાળાના ચૂરેચૂરા ઉડાવી દીધા. કોઈ વળી મારામારી કરવા લાગ્યા. શંકર ગણોના આ કૃત્યથી જેને જ્યાં રસ્તો મળ્યો ત્યાં તેઓ ન્હાસી ગયા.

અંતે વીરભદ્રે દક્ષ પ્રજાપતિને પકડ્યો. દક્ષને પૃથ્વી ઉપર પટકી દઈ તેની છાતી પર તે ચઢી બેઠો. તેણે કહ્યું:

"દક્ષ! મિથ્યાભિમાની દક્ષ! શંકર ભગવાનના દ્વેષી દક્ષ! હવે તું ત્હારાં કર્મનું ફળ ભોગવ. શંકર ભગવાનનું અપમાન કરી સતીનો નાશ કરનાર તુંજ છે તેથી જ હવે હું ત્હારો નાશ કરીશ."

વીરભદ્રની વિકાળ મુખમુદ્રા જોઈ દક્ષના હાંજા ગગડી ગયા. તેનું અભિમાન ઉતરી ગયું. તેનો શંકરદ્વેષ નાશ પામ્યો, તેની છાતી પર બેઠેલા વિકાળ સિંહ જેવા વીરભદ્રને જોઈ તે સ્તબ્ધ થઈ ગયો. વીરભદ્રે તુરત જ તલવાર વડે તેનું મસ્તક કાપી યજ્ઞના અગ્નિકુંડમાં ફેંકી દીધું. શંકરના ગણોએ યજ્ઞમંડપને અગ્નિસંસ્કાર કર્યો. યજ્ઞમંડપ ભડભડ બળવા લાગ્યો. શંકરના ગણો વિજયોન્મત્ત થઈ "હર, હર મહાદેવ"ની ગર્જના કરતા વીરભદ્ર સહિત કૈલાસ પર્વત તરફ ચાલ્યા ગયા.

દક્ષનો સંહાર થયો! અભિમાની અને દ્વેષી મનુષ્યોની કેવી સ્થીતિ થાય છે તેનું એ શ્રેષ્ઠ દ્રષ્ટાંત જગતમાં અમર રહી ગયુ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪

ક્ષમા.

વીરભદ્રે દેવ અને ઋષિઓનો સંપૂર્ણ પરાજય કર્યો તે વખત તેમણે પોતાના કેટલાક બુદ્ધિમાન વિદ્વાનોને બ્રહ્માજી પાસે મોકલ્યા.

વિદ્વાન મંડળના પ્રમુખે બ્રહ્મદેવને સર્વ હકિગત નિવેદન કરી. તેમણે કહ્યું :

"બળવાન અને બુદ્ધિમાન મનુષ્યનો અપરાધ કરી પોતાનો ઉત્કર્ષ સાધવાની ઇચ્છા રાખવી અશક્ય છે. દક્ષે શંકરનો મહાન્ અપરાધ કર્યો હતો. તેમાં વળી તેમનાં પ્રિય પત્નિના દેહત્યાગથી વૃદ્ધિ થઈ છે પરંતુ શંકર તો ભોળા દેવ છે. હવે તો તેમને શરણે જઈ તેમની જ ક્ષમા યાચના કરો. એ સિવાય અન્ય માર્ગ નથી."

બ્રહ્માજી સહિત સર્વ દેવ અને શિષ્ટ મહાપુરૂષો શંકર ભગવાનના કૈલાસ આશ્રમમાં ગયા. બ્રહ્માજી શંકર પાસે સતીના મૃત્યુ માટે આશ્વાસન આપવા જવાના જ હતા એટલામાં જ સર્વ દેવતાઓ આવી પહોંચવાથી સર્વ એકત્ર થઈ કૈલાસ પહોંચી ગયા.

બ્રહ્માજી વગેરે પ્રયાણ કરતા હતા તે સમયે રસ્તામાં નંદા અને અલકનંદા નામક બે સરિતાઓ વહેતી હતી. સૌગંધિક નામક વન પણ તેમને પસાર કરવું પડયું. વનમાં અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધિત પુષ્પો, લતાઓ અને વૃક્ષોની ઘટાઓ જોવામાં આવી. આ દ્રષ્ય અતિ મનોહર હતું. ત્યાંના પુષ્પો ઉપર ભ્રમર ગુંજારવ કરી રહ્યા હતા. વૃક્ષો ઉપર બેઠેલી કોકિલાઓ પોતાના સુંદર કંઠે વડે પંચમ સ્વરે ગાયન લલકારી રહી હતી. વનમાં કમળપુષ્પથી ભરેલાં અનેક સરોવર જોવામાં આવતાં હતાં. સરોવરમાં અનેક રાજહંસ જળક્રીડા કરી રહ્યા હતા. આ પ્રમાણે સુંદર સૃષ્ટિસૌંદર્ય નિહાળતા સર્વ દેવ અને ઋષિઓ કૈલાસ ઉપર જઈ પહોંચ્યા.

શંકર ભગવાન પોતાના આશ્રમના આંગણામાં બેસી ઋષિઓ સાથે શાસ્ત્રચર્ચા કરી રહ્યા હતા. બ્રહ્મદેવ વગેરે મહાપુરૂષોને આવેલા જોઈ શંકરે તેમનો આદરસત્કાર કર્યો. તેમને બેસવા માટે આસનો આપ્યાં. થોડાં જળ ભરેલાં કમંડળો દ્વારા તેમને જળપાન કરાવ્યું. સુમિષ્ટ ફળ, કંદ, મૂળ તેમની સમક્ષ આહાર માટે મુકી તેમનું આદરાતિથ્ય કર્યું.

ભોજન જળપાન કર્યા બાદ બ્રહ્મદેવે કહ્યું :

"શંકરદેવ! અજ્ઞાની મનુષ્યો અપરાધ કરે ત્યારે સત્પુરૂષો તેના ઉપર કૃપા કરે છે અને તેનો અપરાધ ક્ષમા કરે છે. મ્હારા પુત્ર દક્ષે તમારૂં અપમાન કર્યું. યજ્ઞમાં તમને હવિર્ભાગ મળવો ઉચિત હતું તે તમને મળ્યો નહિં, તદ્ઉપરાંત તમારાં પ્રિય પત્ની સતીનો નાશ થયો. પરંતુ અમે સર્વ તમારા ચરણ શરણમાં આવ્યા છીએ. તમે દક્ષનો અપરાધ ક્ષમા કરી તેને જીવતદાન આપો અને તેનો યજ્ઞ પરિપૂર્ણ કરો."

શંકરે ઉત્તર દીધો :

"બ્રહ્માજી! અહંકારી મનુષ્ય પોતાનાં કર્મનું ફળ ભોગવે છે. પાપીને યોગ્ય શિક્ષા મળી ગઈ છે. હવે તમારી ઇચ્છા પ્રમાણે કરવા હું તૈયાર છું."

એમ કહી શંકર બ્રહ્માજી વગેરે સર્વ દેવ અને ઋષિઓ સહિત દક્ષના યજ્ઞમંડપ તરફ ગયા. શંકરની અમૃતમય દ્રષ્ટિ પડતાં જ દક્ષ પ્રજાપતિ જીવતો થયો. દક્ષે શંકરને પ્રણામ કરી તેમની સ્તુતિ કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાના કૃત્યનો પશ્ચાતાપ કર્યો. તેણે "ક્ષમસ્વ" નામક સ્તોત્ર બોલી પોતાના સર્વ અપરાધની શંકર પાસે ક્ષમા માંગી. તેણે કહ્યું :

"હે શંકર દેવ! મ્હારા અપરાધ ભૂલી જાઓ. તમારો મ્હેં દ્વેષ કર્યો, મ્હેં કોઈની શિખામણ માની નહિં એ મ્હારી મોટી ભૂલ થઈ છે. તમે સમર્થ દેવ છો. મહાજ્ઞાની છો. તમે જ્ઞાનમાર્ગનો પ્રચાર કરો છો તે સત્ય છે. હવે મ્હને જ્ઞાન થયું છે. હવે હું તમારા ચરણ-શરણમાં આવ્યો છું. શરણે આવેલાને તારવો એ તમારા જેવા મહા પુરૂષનો ધર્મ છે."

એટલું કહી તે શંકરને વારંવાર નમસ્કાર કરવા લાગ્યો.

શંકરે દક્ષની નિરાભિમાની વૃત્તિ જોઈ તેના સર્વ અપરાધ ક્ષમા કર્યા. દક્ષે પુનઃ યજ્ઞમંડપ ઉભો કરાવ્યો અને આરંભ કરેલો યજ્ઞ પરિ-પૂર્ણ કર્યો. તે સમયે તેણે અન્ય દેવોની સાથે શંકરને પણ સંપૂર્ણ હવિર્ભાગ અર્પણ કર્યો.

આ સમય પછી દક્ષે યજ્ઞયાગ કરવાનું મિથ્યાભિમાન ત્યાગ કર્યું. હવે તેણે જ્ઞાનમાર્ગનું અવલંબન કર્યું. સુખ અને દુઃખને સમાન માની શાંતિપૂર્વક તે જીવન વ્યતીત કરવા લાગ્યો. હવે તેનું યજ્ઞનું ગાંડપણ ઘણું ખરૂં દૂર થયું. સતીના દેહત્યાગનું પોતે જ કારણ હોવાથી દક્ષને ઘણો પશ્ચાતાપ થયો. તેના હૃદયમાં ઘણી વ્યથા થઈ. તે પાપનું નિવા-રણ કરવા માટે દક્ષ કેટલાક દિવસ એક તપોવનમાં એકાંત સ્થળમાં ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫

તપશ્ચર્યા.

દક્ષને જીવનદાન મળ્યું અને તેનો યજ્ઞ પરિપૂર્ણ થયો તેથી સર્વને અતિશય આનંદ થયો. પરંતુ તે આનંદમાં એક ઉણપ રહી હતી. એક વસ્તુની આવશ્યકતા હતી. વાંચક! તે ઉણપ શી હતી? સાંભળો!

આજના અપૂર્વ આનંદ ઉત્સવમાં ભાગ લેવા માટે સતી દેવી નહોતી. સતી હમેશને માટે સર્વનો ત્યાગ કરી ગઈ હતી તેથી સાચી શિક્ષા તો શંકરને જ થઈ હતી. દક્ષના અપરાધની તેને શિક્ષા મળી અને તેને પુનઃ જીવનદાન પણ મળ્યું. પરંતુ દક્ષના અપરાધને લીધે શંકરને સતીનો વિયોગ હમેશ માટે થયો. અર્થાત્ દક્ષની ભૂલનું પ્રાયશ્ચિત શંકરને સહન કરવું પડયું.

શંકરને સતીનું સ્મરણ ક્ષણે ક્ષણે થતું હતું. સતીનો વિરહાગ્નિ શંકરને ખૂબ સતાવી રહ્યો હતો તેથી તે અસ્વસ્થ થઇ ગયા હતા. તેમના ચિત્તને જરા પણ શાંતિ નહોતી. આશ્રમમાં પણ તેમનું ચિત્ત ચોંટતું ન હતું. તેમનો એક આધાર સ્તંભ તૂટી ગયો હતો. તેમનો એક સત્પાત્ર જીવનસાથી આ લોકનો ત્યાગ કરી ગયો હતો. સતીના વિયોગથી તેમનું મન સદોદિત પ્રજ્વલિત રહેતું હતું. અંતે હિમાલય પર્વતના એક શિખર ઉપર તેઓ તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા.

શંકરની સાથે જ તેમનો સેવક નંદિકેશ્વર, શૃંગી અને ભૃંગી પણ હિમાલય ઉપર ચાલ્યા ગયા. એક શિખર ઉપર સુંદર આશ્રમ બાંધી સર્વ ત્યાં રહેવા લાગ્યા. શંકર વારંવાર સતીનું સ્મરણ કરતા તપશ્ચર્યા કરવામાં સમય નિર્ગમન કરવા લાગ્યા.

સતીનો દ્વિતીય અવતાર પાર્વતિ રૂપે થયો. વાંચક! હવે પછીનો વિભાગ વાંચવાથી તેનું પૂર્ણ રહસ્ય સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬

સતીનો મૃતક દેહ.

હિમાલયનું સુંદર તપોવન ! રાત્રિનો અંધકાર છવાઈ રહ્યો છે. આકાશમાં તારાઓ ચમક્ ચમક્ થયા કરે છે. મંદ પવન ધીમે ધીમે ઉગ્ર રૂપ ધારણ કરી જોસબંધ વહેવા લાગ્યો છે. વૃક્ષોનાં ઝુંડ ને ઝુંડ હાલતાં ડોલતાં મસ્તક ઉંચાં નીચાં કરી રહ્યાં છે. ચંદન વૃક્ષોમાંથી આવતી સુગંધ દશ દિશામાં શીતળતા પ્રસારી રહી છે. વન પશુઓ પોતાનો ભક્ષ શોધવા સર્વત્ર વિચરી રહ્યાં છે. વૃક્ષોની ઘટાને લીધે પ્રકાશ આવી શકતો ન હોવાથી તપોવનમાં ગાઢ અંધકારે જાણે કાળી જાજમો બિછાવી હોય તેમ જણાય છે. માત્ર સમ્સમ્ વહેતા પવનના સુસવાટા અને વૃક્ષોનાં પાંદડાંના ખડખડાટ સિવાય બીજું કાંઈ સંભળાતું નથી.

શંકર ભગવાન ધ્યાનસ્થ બેઠા હતા. આજે તેમના અંતઃકરણમાં શાંતિ જણાતી નથી. પ્રજાપતિને ત્યાં મોકલેલા વીરભદ્ર, નંદી, ભૃંગી આદિ ગણોનું પરાક્રમ આંતર દૃષ્ટિથી તે જોઈ રહ્યા હતા. સતીનો દેહ યજ્ઞકુંડના અગ્નિમાં પડ્યો છે. અગ્નિ ભડભડાટ સળગતો પ્રચંડ જ્વાળા વિસ્તારી રહ્યો છે. પોતાના ગણોએ વીર પરાક્રમથી યજ્ઞમંડપ છિન્નભિન્ન કરી નાંખ્યો છે. અનેક ઋષિમુનિ અને દર્શનાર્થે આવેલા ભક્તજનો આમતેમ ન્હાસી રહ્યા છે. દક્ષને સહાય કરવા આવેલા સૈન્યનો કચ્ચડઘાણ નિકળી રહ્યો છે. અંતે દક્ષનું મૃત્યુ થયું છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકર ભગવાન આ સમયે ધ્યાનભ્રષ્ટ થયા. તેમણે જોયું કે દક્ષને યોગ્ય શિક્ષા મળી ચુકી છે. તેમણે તુરત જ યોગ શક્તિની સહાયતાથી દક્ષના યજ્ઞ તરફ પ્રયાણ કર્યું.

શંકર યજ્ઞમંડપમાં યજ્ઞકુંડ સમીપ આવી પહોંચ્યા. તેમના ક્રોધ યુક્ત રાતાં નેત્ર, સતીના અગ્નિદાહથી ઉતરી ગયેલું શોકગ્રસ્ત મુખ અને પત્નિના અપમાનથી થરથર કમ્પતે શરીરે યજ્ઞકુંડ તરફ જોઈ કહ્યું:

"વીરભદ્ર! નંદી! ભૃંગી! મ્હારા ગણ સૈનિકો! સતી દેવી એ તો સતી જ હતાં. તેમનો મ્હારા પ્રત્યેનો પતિ પ્રેમ અદ્‌ભૂત હતો. મ્હારાથી તેમનો વિયોગ સહન થતો નથી. સતી અહીં યજ્ઞમાં આવ્યાં ત્યારથી મ્હારૂં ચિત્ત સ્વસ્થ નથી. વિશ્વનું કે દેવોનું કોઈ પણ કાર્ય મ્હને રૂચતું નથી. મ્હને મ્હારાં સતીની જ ઇચ્છા છે. જો કે સતી યજ્ઞકુંડમાં પડ્યાં છે. તેમનું શરીર અગ્નિ વડે બળતું જણાય છે, પરંતુ વાસ્તવિક જોતાં તેમનો આત્મા તો અમર જ છે, તે આત્મા તો અહીં જ છે, પરંતુ મ્હારે તેને પુનઃ શરીર ધારણ કરાવી પત્નિ રૂપે જીવંત રાખવો છે."

વીરભદ્રે બે હાથ જોડી કહ્યું:

"પ્રભુ! આપની શક્તિ અદ્‌ભૂત છે. અલૌકિક છે. એ શક્તિ ત્રિલોકમાં કોઈ જાણતું નથી. બ્રહ્મા, વિષ્ણુ કે કોઈ દેવો તે જાણવા સમર્થ નથી. આપ ઇચ્છામાં આવે તેમ કરી શકો છો. આપની ઇચ્છા થતાં જ ત્રિભૂવનના જડચેતન કમ્પાયમાન થઈ શકે છે. જીવતાં શરીર મૃત્યુ પામી શકે છે, અને મૃત પામેલાં શરીર જીવતાં થઈ શકે છે! પ્રભો! આપ સતીને સજીવન કરી શકો છો."

શંકર ભગવાને ઉત્તર દીધો:

"વીરભદ્ર! તું કહે છે તે સત્ય છે. મ્હારી અલૌકિક શકિત કોઈ જાણતું નથી. હું ધારૂં તો સતીને હમણાં જ જીવિત કરવા સમર્થ છું પરંતુ દક્ષ જેવા દામ્ભિક અને મિથ્યાભિમાનીને ઘેર પુનઃ તેમનો સંબંધ થાય એ હું ઇચ્છતો નથી. સંસારમાં મ્હારા બીજા ઘણા ભકતો છે. સતી જેવું રમણી રત્ન પાત્રને દાન કરવું ઉત્તમ છે, પરંતુ હમણાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતીનો વિરહ શોકાગ્નિ મ્હને બાળી ભસ્મ કરી રહ્યો છે. મ્હને સતીનો બળેલો નિર્જીવ જણાતો દેહ જોઈ વિશેષ અગ્નિ વ્યાપિ છે, માટે તમે બધા એકદમ દૂર થઈ જાઓ. મ્હને સતીના મૃતકદેહનું મિલન થવા દો."

એમ કહી શંકરે અગ્નિકુંડમાં પ્રવેશ કરી સતીના દાઝી ગયેલા મૃતક શરીરને ઉપાડ્યું. તે લઈ તેઓ તુરત જ અગ્નિકુંડમાંથી બહાર આવ્યા. સતીના મૃતક દેહને ખભે ચઢાવી બોલવા લાગ્યા:

"વીરભદ્ર! સતીના મૃતદેહનો સ્પર્શ થવાથી મ્હારા બળતા અંતઃકરણને કાંઈક શાંતિ થઈ છે, હવે તમે સર્વ તમારા આશ્રમે ચાલ્યા જાઓ. હું સતીને લઈ કૈલાસ જાઉં છું, તેનો અમર આત્મા તો મ્હારી સાથે જ છે. હું કૈલાસ જઈ મ્હારો શોક શાંત કરીશ. ત્યાં સુધી તમે કોઈ દેવોને મ્હારી પાસે આવવા દેશો નહિ."

વીરભદ્ર અશ્રુપાત કરવા લાગ્યો. એ જોઈ સર્વ ગણોના નેત્રમાંથી પણ અશ્રુપાત થવા લાગ્યો. દક્ષની પત્નિ પ્રસૂતિ અને બ્હેનો પણ અશ્રુપાત કરવા લાગી.

મધ્ય રાત્રિનો સમય હતો. સર્વત્ર અંધકાર છવાઈ રહ્યો હતો. દક્ષ પત્નિ પ્રસૂતિ અને તેની કન્યાઓ અશ્રુપાત કરતાં હતાં. તેમના મુખ ઉપર શોકની કરૂણ છાટા જણાતી હતી. પુત્રીનો વિયોગ માતાને વિશેષ જણાય છે. વિલાસવિભવમાં સુખ ભોગવતી બ્હેનો પણ આ સમયે ભગિની-વિયોગને લીધે આક્રંદ કરતી હતી. પ્રસૂતાએ બે હાથ જોડી કહ્યું:

"ભગવાન શંકરદેવ! આપ તો અમારા પુત્ર સમાન છો. સતીના પિતા આપના પ્રત્યે ગમે તેટલો દ્વેષ રાખતા હતા પરંતુ હું તો આપને મ્હારા પૂજ્ય ધર્મપુત્ર સમાન જ માનું છું. સતીના આવવાથી તેના પિતાને ગમે તેટલો ક્રોધ થયો હશે પરંતુ મ્હને તો અતિશય આનંદ જ થયો હતો. આપ કૃપા કરો! ક્રોધ શાંત કરો. મ્હારી પુત્રિનો મૃતક દેહ મ્હને આપો અને તે પુનઃ મ્હારે ત્યાં જન્મ લઈ આપની સાથે લગ્ન કરે એવી વ્યવસ્થા કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરે ઉત્તર દીધો !

"માતાજી ! પ્રસૂતા ! તમારૂં અંતઃકરણ હું સૂક્ષ્મ દ્રષ્ટિએ જોઈ શકું છું. તમારો પુત્રિ પ્રેમ અવિચળ હતો, અખંડ હતો પરંતુ દક્ષ તો મિથ્યાભિમાની અને દંભી હતા. તેમના અપમાનને લીધેજ તમારાં પુત્રી સતીએ યજ્ઞકુંડમાં પોતાનો દેહ અર્પણ કર્યો છે. એવા મિથ્યાભિમાનીને ઘેર સતીનો દેહ સોંપવો એ મ્હને અધર્મ જણાય છે. સતી તે સતી જ હતાં. તે મહાન્ પતિવ્રતા, પતિભક્ત હતાં, તે તો મ્હારાં સહધર્મિણી જ હતાં, તેથી તેમનો પવિત્ર દેહ દક્ષ જેવા અધર્મિને ઘેર રહેવા દેવો મ્હને ઉચિત્ જણાતું નથી. હું તે એક ક્ષણ પણ રહેવા ઇચ્છિશ નહિ. મ્હને સતીનો એક ક્ષણનો વિયોગ અનંતકાળ જેવો લાગે છે. ભલે તેમનો દેહ આત્મારહિત હોય, પણ તેમનો અમર આત્મા તો મ્હારી નજીક છે. મ્હારે પુનઃ સતી સાથે જ લગ્ન કરવાં છે, માટે હવે તમે આગ્રહ કરશો નહિં. દક્ષ જેવા અધર્મીને ઘેર સતી એક ક્ષણ પણ રહે તો તેમના આત્માને અતિશય કલેશ થશે, તે આત્મા જ મ્હને એમ કરવાની ના પાડે છે, માટે હવે અમને કૈલાસ પર જવાની રજા આપો."

એટલું કહી શંકરે સતીના દેહ સાથે ઉર્ધ્વ ગમન કરવા માંડ્યું. ધીમે ધીમે ઉચ્ચ આકાશમાં તેઓ વિચરવા લાગ્યા. રાણી પ્રસૂતા અને તેમની પુત્રીઓ અશ્રુ ભરેલે નેત્રે આકાશ માર્ગે ગમન કરતા શંકર તરફ જોઈ રહ્યાં.

શંકરની મૂર્તિ દેખાતી અદૃષ્ય થઈ ત્યારે તેઓ શોકમગ્ન ચ્હેરે ઘેર વિદાય થયાં. આ વખતે તેમના હૃદયમાં થતી વિરહ વેદનાનું વર્ણન કરવું અશક્ય છે. પુત્રિ શોક, ભગિની શોક અસહ્ય હોય છે અને તે મનુષ્ય માત્રના અંતઃકરણમાં દારૂણ વેદના ઉત્પન્ન કરે છે ! પ્રસૂતા અને તેની કન્યાઓને તેવી જ અસહ્ય વેદના થતી હતી. તેઓ સર્વ મહેલમાં ગયાં પરંતુ આજે તેમને ક્ષુધા તૃષા જણાતી નહોતી. આજે તેઓ અશ્રુપાત કરતાં શય્યામાં પડી રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭

તાંડવનૃત્ય--દેવોની આરાધના.

શંકર ભગવાન સતીનો મૃતક દેહ લઈ કૈલાસ પર આવી પહોંચ્યા. રાત્રિનો ગાઢ અંધકાર. વાયુદેવતા મંદમંદ થંડી લહરોથી વહન થઈ રહ્યા હતા. તપોવનમાં સર્વત્ર શૂન્યકાર જણાતું હતું.

સતીનું સ્મરણ થતાં જ જે સ્નેહની લાગણીને વશ થઈ પોતાનું દેહાભિમાન ભૂલી જતા તેજ શંકરે પોતાના આશ્રમમાં સતીના દેહને પર્ણની શય્યા ઉપર પધરાવ્યો. શંકર વારંવાર પતિપ્રેમ અને તેમના સદ્‌ગુણ યાદ કરી શોક કરવા લાગ્યા. સતીનો જ્યોતિ રૂપ પવિત્ર આત્મા આશ્રમના એક આસન ઉપર પ્રકાશમાન થઈ રહ્યો હતો.

શંકર સતીના દેહ સહામું જોઈ વારંવાર શોક કરતા હતા. આજે તેમને જગત્‌નું ભાન નથી. આજે તેમને પૃથ્વીના દેવોની આરાધના સંભળાતી નથી. આજે તેઓ ભકતોની સ્તુતિ પ્રાર્થના તરફ લક્ષ્ય આપતા નથી. આજે તેઓ સત્વ ગુણને વિસરી ગયા છે. આજે તેમના રૂંવે રૂંવામાં સતી સતી થઈ રહ્યું છે. આજે તેઓ સતીનો પતિપ્રેમ યાદ કરી વારંવાર શોક કરે છે. આજે તેમનામાં અન્ય કોઈ ભકતની સ્તુતિ પ્રાર્થના સાંભળવાની શકિત રહી નથી. આજે તેમના વિયોગ દુઃખનો પાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્ય રાત્રિ વિતતાં જ પુનઃ તેમણે સતીના દેહને ખભા પર લઈ શોકમગ્ન ચિત્તે તપોવનમાં આમતેમ ફરવા માંડ્યું. તેમના મુખમાંથી વારંવાર "સતી! ઓ સતી!" એ જ શબ્દો સંભળાતા હતા. સતીના વિયોગની ધૂનમાં ને ધૂનમાં જ તેમણે તાંડવનૃત્ય કરવા માંડ્યું. સતીનો આત્મા ધીમે ધીમે શંકરના સમીપ આવી શંકરના નૃત્યને જોવા લાગ્યો.

શંકરનો શોક એટલે ત્રિભુવનનો શોક! શંકરનો શોક એટલે સર્વ દેવોનો શોક! શંકરનો શોક એટલે તેમના સર્વ ભક્તોનો શોક! શંકરનો શોક એટલે જગતના પ્રત્યેક જડ ચૈતન્યનો શોક! આજે દેવોને સંકટ ઉપસ્થિત થતાં જ શંકરનું સ્મરણ થતું! બીજે કોઈ દિવસે તો દેવોની સ્તુતિ સાંભળતાં જ શંકર ભગવાન દર્શન દઈ તેમની મનઃકામના પૂર્ણ કરતા. પરંતુ આજે! આજે તો તેમની તે પ્રાર્થના શંકરને કાને પહોંચતી નથી! શંકર તેમની પ્રાર્થના સાંભળતા નથી! અનેક મંત્રાનુષ્ઠાન, અનેક યજ્ઞયાગ, અને અનેક પ્રકારના સુગંધિત દ્રવ્યોની આહૂતિ આપી શંકર ભગવાનને પ્રસન્ન કરવા છતાં તેઓ કોઈ દેવની પ્રાર્થના સાંભળતા નથી! આજે તેઓ કોઇનાં દુઃખ દૂર કરવા દર્શન દેતા નથી! તેમ થવાથી દેવો અને ભક્તોમાં હાહાકાર થઈ રહ્યો છે! સર્વનાં અંતઃકરણમાં શોકાગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો છે. શંકરનાં દર્શન વિના સર્વ દેવો ખૂબ જ અકળાયા! તેઓ સર્વ એકત્ર થઈ વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું? સર્વએ બ્રહ્માજી પાસે જવાનો વિચાર કર્યો. બ્રહ્માજી સન્મુખ જતાં તે સર્વેને વિષ્ણુ પાસે જવાની સલાહ મળી. સર્વ વિષ્ણુ પાસે ગયા અને પોતાનું દુઃખ નિવેદન કર્યું. સર્વ દેવોના મૂખ્ય અધિષ્ઠાતા ઇન્દ્રે વિનતિ કરી :

"ભગવન્! વિષ્ણુ દેવ! આજે સર્વ દેવો તમારી સહાયતા માટે આવ્યા છે. આજે તેમણે અનેક મંત્રાનુષ્ઠાન કર્યાં છે છતાં શંકર ભગવાનનાં દર્શન થતાં નથી. સતીના વિરહ તાપથી સંતપ્ત થયેલા શંકર આજે વિરહ દુઃખથી કષ્ટ પામી રહ્યા છે તેથી તેઓ જગતનું સંચાલન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય વિસ્મૃત થયા હોય એમ જણાય છે. હવે તમે સત્વર તૈયાર થાઓ. આપણે શંકર ભગવાન પાસે જઈ તેમની પ્રાર્થના કરીએ. તમે કોઈ માર્ગ શોધી કાઢો, નહિં તો જગતનાં સર્વ કાર્ય અટકી જશે અને અસુરોનો ત્રાસ વૃદ્ધિ પામશે. એટલું જ નહિં પણ અનેક શંકર ભકતો અનેક પ્રકારના અદૃષ્ટ કષ્ટને લીધે અનેક પ્રકારનાં દુઃખ ભોગવી મૃત્યુને શરણ થશે. તેમના ગૃહકુટુંબ અને વ્યાપાર રોજગાર બંધ થઈ જશે. તમે અમારી સાથે આવો. આપણે સર્વ શંકર ભગવાનને શોકમુકત થવા પ્રાર્થના કરીએ. તમે તેમને સતીનો શોક ભૂલાવી કોઈ અન્ય સુંદર તરૂણી સાથે પરણાવવાની વ્યવસ્થા કરો."

દેવતાઓની સ્તુતિ અને કરૂણાજનક વિનતિ સાંભળી વિષ્ણુએ કહ્યું : "મહેન્દ્ર! તમે કહો છો તે સત્ય છે. શંકર ભગવાન સતીના શોકમાં મગ્ન થયા છે તેથી તે જગતના જીવોને ભૂલી ગયા છે. દેવોને ભૂલ્યા છે અને ભકતોને પણ ભૂલ્યા છે. ચાલો, હું તમારી સાથે આવું છું. તેમની સ્થિતિ જોઈ કયા પ્રકારની વ્યવસ્થા કરવી તેનો ત્યાં જ નિર્ણય કરીશું."

એમ કહી વિષ્ણુએ તરત જ પોતાનાં વિમાન તૈયાર કરાવ્યાં અને વિષ્ણુ તથા સર્વ દેવો કૈલાસ ઉપર ગયા.

રાત્રિનો પાછલો પ્રહર હતો. બ્રાહ્મ મુહૂર્ત થઈ ચુકયું હતું. પવનની થંડી લહરો મનુષ્ય મનને આનંદ આપતી હતી. પુષ્પોમાંથી નિકળતી મધુર સૌગંધ સર્વનાં મસ્તક તૃપ્ત કરતી હતી. નદી અને ઝરણાંમાંથી વહેતો જળપ્રવાહ પ્રણવનાદ કરતો વહન થઈ રહ્યો હતો. વૃક્ષોના પાંદડાંમાંથી નિકળતો મધુર પ્રણવોચ્ચાર જાણે સર્વને પ્રણવનું ગાન કરવા ઉપદેશ દેતો હતો. ઇન્દ્રાદિ સર્વ દેવો શંકરના તપોવનમાં પ્રવેશ કરી શંકરના આશ્રમમાં આવી પહોંચ્યા.

તેમણે શું જોયું? આ સમયે શંકર સતીનો દેહ ખભા ઉપર લઈ સતીના વિયોગ દુઃખથી ભાન ભૂલ્યા હતા. તેઓ અત્યારે તાંડવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્ય કરી રહ્યા હતા. આ નૃત્ય કાંઈ આનંદનું નૃત્ય નહોતું. આ નૃત્ય કાંઈ ચેતન અવસ્થામાં થતું લગ્ન-નૃત્ય ન હતું. આજે તો શંકરના અંતઃકરણમાં વિરહાનળ વ્યાપી રહ્યો હતો. આજે તો શંકર સતીના વિયોગથી અતિ કષ્ટ પામતા ગમે તેમ પગલાં ભરતા નૃત્ય કરી રહ્યા હતા.

શંકરનું તાંડવનૃત્ય જોઈ સર્વ દેવો આશ્ચર્યચકિત થયા. તેમણે શંકરને કોઈ દિવસ આવા શોકસંતપ્ત જોયા નહોતા. તેમણે કોઈ દિવસ શંકરને આટલા બધા શોકમગ્ન જોયા નહોતા. તેમણે કોઈ દિવસ તેમને આવા પત્નિ પ્રેમમાં લિપ્ત થયેલા જોયા નહોતા. આજે તો તેઓ પગલે પગલે "સતી! ઓ સતી" એ જ શબ્દોચ્ચાર કરતા હતા. આજે તેમને જગતના કોઈ પણ દેવ કે ભક્તનું સ્મરણ થતું નહોતું.

શંકરને આવું અદ્‌ભૂત નૃત્ય કરતા અને વારંવાર સતી શબ્દોચ્ચાર કરતા જોઈ બ્રહ્મા અને વિષ્ણુ પણ ચકિત થયા. બ્રહ્માએ કહ્યું કે "જો શંકર આવી સ્થીતિમાં રહેશે તો જગતનું શું થશે? અનેક પ્રકારનાં કષ્ટથી પિડાતા દેવો અને ભક્તોની શી સ્થીતિ થશે? સંસારનાં અનેક પ્રકારનાં કષ્ટથી પિડાતા દેવો અને મનુષ્યો શંકરની ઉપાસના કરી રહ્યા છે. શંકરને પ્રસન્ન કરવા તેઓ અનેક પ્રકારનાં મંત્રાનુષ્ઠાન કરી રહ્યા છે પરંતુ તે સર્વ મિથ્યા છે. આજે તે કોઈ પણ દેવોની સ્તુતિ સાંભળતા નથી! આજે તો દેવતાઓ અને શંકરભક્તો અનેક પ્રકારનાં કષ્ટ ભોગવી રહ્યા છે. તમે તેમને સહાય કરો. સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય થાય એમ કરો."

બ્રહ્માએ પુનઃ વિષ્ણુને કહ્યું :

"મહારાજ! તમારા સિવાય દેવતાઓને આવી પડેલા દુઃખમાંથી બીજું કોઈ મુક્ત કરી શકે એમ નથી. તમે કોઈ યુક્તિ પ્રયુક્તિ દ્વારા શંકરને શોકમુક્ત કરો અને પુનઃ સચેતન અવસ્થામાં લાવી દેવોનાં દુઃખ નિવારણ કરવા કોઈ માર્ગ શોધી કાઢો."

વિષ્ણુ ભગવાને થોડી વાર વિચાર કરી ઉત્તર દીધો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવેન્દ્ર! બ્રહ્મદેવ! શંકરને શોકમુક્ત કરવા એ કાંઇ સ્હેલું નથી. એ ત્રિગુણાત્મક દેવ છે. એ તો મહેશ્વર છે. એમને જ્યારે કોઇના ઉપર પ્રેમ ઉત્પન્ન થાય છે અર્થાત્ કોઇની ભક્તિ જોઈ પ્રસન્ન. થાય છે ત્યારે ભાન ભૂલી જઈને તેને સર્વસ્વ આપી દે એવા તે ભોળા સત્વગુણ પ્રધાન છે. તે વખતે કોઇની કાંઈ પણ વાત સાંભળતા નથી. ભસ્માસૂર વગેરે અસુરોને ઇચ્છિત વરદાન આપનાર એ જ શંકર, પોતાની પત્નિને ત્રાસ આપનાર અસૂરને વરદાન આપનાર એ જ શંકર! પરંતુ જ્યારે તેઓ ક્રોધે ભરાય છે, જ્યારે તેમનું અગ્નિમય ત્રિજું નેત્ર ઉઘડે છે અને તેમાંથી અગ્નિની પ્રચંડ જ્વાળાઓ પ્રકટે છે એ વખતે તે અગ્નિમાંથી કોઈ પણ બચતું નથી. એક વખત તેમને ક્રોધ થયો કે શોક થયો કે પછી તેમાંથી રક્ષણ મેળવવાનું કોઇનામાં સામર્થ નથી. તેમ છતાં હું જોઉં છું. તેમની સાથે વાતચિત કરતાં જે કાંઈ યોગ્ય હશે તે કરવા હું તત્પર છું."

બ્રહ્મા, વિષ્ણુ વગેરે સર્વ દેવો આશ્રમમાં જઈ શંકરની સ્હામે બે હાથ જોડી ઉભા રહ્યા અને તેમની સ્તુતિ કરવા લાગ્યા. પરંતુ શંકરે તેમના સ્હામું જોયું નહિ. સર્વ દેવો એકચિત્ત થઇ પુનઃ પુનઃ તેમની પ્રાર્થના કરવા લાગ્યા. અંતે શંકરે રાતાં નેત્ર ને ભયંકર મુખ-મુદ્રા વડે વિષ્ણુ વગેરે દેવોના સ્હામે દ્રષ્ટિ કરી.

વિષ્ણુએ નમ્રતા પૂર્વક બે હાથ જોડી કહ્યું:

"ભગવન્! તમે તો સતી દેવીના શોકમાં નિમગ્ન થઇ રહ્યા છો. આજે તમે કોઇ દેવોની પ્રાર્થના સાંભળતા નથી. આજે સર્વ દેવોના મંત્રાનુષ્ઠાન વ્યર્થ જાય છે. તમે કૃપા કરી શોકમુક્ત થાઓ અને દેવોની વિનતિ સાંભળો."

શંકર તો એક ચિત્તે "સતી! ઓ સતી" બસ, એ જ શબ્દો-ચ્ચાર કરી રહ્યા હતા. તેમના નેત્રમાંથી શોકાગ્નિ ઝરતો હતો.

વિષ્ણુએ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહારાજ! તમે સતીનો શોક કરો છો એવો જ શોક અમને પણ થાય છે. તેઓ પતિવ્રતા હતાં. તેમના પિતા મહારાજા દક્ષની ઇચ્છા નહિ હોવા છતાં પોતાની સ્વેચ્છાથી તમારી સાથે પરણ્યાં હતાં. પિતાના ઘરનો સુખ વૈભવ ત્યાગ કરી તેમણે તમારી સાથે લગ્ન કરી વન જંગલની પર્ણકુટીર અને વનફળ મુળકંદનું ભોજન પસંદ કર્યું હતું. તેઓ સહધર્મિણી હતાં. પતિનો ધર્મ તપશ્ચર્યા અને જંગલનિવાસ તેને જ તેમણે પોતાનો ધર્મ માન્યો હતો. તમારૂં જ્ઞાન એજ તેમને પ્રિય હતું. કર્મયોગ કરતાં જ્ઞાનયોગ તેમને પસંદ હતો. એવાં પતિવ્રતા સતીના વિયોગથી દુઃખ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ભગવાન! તેમનો અમર આત્મા તો તમારી પાસે જ જ્યોતિ રૂપે પ્રકાશી રહ્યો છે. મૃત દેહ સાથે હવે માયા મમતા રાખવાથી શું ફળ છે? તમે તો આ દેહને સજીવન કરી શકો છો. તમારી પાસે તો મૃતસંજીવની વિદ્યા છે. ઇચ્છામાં આવે તો એ દેહ પુનઃ સજીવન કરો, અને આ અમર આત્માને તેમાં પુનઃ પ્રવેશ કરાવી સતીનો દેહ દિવ્ય અને સુંદર બનાવો. અમારી પ્રાર્થના છે કે તમે શોકમુકત થઈ દેવોની વિનતિ સાંભળો. તેમનાં અનેક પ્રકારનાં દુઃખ દૂર કરો."

શંકરે અર્ધ ચેતનાવસ્થામાં જ કહ્યું :

"વિષ્ણુ! તમારૂં કહેવું સત્ય છે. હું મૃતસંજીવની વિદ્યા જાણું છું. મહામૃત્યુંજયના જપ કરવાથી અનેક વ્યાધિ કષ્ટ દૂર થાય છે એ પણ હું જાણું છું. પરંતુ દક્ષ જેવા મિથ્યાભિમાની રાજાનાં પુત્રી તરીકે સતી રહે એ મ્હને પસંદ નથી. તેથી જ હું એમને સજીવન કરતો નથી. સતી જેવી પતિવ્રતા અને સહધર્મચારિણી સ્ત્રી મળવી મુશ્કેલ છે. સતીનો મારા પ્રત્યેનો ગાઢ પ્રેમ મ્હને પળે પળે યાદ આવે છે. એટલે હવે મ્હારે શું કરવું તેનો વિચાર કરી રહ્યો છું."

વિષ્ણુએ ઉત્તર દીધો :

"મહારાજ! તમે તો ત્રિકાળજ્ઞાની મહાપુરૂષ છો. તમે ક્ષણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારો તે કરી શકો છો. સતીનો અમર આત્મા જ્યોતિ રૂપે પ્રકાશી રહ્યો છે. તેને પૂછો અને તે જેમ કહે તેમ કરો. એ જ મ્હારી પ્રાર્થના છે."

શંકરે તુરત જ આશ્રમની પર્ણકુટીરમાં પ્રવેશ કર્યો. દેવો પર્ણકુટીરની બહાર ઉભા રહ્યા. સતીનો આત્મા પણ શંકરની પાછળ પાછળ પર્ણકુટીરમાં ગયો. શંકરે કરૂણામય દ્રષ્ટિએ પૂછ્યું:

"અમર આત્મા! તમે તો મ્હારાં પ્રિય સતીનો આત્મા છો. તમે જૂવો છો કે: બ્રહ્મા, વિષ્ણુ અને અન્ય સર્વ દેવો મ્હારી પાસે આવી વિનતિ કરી રહ્યા છે. જ્યાં સુધી તમે પુનઃ દેહ ધારણ કરી મ્હારી સાથે ન રહો ત્યાં સુધી મ્હારા આત્માને કોઈ પ્રકારનું સુખ થશે નહિં તેમજ કોઈ દેવોની વિનતિ સાંભળવાનું ચૈતન્ય પણ મ્હારામાં આવશે નહિં માટે હવે તમે જ સલાહ આપો. મ્હારે શું કરવું?"

સતીના જ્યોતિરૂપ આત્માને વાચા ઉત્પન્ન થઈ. તેણે કહ્યું:

"પ્રભો! પતિદેવ! પતિવ્રતા સ્ત્રીનો ધર્મ એ જ છે કે: તેણે એક વખત જેની સાથે લગ્ન કર્યું તેનો જ સહવાસ જન્મોજન્મ માંગવો જોઈએ. મ્હારા પિતા એક રાજા હતા. તે વિલાસ વિભવમગ્ન હતા. પિતાને ઘેર સર્વ પ્રકારનાં મિષ્ટાન્ન ભોજન અમને પ્રાપ્ત થતાં હતાં પરંતુ પ્રભો! મ્હને તો જ્ઞાનની આવશ્યકતા હતી. કોણ જાણે મ્હારા પૂર્વ જન્મના સંસ્કારને લીધે મ્હને આપના જેવા સમર્થ જ્ઞાની મહાપુરૂષ સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ હતી. પિતા યજ્ઞયાગાદિક કર્મને શ્રેષ્ઠ માનતા હતા. તેમને અનેક પ્રકારનાં માન અને યશની ઇચ્છા હતી. તેમને પોતાના કર્મમાર્ગનું અભિમાન હતું અને તે આપના જ્ઞાનમાર્ગનું ખંડન કરતા હતા. તેમજ અપમાન પણ કરતા હતા એ હું સારી પેઠે જાણતી હતી. મ્હારા પિતાએ સુખ વિભવ સમ્પન્ન પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે મ્હારી બીજી બ્હેનોનાં લગ્ન કર્યાં હતાં અને મ્હારી ઇચ્છા આપની સાથે લગ્ન કરવાની જાણી અતિશય અસંતુષ્ટ થયા હતા. મિથ્યાભિમાની મનુષ્યો અહંકારી અને સુખાભિલાષી જ હોય છે તેથી આપની સાથે મ્હારાં લગ્નની વાત જાણી તેમને પારાવાર કષ્ટ થયું હતું પણ મ્હારી ઇચ્છા પ્રબળ જાણી આપની સાથે મ્હારૂં લગ્ન કર્યું. તેમની એ અનિચ્છા યજ્ઞ સમયે જણાઈ આવી. તેમણે મ્હારૂં અપમાન કર્યું અને તેથી જ મ્હારે યજ્ઞકુંડમાં શરીર અર્પણ કરવું પડયું. હવે મ્હારી ઇચ્છા એ જ છે કેઃ પુનઃ દેહ ધારણ કરી આપની સાથે જ લગ્ન કરવાં અને આપની સેવામાં નિમગ્ન રહેવું. પ્રભો ! જગતના માયાવી જીવો આપની અલૌકિક દિવ્ય શક્તિ શી રીતે સમજે ? પતિવ્રતા સ્ત્રીઓનો તો એ જ ધર્મ છે કે તેમણે જીવન પર્યંત એક જ પતિની સેવા આરાધના કરવી. પછી તે ગમે તેવો સુખી વૈભવશાળી કે દુઃખી દરિદ્રી હોય પરંતુ સતીને મનથી તો જન્મોજન્મ એક જ પતિની વાંચ્છના હોવી જોઈએ. સુખ અને દુઃખ એ તો તાપ અને છાંયા જેવાં છે. ક્ષણમાં સુખ તો ક્ષણમાં દુઃખ ભોગવવાં પડે છે. સુખ કિંવા દુઃખ હમેશાં એક સરખાં રહેતાં નથી. સામાન્ય સ્ત્રીઓ સુખ આવે છે ત્યારે આનંદમગ્ન રહે છે પણ દુઃખ આવી પડતાં પતિને અનેક પ્રકારના શ્રાપ આપે છે. અનેક પ્રકારનાં મહેણાં મારી તેને વિશેષ દુઃખી કરે છે. આપણા વેદમાં પણ સ્ત્રીને ઉપદેશ કર્યો છે કેઃ સ્ત્રીએ જન્મોજન્મ એક જ પતિની આરાધના કરવી પછી ભલે તેનાથી સુખ કિંવા દુઃખની પ્રાપ્તિ થાય. સુખ અને દુઃખ તો એક પછી એક ચાલ્યાં જ આવે છે. સુખ હમેશાં રહેતું નથી તેમ જ દુઃખ પણ હમેશાં રહેતું નથી. પ્રભો ! મ્હારી તો પ્રાર્થના એ જ છે કે આપ ભલે વનવાસી હો, આપ ભલે જંગલમાં રહેતા હો, આપ ભલે પર્ણકુટીરમાં પર્ણની શય્યામાં નિવાસ કરતા હો, આપ ભલે વનમૂળ,, ફળ, કંદનું ભોજન કરતા હો, અને ભલે આપ વિષધરના વિષપાનમાં મસ્ત રહેતા હો પરંતુ મ્હારે તો આપ જેવા પતિની જ મનવાંચ્છના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ કૃપા કરો અને મ્હને પુનઃ આપના સમાગમમાં રહેવાનો લાભ આપો."

સતીના આત્માની અમૃતમય વાણી સાંભળી શંકરે કહ્યું :

"પ્રિય દેવી! તમારી એ મનવાંચ્છના ફળિભૂત થાઓ. એ જ મ્હારો આશિર્વાદ છે."

શંકર સતીની સલાહ લઈ પર્ણકુટીર બહાર નિકળ્યા. તેમની ખાંધે સતીનો મૃતદેહ તો લટકતો જ હતો. શંકરે વિષ્ણુ આદિ દેવોને કહ્યું :

"દેવેન્દ્ર! વિષ્ણો! સતીના અમર આત્માની મ્હેં સલાહ લીધી છે. તેમને તો પુનઃ જન્મોજન્મ મ્હારી સાથે જ લગ્ન કરી મ્હારા સાન્નિધ્યમાં જ રહેવું છે. તેમને તો મ્હારી સેવા જ કરવી છે. તેમને તો મ્હારો વનવાસ અને ફળ કંદમૂળ જ પસંદ છે. તેમને તો મ્હારી પર્ણકુટીર પર્ણશય્યા અને મ્હારૂં વિષપાન જ પસંદ છે. તેમને તો મ્હારા જ્ઞાનની તૃષ્ણા છે. હવે તમે સલાહ આપો કે એ આત્માને ક્યાં જન્મ આપવો કે જેથી તે પુનઃ મ્હારી સાથે લગ્ન કરી શકે. વિચાર કરીને કહેજો. દક્ષ જેવો કોઈ મિથ્યાભિમાની, કોઈ વિભવવિલાસી કે કોઈ દંભી મનુષ્ય ન હોવો જોઈએ. દક્ષ જેવો કોઈ કેવળ કર્મને માનનાર અને સતીના અન્ય શરીરની ઇચ્છાને અટકાવનાર મનુષ્ય ન હોવો જોઈએ. સતીનું જેમ દક્ષે અપમાન કર્યું તેવો કોઈ દુષ્ટ પિતા ન હોવો જોઈએ કે જેથી સતીની પેઠે તેને પણ યજ્ઞકુંડમાં દેહાર્પણ કરવો પડે. વિષ્ણુ! તમે સાત્ત્વિક મૂર્તિ છો. તમે બુદ્ધિમાન છો. તમે બીજા દેવોની પણ સલાહ લઈને મ્હને ઉત્તર આપો કે : સતીનો જન્મ કયા ભક્ત મનુષ્યને ત્યાં થવો જોઈએ અને સતીના મૃતદેહનું શું કરવું? તમે જાણો છો કે એ તો મહાન્ સતી હતાં. હજી તેમના મૃતક દેહના આણું આણુંમાં મહાન ચૈતન્ય છે. હજી તેમના શરીરના સર્વ અવયવોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન્ શક્તિ છે. સતીના શરીર અવયવો અમર થાય અને તે પણ જગતના જીવોનું કલ્યાણ કરે એવો માર્ગ બતાવો."

શંકરનાં વચનો સાંભળી વિષ્ણુ ભગવાને અન્ય દેવો સાથે વિચાર કર્યો. કોઈ દેવે કહ્યું :

"મહારાજ! જ્યારે સતીના દેહાવયવોમાં ચૈતન્ય છે ત્યારે તે અમને આપો. અમે તેમની દેવી રૂપે સ્થાપના કરી તેમની કૃપાભિક્ષા માંગીશું એટલે અમારાં સર્વ કાર્યો નિર્વિઘ્ને સમાપ્ત થશે."

વળી એક બીજા દેવે કહ્યું :

"મહારાજ! એ દેહ અમને આપો. અમે મૃત્યુ લોકની કોઈ પવિત્ર સરિતાના મધ્ય જળમાં તેમનું મંદિર બનાવી જળદેવી તરીકે તેમનું પૂજન અર્ચન કરીશું. અમે મંત્રાનુષ્ઠાન કરી એ મહાદેવીને પ્રસન્ન કરીશું એટલે અમારી મનઃકામના સિદ્ધ થશે."

આ પ્રમાણે સર્વ દેવો પોતપોતાની ઇચ્છાનુસાર માંગણી કરવા લાગ્યા.

બ્રહ્મા અને વિષ્ણુને તેમની આ એકલપેટી સ્વાર્થી માંગણી પસંદ પડી નહિં. તેમણે પૂરતો વિચાર કરી કહ્યું :

"ભગવાન શંકર! જૂદા જૂદા દેવોની ઇચ્છા તો આપ જાણી શકયા છો પરંતુ અમારી ઇચ્છા એ છે કે સતી દેવીના પ્રત્યેક શરીર-અવયવમાં સંપૂર્ણ ચૈતન્ય છે ત્યારે જગતના અનેક મનુષ્યોનું કલ્યાણ થાય એ પ્રમાણે જ તેમના શરીરનો પરમાર્થ માર્ગે ઉપયોગ કરવો જોઈએ. સતીનું પૂજન અને આરાધના કરવાથી જગતના સામાન્ય જીવોનું કલ્યાણ થાય એવો માર્ગ યોજવો જોઈએ. દેવોની સહાયતા વગર જ સામાન્ય મનુષ્યો સુખી થાય એવો માર્ગ હોય તો જ જગતનાં મનુષ્યોનાં અનેક દુઃખ દારિદ્ર દૂર થાય અને સર્વનું કલ્યાણ થાય."

શંકરે ઉત્સુકતા પૂર્વક કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કહો વિષ્ણુ! તમે બુદ્ધિશાળી છો. આ મૃતદેહની કેવી વ્યવસ્થા કરવી?"

વિષ્ણુએ કહ્યું :

"ભગવન્! આપ અને સતી કાંઈ જૂદાં નથી. આપની શકિત આપનું ચૈતન્ય–સતીના દેહમાં સર્વત્ર ઓતપ્રોત થઈ રહ્યું છે. આપની શકિત એ જ સતીની શકિત છે તેથી મ્હારા ધનુષ્ય વડે સતીના મૃતક દેહના અવયવોના કટકા કરવા અને તે જે જે સ્થાનમાં જઈ પડે ત્યાં સિદ્ધ પીઠ થઈ જાય. ત્યાં દેવીના સ્વરૂપમાં તેમની સ્થાપના થાય અને કાંઈ પણ મનુષ્ય ત્યાં જઈ ગુરૂના ઉપદેશથી પ્રાપ્ત થએલા મંત્રનું અનુષ્ઠાન કરે તેને દેવીનો સાક્ષાત્કાર થાય અને તેની મનઃકામના પૂર્ણ થાય એવી મ્હારી ઇચ્છા છે."

શંકરે કહ્યું :

"તમારી ઇચ્છા બહુ સારી અને જીવ માત્રનું કલ્યાણ કરનાર છે. પરંતુ મ્હારે સતી સાથે લગ્ન કરવાં છે અને તેમને જ મ્હારે પત્નિ રૂપે અંગિકાર કરવાં છે તેનું શું?"

વિષ્ણુએ કહ્યું :

"મહારાજ! હિમાલયના પ્રદેશમાં રાજા હિમવાન અતિ પવિત્ર અને શંકર ભકત છે. તેને ત્યાં સતી દેવી પુનઃ પાર્વતી રૂપે જન્મ ગ્રહણ કરશે. પાર્વતી પણ સતીની પેઠે આદ્યશકિતનો અવતાર જ થશે. તેઓ પણ તપશ્ચર્યા કરી આપની સાથે લગ્ન કરશે. આપની મનઃકામના પૂર્ણ કરશે."

શંકરે તુરત જ સતીનો દેહ પર્ણની શય્યાપર મૂકયો. વિષ્ણુએ પોતાના સુદર્શનથી તેમના શરીર અવયવો છેદવા માંડયા. એ અવયવોમાં અપૂર્વ શકિત હોવાથી આકાશમાર્ગે ભારતવર્ષના અનેક સ્થા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમાં જઈ પડ્યા. કોઈ કામરૂ દેશમાં કામાખ્યા દેવીના નામથી પ્રસિદ્ધ થયો. કોઈ જ્વાલામુખી પર્વતમાં જ્વાલાદેવીના નામથી પ્રસિદ્ધ થયો. આ પ્રમાણે એકસો આઠ અવયવના એકસો આઠ દેવીસ્થાન ઉત્પન્ન થયાં. શંકરે પણ પોતાની શકિત તે અવયવોમાં મૂકેલી હોવાથી તે સર્વ સ્થાન સિદ્ધપીઠ રૂપ થઈ રહ્યાં. એ સ્થાનમાં મંત્રજાપ કરનાર મનુષ્યને અત્યારે પણ દેવીનાં દર્શન થાય છે અને ભકતોની મનકામના પૂર્ણ થાય છે.

સતી દેવીનો આત્મા પણ હિમવાન રાજાની પુત્રી રૂપે જન્મ્યો. તે જ શંકરનાં દ્વિતીય પત્નિ પાર્વતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષ-કન્યા

[પાર્વતી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્વતી

પ્રકરણ ૧

રાજા હિમવાન.

હિમાલય એટલે પૃથ્વી ઉપરનું નંદનવન. હિમાલય એટલે સૃષ્ટિ સૌંદર્યનો અમૂલ્ય ભંડાર. હિમાલય એટલે પવિત્રતાની અને તપશ્ચર્યાની ખાણ. હિમાલય એટલે પરમેશ્વરના અસ્તિત્વનું સાક્ષાત્ ચિહ્ન. હિમાલય એટલે સર્વ પર્વતોનો રાજા. પૃથ્વી ઉપરના સર્વ પર્વતો તેના ખંડિયા રાજા. એ ખંડિયા પર્વત રાજાઓએ આપણા સાર્વભૌમ ચક્રવર્તિ હિમાલયને કીર્તિ રૂપી ખંડણી આપવી જોઈએ, અને મસ્તક નમાવી તેમને પ્રણામ કરવા જોઈએ. હિમાલય એટલે આશ્ચર્યકારક વસ્તુઓનુ સંગ્રહસ્થાન. હિમાલય એટલે હિંદનિવાસીઓ ઉપર ઉપકાર કરનાર. હિમાલય એટલે સમ્પત્તિનો અમૂલ્ય ખજાનો, અને હિમાલય એટલે કઈ વસ્તુ નથી ? હિમાલય એટલે નવનિધિ અને અષ્ટસિદ્ધિનું રમ્ય રમણ સ્થાન !

જગતના કોઈ પણ મનુષ્યને હિમાલય સંબંધી કાંઈ પણ વર્ણન કરવું હોય છે ત્યારે તેને વિચાર કરવો પડે છે. કવી શિરોમણિ કાલીદાસે કહ્યું છે કેઃ "स्थितः पृथिव्या इव मानदण्डः।" હિમાલય એ પૃથ્વીનું માપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢવાનો માનદંડ એટલે માપયંત્ર છે. આપણે જેમ કાપડનું માપ ગજ વડે કાઢીએ છીએ, તેજ પ્રમાણે પૃથ્વીનું માપ કાઢવું હોય તો તેને માટે ગજના રૂપમાં હિમાલય છે. હિમાલયના બરફથી આચ્છાદિત થયેલાં શ્વેત શિખરો જોતાં જ જાણે શ્વેત કેશવાળા અને શ્વેત ભસ્મ વિલેપિત મ્હોટા મ્હોટા ઋષિ મુનિઓ તપશ્ચર્યામાં બેઠા હોય તેવું સુંદર જણાય છે. કાળાં વાદળાંની પંક્તિઓ તે શિખરના પાદસેવન કરવા તૈયાર થઈ હોય તેમ આમ તેમ વિચરણ કરતી જણાય છે. પૃથ્વીના સર્વ પર્વતોમાં હિમાલય અતિ ઉચ્ચગિરિ શિખર છે. તેની ઉંચાઈ વધારેમાં વધારે ઓગણત્રીશ હજાર ફીટ એટલે આસરે સાડાપાંચ માઈલ છે. એ પર્વતને હિમાલય એટલે "બરફનું ઘર" કહેવામાં આવે છે, કારણકે તેની સોળ હજાર ફીટ કરતાં વધારે ઉંચાઈ સુધી બરફ હોય છે, તેના અનેક શિખરો ઉપર સૂર્ય પ્રકાશ પડે છે ત્યારે તે જાણે શ્વેત હિરા જેવાં ચળકે છે અને ચંદ્રના પ્રકાશમાં જાણે તે મોતીનાં બનાવેલાં હોય તેવાં ચળકી રહે છે. આ અપૂર્વ શોભા નિહાળવા શંકર ભગવાન અને ઋષિમુનિઓ સિવાય બીજું કોણ ભાગ્યશાળી હોય !

હિમાલયમાં ગગનચુંબિત વૃક્ષોની ઘીચ ઝાડી છે, તેમાં અનેક પ્રકારની વનસ્પતિ ઔષધને માટે પ્રકૃતિદેવીએ નિર્માણ કરી છે. વાંદર સેના એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર છલંગો મારી રહ્યા છે. ઝાડીમાં પક્ષીઓના મધુર નાદનો સતત ગુંજારવ સંભળાય છે. કોઈ સ્થળે ઉંડાં વહેતાં જળ ઝરણ, કોઈ સ્થળે મંદ ગતિએ વહેતી હિમ સરિતા ત્યારે કોઈ ઠેકાણે પર્વત કંદરાઓમાંથી ધબૂધબૂ વહેતી જળની પ્રચંડ પ્રવાહ-ગર્જના દ્રષ્ટિએ પડે છે ! ધન્ય હિમાલય ! ધન્ય તારૂં સૌંદર્ય !

અનેક પ્રકારના તપસ્વી યોગિ મહાત્માઓ હિમાલયની એકાંત ગુફાઓમાં તપશ્ચર્યા કરી રહ્યા છે. કોઈ વનસ્પતિનો આહાર કરે છે ત્યારે કોઈ માત્ર જળપાન કરી દિવસો નિર્ગમન કરે છે, કોઈ ફળ કંદ વડે ક્ષુધા શાંત કરે છે ત્યારે વળી કેટલાક મહાત્મા કેવળ વાયુપાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને ભગવાનનું ભજન કરે છે. હિમાલયના ભિન્ન ભિન્ન સ્થાનોમાં ગંધર્વ, યક્ષ, કિન્નર, સિદ્ધ અને દેવતાઓનો નિવાસ જણાય છે.

વનગાય માતા પોતાના પુચ્છની ચમરી વડે જેના ઉપર વાયુ ઢોળી રહી છે, કસ્તુરીમૃગ પોતાની કસ્તુરીની સૌગંધ જેને અર્પણ કરી રહ્યા છે, મયુર પોતાના પિંછાંની કળા કરી જેનું સિંહાસન શોભાવી રહ્યા છે. ગંગા, યમુના, સિંધુ, બ્રહ્મપુત્રા, વગેરે પવિત્ર નદીઓ પોતાનાં પવિત્ર જળ દ્વારા જેને સ્નાન કરાવી રહી છે, હાથીઓ પોતાની સુંઢ વડે જેનું સ્વાગત કરી રહ્યા છે. ગરૂડ પોતાની પાંખો વડે જેને પંખો નાંખી રહ્યા છે. ભોજપત્રો જેના ઉપર સતત્ પોતાની છાંયા કરી રહ્યાં છે. દેવદાર વૃક્ષ જેની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે અને ચંદન વૃક્ષો જેને સતત્ સૌગંધનો આસ્વાદ આપી રહ્યાં છે; હિંદુસ્તાનના કલ્યાણકર્તા તરીકે જેનું નામ સમસ્ત પૃથ્વી ઉપર સુપ્રસિદ્ધ છે, જેને "જગત્નું સંગ્રહસ્થાન" "world museum" નું નામ શોભા આપી રહ્યું છે તે હિમાલય પર્વતનું વર્ણન તો ત્યાંના નિવાસી ઋષિ મુનિ કે દેવતાઓ સિવાય અન્ય કોઈથી થઈ શકે એમ નથી. તે તો અવર્ણનીય જ છે! તે અનુપમ છે! સૃષ્ટિનું સૌંદર્ય ત્યાં જ છે!

હિમાલય પર્વત ઉપર એક રાજા રાજ્ય કરતો હતો, તે રાજા પ્રજાવત્સલ હતો. પ્રજાનું કલ્યાણ કર્તા હતો. તેના રાજ્યમાં મ્હોટી મ્હોટી સરિતાઓ વહન થતી હતી. તેમાં બારે માસ પુષ્કળ જળ રહેતું, એ સરિતાઓમાંથી મ્હોટી મ્હોટી નહેરો વાળેલી હતી, ત્યાંની ભૂમિ ઉપર ઉત્તમ પ્રકારની ખેતી અને સુંદર બાગબગિચા ખીલી રહ્યા હતા. પ્રજાને યોગ્ય ન્યાય મળતો. લાંચ રૂશ્વત ખાનારને રાજા સખ્ત શિક્ષા કરતો, પ્રજા સુખ શાંતિથી પોતાનો ગૃહસંસાર ચલાવતી, એ રાજ્યનું નામ હિમવાન્ હતું.

રાજ્યના નોકરોને વખતસર પગાર મળતો. યોગ્યતા પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરોના પગારમાં વૃદ્ધિ થતી, તેથી રાજાના સર્વ ખાતાંનો કારભાર ઉત્તમ પ્રકારે ચાલતો. રાજા કરકસર તરફ લક્ષ્ય રાખતો તેથી તેનો રાજ્ય ખજાનો સમુદ્રની પેઠે છલ્લોછલ ભરેલો હતો. કોઈ વખત દુષ્કાળ કે યુદ્ધ જેવા વિકટ પ્રસંગે રાજા તે ખજાનાનો ઉપયોગ કરતો.

હિમવાન્ સ્વતઃ વિદ્વાન્ હતો. વિદ્વાનોને પુષ્કળ બક્ષિસ આપી તેમની કદર કરતો હતો, તે લલિતકલાનો શોખિન હતો તેથી તે રાજા કલાને સારી પેઠે ઉત્તેજન આપતો. સ્ત્રીશિક્ષણ તરફ પણ તેનું લક્ષ્ય હતું. જૂદા જૂદા ઋષિઓના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરતા શિષ્યોના પ્રમાણમાં રાજા ઋષિઓને સહાયતા આપતો. પ્રજાનું આરોગ્ય શ્રેષ્ઠ રહે તે માટે રાજા ખૂબ કાળજી રાખતો. રાજ્યમાં અનેક સ્થળે વ્યાયામશાળાઓ સ્થાપન થઈ હતી અને રાજ્ય તરફથી તેને સહાયતા મળતી હતી. ગરીબ પ્રજાજનો માટે મફત ઔષધાલયની સગવડ પણ રાજાએ કરી રાખી હતી.

ઔદ્યોગિક વિષયમાં પણ રાજાએ આગળ પડતો ભાગ લીધો હતો. ડુંગરાળ પ્રદેશની ખાણોમાંથી જૂદા જૂદા પ્રકારના ખનિજ પદાર્થો ખોદી કાઢવાનાં કારખાનાં સ્થાપ્યાં હતાં. પર્વત પ્રદેશમાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની ઉપયોગી વનસ્પતિઓ એકત્ર કરી ઔષધ બનાવવાનાં કારખાના સ્થાપવામાં તે અગ્રસર થયો હતો. ખેતી કરનારા ખેડુતો પાસે ઉત્તમ પ્રકારના હજારો ઢોરો હતાં. રાજાને ઉત્તમ જાતિનાં ઢોરોનાં પ્રદર્શન ભરવાનો શોખ હતો, પ્રદર્શનમાં જે ઢોર ઉત્તમ જણાતું તેના માલિકને સારી બક્ષિસ મળતી, એમ થવાથી ખેતીને ઘણો લાભ થતો. રાજ્યના ખેડુતોને કોઈ પ્રકારનું કષ્ટ નહતું તેમ રાજ્યના કોઈ અધિકારીઓ કે જમીનદારો તેમના ઉપર કોઈ પ્રકારનો જુલમ કરતા ન હતા તેથી ખેતીમાંથી હજારો-લાખો મણ અન્ન ઉત્પન્ન થતું, સર્વ મનુષ્યો અન્ન વસ્ત્રથી સુખી હતા. હિમવાનનું રાજ્ય ધન ધાન્યથી ભરપૂર હતું. હિમવાન્નું રાજ્ય એટલે બીજું રામરાજ્ય કહેવાતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમવાન્‌ની રાણીનું નામ મેના હતું. તે જેમ સુંદર સ્વરૂપવાન હતી તેજ પ્રમાણે તેનામાં સર્વ શ્રેષ્ઠ સદ્‌ગુણ જણાતા હતા. હિમવાન્ અને મેના વચ્ચે અતિશય પ્રેમ સંબંધ હતો. પતિપત્નિ આનંદ–ઉલ્લાસમાં દિવસો નિર્ગમન કરતાં હતાં. રાણી મેના વિદ્વાન્ અને બુદ્ધિમાન હતી. પ્રસંગોપાત રાજા સાથે રાજ્યકારભાર સંબંધી ચર્ચા ચલાવતી.

મેના ધાર્મિક વૃત્તિની હતી. દાન, ધર્મ, પરોપકાર, પુણ્ય અને દયાના સત્‌કાર્ય પ્રત્યે તે વિશેષ લક્ષ્ય રાખતી, તેણે આંધળાં, લુલાં, લંગડા અને અશકત મનુષ્યો માટે આશ્રમો સ્થાપ્યા હતા. તે સર્વ આશ્રમોને રાણી મેના પુષ્કળ સહાયતા કરતી. રાણી મેનાને મૈનાક નામક એક રાજકુમાર હતો. હમણાં તે ગર્ભવતી હતી, તેનો પ્રસૂતિ સમય નજીક હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

પાર્વતીની બાલ્યાવસ્થા.

સર્વ દિશાઓ પ્રસન્ન જણાતી હતી. સુગંધયુક્ત વાયુની મંદ મંદ લહરો વહન થતી હતી. વૃક્ષ આનંદ પૂર્વક હિંચકા ખાઈ રહ્યાં હતાં, બગિચાનાં પુષ્પો પ્રફુલ્લિત થઈ રહ્યાં હતાં. વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓ આનંદમસ્ત થઈ મધુર શબ્દ કરી રહ્યાં હતાં. સૃષ્ટિમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો હતો.

એ સમયે શુભ નક્ષત્ર અને શુભ ઘટિકામાં રાણી મેનાએ એક કન્યાને જન્મ આપ્યો. રાજાને ત્યાં કન્યાનો જન્મ થવાના સમાચાર પ્રસરતાં રાજ્યમાં સર્વત્ર આનંદ ઉલ્લાસ વ્યાપી રહ્યો. વાદ્યો દુંદુભી નાદ કરતાં પ્રચંડ અવાજે વાગવા લાગ્યાં, ઋષિઓનાં ઝુંડ ને ઝુંડ બાળ કન્યાને આશિર્વાદ આપવા રાજમહેલ તરફ ગમન કરવા લાગ્યા. તેમણે રાજકન્યાને મંગલ આશીર્વાદ દીધા. રાજાએ ઋષિઓને સારી પેઠે દક્ષિણા દાન કર્યું. યાચકોને પુષ્કળ દાનધર્મ કર્યું. રાજ્યમાં સર્વત્ર આનંદ ઉત્સવ થઈ રહ્યો. નૃત્ય, ગાયન અને ઉત્સવ વડે રાજધાની ગાજી રહી હતી.

જ્યોતિષીઓએ રાજકન્યાનું નામ પાર્વતી પાડયું. રાજકન્યા શુભ લક્ષણયુક્ત હતી. વિદ્યુલ્લતાના તેજ જેવું તેનું મુખ તેજસ્વી હતું. તેનું શરીર કેળના ગર્ભ જેવું કોમળ હતું. તેનાં નેત્રો ઈન્દ્રનીલ–મણી જેવાં તેજસ્વી ચળકતાં હતાં, તેણે પોતાના નાજુક પગ હલાવવા માડયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. ધીમે ધીમે તે મ્હોટી થઈ. મધુરમંદ હાસ્ય પણ કરવા લાગી, તેથી માતાપિતાને અપૂર્વ આનંદ થવા લાગ્યો.

બાલ્યાવસ્થા એટલે સુખનો સાગર અને બાલ્યાવસ્થા એટલે આનંદની વાટિકા! બાલ્યાવસ્થા એટલે ચિંતારહિત સ્થીતિ અને બાલ્યાવસ્થા એટલે મધુર સમય!

બાલ્યાવસ્થામાં બાળકોની વૃત્તિ પુષ્પની મક્ષિકા જેવી હોય છે. પુષ્પમક્ષિકા એક પુષ્પ ઉપરથી ઉડીને બીજા પુષ્પ બેસે છે, તેજ પ્રમાણે બાળકોનું મન એક રમત ઉપરથી બીજી રમત તરફ જાય છે. "प्रम तं दिवसे रम्यं शैशवं जीविते तथा"। દિવસે જેમ પ્રાતઃ સમય રમ્ય જણાય છે તેજ પ્રમાણે આયુષ્યમાં બાલ્યકાળ રમણીય હોય છે.

પાર્વતીની બાલ્યાવસ્થાના દિવસો અતિ આનંદ પૂર્વક વ્યતીત થતા હતા. તે જયા અને વિજયા નામક બે બ્હેનપણીઓ સાથે નાના પ્રકારની રમત ગમત કરતી હતી. તે ક્વચિત્ ફુલગોફણની રમત રમતી તો ક્વચિત નદીની રેતીમાં જઈ દોડતી અને કુદતી. નદી કિનારે વૃક્ષની શાખાઓ રોપી કૃત્રિમ બગિચો બનાવતી અને તે વૃક્ષના મૂળમાં જળસિંચન કરતી. ક્વચિત્ રેતીનાં ઘર બનાવી અનેક રમત રમતી તો ક્વચિત્ નદીની માટી લઈ અનેક દેવદેવી, મનુષ્ય, પક્ષી વગેરેની આકૃતિઓ બનાવી આનંદ પામતી. આ પ્રમાણે અનેક પ્રકારની રમતોમાં તેની બાલ્યાવસ્થાનો સમય નિર્ગમન થતો હતો.

માતા એ જ બાળકોનો પ્રથમ ગુરૂ છે. માતા પોતાના સદ્ગુણ પ્રમાણે કન્યાને સદ્ગુણી બનાવે છે. માતાની વર્તણુક, તેનું ચારિત્ર્ય, તેનો બોધ, એ સર્વ કન્યા ઉપર છાપ પાડે છે. માતા એ જ કન્યાની ભવિષ્ય રચના કરી શકે છે. તે કન્યાને પોતાના જેવી જ અધમ કે ઉત્તમ બનાવી શકે છે. રાણી મેના કુલિન, સુશીલ અને સદ્ગુણી હોવાથી પાર્વતી પણ પોતાની માતા જેવી સુશીલ અને સદ્ગુણી થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્વતીની બુદ્ધિ તીક્ષણ હતી. રાજમહાલયમાં ચિત્રશાળા, ગાયન-શાળા અને અભ્યાસ શાળાઓ સ્થાપવામાં આવી હતી. પાર્વતી અને તેની બ્હેનપણીઓ જયા અને વિજયા, એ ત્રણેનું શિક્ષણ તેજ શાળાઓમાં શરૂ થયું હતું. ચિત્રશાળામાં ચિત્રકલાનો સર્વ સામાન હોવાથી તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન ત્યાં પ્રાપ્ત થતું હતું. ગાયનશાળામાં સારંગી, સતાર, દિલરૂબા વગેરે વાદ્યો હોવાથી ત્યાં ગાયનવાદન શીખી શકાય તેમ હતું. અભ્યાસ શાળામાં અનેક ગ્રંથો હતા. તેમાં વેદ, ઉપ-નિષદ્, દર્શનશાસ્ત્રો, ઈતિહાસ, ભૂગોળ, ગણિત વગેરે વિષયોનું જ્ઞાન મેળવી શકાય એમ હતું. એ શાળાઓમાં સ્ત્રી શિક્ષકો દ્વારા કન્યાઓને શિક્ષણ આપવાની સારી સગવડ હતી.

પાર્વતીને શિક્ષણ આપવા માટે રાજા હિમવાને આ પ્રમાણે વ્યવસ્થા કરી હતી. પાર્વતીએ ઈતિહાસનું જ્ઞાન મેળવ્યું પરંતુ તેણે માત્ર બધી સાલ કે સંવત મુખપાઠ કર્યા નહોતા. તેણે તો પૂર્વના રાજાઓએ કયે પ્રકારે રાજ્ય મેળવ્યાં, કેવી રીતે રાજ્યમાં વૃદ્ધિ કરી અને કેવી રીતે તે રાજ્ય ગુમાવ્યાં, તે રાજાઓએ કેવા પ્રકારે રાજ્યકારભાર ચલાવ્યો, કઈ કઈ સ્ત્રી રાજ્યકર્તા થઈ ગઈ તે સર્વ જ્ઞાન મેળવી લીધું, તે ઉપરાંત દેશની સ્થીતિ અને જનસમાજના આચાર વિચારનો તેણે સમ્પૂર્ણ અભ્યાસ કર્યો હતો. પાર્વતીએ ભૂગોળનું જ્ઞાન મેળવ્યું, પરંતુ તેણે માત્ર નદીઓ અને પર્વતોનાં નામ મુખપાઠ કર્યાં ન હતાં. જૂદા જૂદા દેશનો જનસમાજ તેમના સ્વભાવ, તેમની ધર્મનીતિ, તેમના આચારવિચાર, અને તેનાં ઉન્નતિ અવનતિનાં કારણો પણ તે બરાબર સમજી હતી. તેણે ગણિતનો અભ્યાસ કર્યો હતો પરંતુ માત્ર તે આંકડાના સરવાળા બાદબાકી શીખી નહોતી. તેણે તો તેનો વ્યવહારમાં શી રીતે ઉપયોગ કરવો તેમજ રોજનો હિસાબ, જમાખર્ચ વગેરે સર્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ચિત્રકલા એ તો પાર્વતીનો અતિ પ્રિય વિષય હતો. તે વિષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમાં તેણે વિશેષ ઉન્નતિ કરી હતી. તે એકાદ દૃશ્યનું કિંવા એકાદ મનુષ્યનું ચિત્ર ઘણા થોડા સમયમાં જ આબેહૂબ ચિતરતી હતી. તે પોતાના ચિત્રમાં, સૃષ્ટિમાં પરમાત્માએ પક્ષીઓનાં પિંછાંનાં તેમજ વૃક્ષના પાંદડાંના જેવા રંગ બનાવ્યા છે તેવા જ યથાયોગ્ય રંગ વડે તે તૈયાર કરતી. ગાયન વાદનનો પણ તેણે સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો.

ઘોડા પર સ્વારી કરવી અને તલવાર, જમ્બઈયો વગેરે શસ્ત્રનો ઉપયોગ કરવાનું શિક્ષણ પણ પાર્વતિએ મેળવ્યું હતું. પાર્વતીને સૃષ્ટિ-સૌંદર્ય નિહાળવાનો ભારે શૉખ હોવાથી તે પોતાની બ્હેનપણીઓ સાથે હિમાલયનું સૃષ્ટિસૌંદર્ય ઘણી વખત જોવા જતી હતી.

હવે પાર્વતીનું શિક્ષણકાર્ય સંપૂર્ણ થયું હતું. હવે તે લગ્નને યોગ્ય થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩

હિમાલય ઉપર

પાર્વતીએ કહ્યું :

" વિજયા ! જો આ પૂર્વ દિશા. જાણે તે ગુલાબી રંગનું વસ્ત્ર પરિધાન કરી કોઈ લગ્ન સમારંભમાં જતી હોય એમ જણાય છે. "

વિજયાએ ઉત્તર દીધો :

" જૂવો ! આ પક્ષી. તે પોતાના માળામાંથી કચારનોએ જાગૃત થઈ મધુર ગાયન ગાય છે. સૂર્યોદય થતાં સુધી નિંદ્રા લેનાર કોઇ પક્ષી આપણને જણાય છે કે ? "

પાર્વતી બોલી :

" અહા ! વાયુદેવતા તરફ દ્રષ્ટિ કર. પુષ્પોમાંથી સૌગંધ લાવી તે સર્વત્ર પ્રસારી રહ્યો છે ! જાણે સૃષ્ટિ રૂપી સભામાં તે ગુલાબનું અત્તર વિતરણ કરી રહ્યો હોય એવું મનોહર લાગે છે ! ધન્ય એનો પરોપકાર !

વિજયાએ કહ્યું :

" હા, એ તો સત્ય પરંતુ આ તરફ જૂવો. આ વેલીનાં વૃક્ષો ઉપર ઝાકળનાં બિંદુઓ ચળકી રહ્યાં છે. તે આ કુસુમ રૂપી કુમારિકાના મસ્તક ઉપર અલંકાર જેવાં જણાય છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્વતીએ ઉત્તર દીધો :

"અહા! ખરેખર, એ સર્વ પુષ્પો જાણે ચળકતા હીરા મોતીના અલંકારો ધારણ કર્યા હોય તેવાં સુંદર જણાય છે પરંતુ વાર્તાલાપ કરતાં કરતાં આપણે ઘણે દૂર ચાલ્યાં છીએ. આપણી સાથે આવેલાં સર્વ મનુષ્યો પાછળ રહી ગયાં છે."

પાર્વતી અને વિજયા બન્ને વાર્તાલાપ કરતાં પ્રાતઃકાલમાં ક્યાં જતાં હતાં?

પ્રાચીન કાળના રાજા મહારાજા તપોવનમાં જઈ નિવાસ કરતા હતા. ત્યાં જઈ શિકાર કરવાની તેમની ઇચ્છા હતી ઉપરાંત અરણ્યમાં તપશ્ચર્યા કરનાર ઋષિ મુનિઓનાં દર્શન કરવાનો પણ તેમનો વિચાર થતાં શહેરમાં રહ્યા પછી કંટાળેલા મનુષ્યનું મન, વન જંગલનું સૃષ્ટિ સૌંદર્ય જોઈ શાંતિ અને નવીન ઉત્સાહ મેળવે છે. એ અલભ્ય લાભ થાય છે.

રાજા હિમવાને પોતાના કુટુંબ પરિવાર સાથે હિમાલય ઉપર પ્રવાસ કરવાનો વિચાર કર્યો હતો. તેમની સાથે રાણી મેના, મૈનાક, પાર્વતી અને તેની બ્હેનપણીઓ જયા અને વિજયા એ સર્વને લઈ તેમણે હિમાલય તરફ પ્રયાણ કર્યું હતું. તેમણે પોતાની સાથે કેટલાક નોકર ચાકર અને સિપાઈઓને પણ લીધા હતા.

પ્રાતઃકાલમાં સર્વેએ પ્રયાણ કર્યું હતું પરંતુ પાર્વતી અને વિજયા આગળ નિકળી ગયાં હતાં. ઉપર પ્રમાણે તેમની વચ્ચે વાતચિત ચાલતી હતી. થોડા સમયમાં જ રાજા, રાણી વગેરે તેમની નજીક આવી પહોંચ્યાં. સર્વેએ હિમાલયના એક તપોવનમાં પ્રવેશ કર્યો. ત્યાં નદીને કિનારે એક તંબુ ઠોકી સર્વ તેમાં વિશ્રાંતિ લેવા લાગ્યાં.

હિમાલયમાં તપોવનનું સૃષ્ટિ સૌંદર્ય અવર્ણનીય હતું. ભોજવૃક્ષ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદાર, શાલ, તાલ, તમાલ, ચંદન વગેરે વૃક્ષો અને વેલીઓ વડે ત્યાંની પૃથ્વી સુશોભિત થઈ રહી હતી. મ્હોટાં વૃક્ષ રૂપી ઋષિઓ ઉપરથી લતા રૂપી લાંબી દાઢીઓ નીચે પૃથ્વી ઉપર લટકી રહી હતી. પર્વત ઉપરથી અનેક ઝરણાં નીચે વહન થઈ રહ્યાં હતાં. એ ઝરણુ એટલે પ્રકૃતિ દેવીએ સ્થાપેલાં જળપાન ગૃહ જ હતાં. હિમાલયનાં બરફ-આચ્છાદિત શિખરો ચાંદીથી મઢેલા મ્હોટાં ભવનો હોય તેમ ચળકતાં હતાં.

એ તપોવનમાં એક ઉચ્ચ ટેકરી ઉપર શંકરની પર્ણકુટી હતી. ત્યાં તે તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમની સાથે નંદી, શૃંગી, અને ભંગી વગેરે તેમના સેવકો હતા.

રાજા હિમવાન્, રાણી મેના, પાર્વતી વગેરે તપોવનના જૂદા જૂદા ઋષિ મુનીઓનાં દર્શન કરવા નિકળ્યાં. દર્શન કરતાં કરતાં સર્વે શંકરની પર્ણકુટી નજીક આવી પહોંચ્યાં. હિમવાને નંદી પાસેથી શંકરનાં દર્શનની રજા મેળવી. સર્વે શંકરના દર્શન માટે પર્ણકુટીમાં ગયાં.

શંકર એક વ્યાઘ્રાસન પર બિરાજ્યા હતા. તેમના મસ્તક ઉપર જટા શોભતી હતી. હાથમાં રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી હતી. શરીરે ભસ્માચ્છાદન હતું. તેમના શરીર ઉપર તપશ્ચર્યાનું તેજ ચળકતું હતું. યુવાવસ્થાનું બળવાન શરીર, વિદ્યાનો વિનય, તપશ્ચર્યાનું તેજ અને મધુર સંભાષણ, એ સર્વનો સુમેળ હોવાથી શંકરના દર્શન કરતાં જ મનુષ્યનું મન શાંત થઈ તુરત જ તેમને નમન કરવા લલચાતું.

હિમવાને શંકરને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને કહ્યું :

"ભગવન્! અમે થોડા દિવસ આ તપોવનમાં નિવાસ કરવા ઇચ્છીએ છીએ. તમારાં નિત્ય દર્શન થાય તે માટે વ્યવસ્થા કરવા કૃપા કરશો."

શંકરે શાંત ચિત્તે ઉત્તર દીધો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સ્ત્રીઓને સાથે રાખ્યા સિવાય તમે આવશો તો મ્હારાં દર્શન થશે."

પાર્વતીએ વચમાં જ કહ્યું :

"ભગવન્! આવા પવિત્ર સ્થાનમાં તમે તપશ્ચર્યા કરો છો ત્યાં પછી સ્ત્રી પુરૂષનો ભેદ કેમ રાખો છો? ધન્ય છે તમને! જે તપ: શક્તિના આશ્રયથી તમે તપશ્ચર્યા કરી રહ્યા છો તે શક્તિ અર્થાત્ પ્રકૃતિ તમારાથી ભિન્ન છે ખરી વારૂં?"

શંકરે ઉત્તર દીધો :

"પ્રકૃતિનો નાશ કરવા માટે જ હું તપશ્ચર્યા કરી રહ્યો છું. તે પ્રકૃતિ જ્યાં નથી ત્યાં જ હું નિવાસ કરૂં છું."

પાર્વતીએ પુન: પ્રશ્ન કર્યો :

"તમે જે શબ્દોચ્ચાર કરો છો, જે વાણીથી બોલો છો તે શું પ્રકૃતિ નથી? જો તે પ્રકૃતિ હોય તો પછી અમને દર્શન દેવામાં વાંધો શો? પ્રકૃતિ અને પુરૂષ. એ બેમાં શ્રેષ્ઠ અને કનિષ્ઠ કોણ છે તે જાણવાની આવશ્યકતા નથી. એ બન્નેને પરસ્પર એક બીજાના સંબંધની આવશ્યકતા છે. પુરૂષની સાથે પ્રકૃતિ હોવી જ જોઈએ અને પ્રકૃતિ સાથે પુરૂષ હોવો જ જોઇએ. એ બન્નેને એક બીજા વગર ચાલવાનું નથી."

પાર્વતીનું કથન સાંભળી શંકરે ઉત્તર દીધો :

"સારૂં. તમે બધાં જ દર્શને આવી શકશો."

ત્યાર પછી હિમવાને તપોવનમાં નિવાસ કર્યો ત્યાં સુધી પ્રતિદિન તે પાર્વતી સહિત શંકરનાં દર્શને જવા લાગ્યો. કોઈ પ્રસંગે પાર્વતી શંકરને એકાદ પ્રશ્ન કરતી. વાદવિવાદ ચાલતો પરંતુ તુરત જ શંકરનો પરાજય થતો. પાર્વતીનું બુદ્ધિચાતુર્ય અને વિદ્યા જ્ઞાન જોઈ શંકર વિસ્મય પામતા. તેને ધન્યવાદ આપતા.

પાર્વતીના મનમાં પોતાના ભાવિ પતિ સંબંધી વિચાર આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તે વિચારમાં શંકર યોગ્ય જણાતા હતા. તેમનું તપશ્ચર્યાનું તેજ, વાર્તાલાપ કરતાં હૃદયનું નિર્મળપણું, શાંત વૃત્તિ અને પવિત્ર આચરણ એ સર્વ પાર્વતીને મનમોહક થયાં હતાં. પાર્વતી શંકર જેવો પતિ પ્રાપ્ત કરવા ઉત્સુક થઇ હતી.

દિનપ્રતિદિન પરિચય, વિચાર વિનિમય, સહાનુભૂતિ, જ્ઞાન, વિદ્યા બુદ્ધિ ઉપરાંત પ્રેમ એ સર્વને લીધે પાર્વતીનું મન શંકર તરફ આકર્ષાયું. તેણે પ્રતિજ્ઞા કરી કે: "શંકર સાથે જ લગ્ન કરવાં." તેણે પોતાની એ પ્રતિજ્ઞા, પોતાનો એ નિશ્ચય પોતાની બ્હેનપણી જયા વિજયાને પણ જણાવી દીધો.

કેટલાક દિવસ તપોવનમાં નિવાસ કર્યા પછી હિમવાન્, રાણી, રાજકુમાર, કન્યા વગેરે સહિત પોતાની રાજધાનીમાં પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪

જામાત્રની યોજના

પ્રાતઃકાળનો સમય હતો. સૂર્યનારાયણ આકાશ પટ પર ઉદય પામ્યા હતા. તેમનાં કિરણો વડે પૃથ્વી પ્રકાશિત થઈ રહી હતી. સૂર્યનાં તીવ્ર કિરણોને લીધે સર્વત્ર ત્રાસ થઈ રહ્યો હતો. પક્ષીઓનાં ટોળે ટોળાં વૃક્ષની છાંયામાં આનંદ કલ્લોલ કરી રહ્યાં હતાં.

હિમવાન્ અને રાણી મેના રાજમહેલના એક વિશાળ ખંડમાં બેઠાં હતાં. મેનાએ કહ્યું :

"આર્યપુત્ર!" अथे हि कन्या परकीय एव।" "કન્યા એ તો પારકું ધન છે" એ તમે સારી પેઠે જાણો છો."

હિમવાને ઉત્તર દીધો :

"રાણી! તમારૂં કહેવું સત્ય છે. તમારે જે કહેવું હોય તે સ્પષ્ટ કહો."

મેનાએ કહ્યું :

"તમારી પાર્વતી હવે મ્હોટી થઈ છે તેને માટે યોગ્ય પતિ શોધવો જોઈએ."

હિમવાન્ બોલ્યો :

"પાર્વતીનું કુલ, વિનય, નમ્રતા, જ્ઞાન, બુદ્ધિ, તારૂણ્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌંદર્ય એ જ યોગ્ય પતિ શોધી લેશે. મ્હારે શોધવાની આવશ્યકતા નથી."

મેનાએ મંદ હાસ્ય કરતાં કહ્યું :

"જો ઇચ્છા હોય તો સ્વયંવર રચવાની વ્યવસ્થા કરો."

હિમવાને ઉત્તર દીધો :

"પાર્વતીએ પોતે જ પતિ પસંદ કરવો જોઈએ એવી મ્હારી ઇચ્છા છે. કન્યા જન્મે તેથી કાંઈ માતા પિતાએ અપરાધ કર્યો ?"

મેનાએ શાંતિથી કહ્યું :

"એ તો સત્ય પરંતુ તેનાં લગ્ન થઈ જાય તો મ્હારા આત્માને સંતોષ થાય."

હિમવાને પૂછ્યું :

"એ કામમાં આટલી બધી ઉતાવળ શા માટે ?"

એટલામાં જ વિણાના મધુર સ્વર સંભળાયા. નારદજી આવી પહોંચ્યાની ખાત્રી થઇ.

રાજા રાણીએ ઉભા થઈ નારદજીનો સત્કાર કર્યો. રાજાએ તેમને બેસવા આસન આપ્યું અર્ઘ્યપાદ વગેરે ઉપચારોથી પૂજન કર્યું. નારદજીએ આશીર્વાદ દીધો :

"આયુષ્માન ભવ."

હિમવાને કહ્યું :

"મુનિવર્ય ! આજે તમે અમને દર્શન દીધાં તેથી અમને સર્વને ઘણો આનંદ થયો. તમે ક્યાંથી પધારો છો તે કહેવા કૃપા કરો."

નારદજીએ હસતે મુખે કહ્યું :

"રાજન્! હું વૈકુંઠથી આવું છું. તમારો હિમગિરિનો પ્રદેશ અતિશય શાંત અને પવિત્ર છે. ત્યાં નિવાસ કરી ભગવાનના ગુણાનુવાદ ગાયા કરૂં એવી ઇચ્છા થાય છે. આ પ્રદેશ એટલે પૃથ્વી ઉપરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદન વન જ છે. રાજન્! તમારા સર્વ પ્રજાજનો આનંદમાં છે કે? તમારો ગૃહસ્થાશ્રમ સારી રીતે ચાલી રહ્યો છે કે? તમે સુખ સંતોષમાં છો કે?"

હિમવાને શાંતિથી ઉત્તર દીધો :

"હા, મહારાજ! તમારી કૃપાથી સર્વ પ્રકારનો આનંદ છે. પરંતુ એક ચિંતા હમેશાં દૃષ્ટિ સમીપ ઉભી રહે છે."

નારદજીએ ઉત્સુક નેત્રે પૂછ્યું :

"રાજન્! તમને વળી ચિંતા કેવી? જે હોય તે કહો."

હિમવાને ઉત્તર દીધો :

"મહારાજ! મ્હારી કન્યા પાર્વતી હવે યુવાવસ્થાએ પહોંચી છે. તેને માટે યોગ્ય પતિ શોધવાની ચિંતા છે."

નારદજીએ કહ્યું :

"ઓહો! એ જ કે? એને માટે આટલી બધી ચિંતા શા માટે કરો છો? તમારી કન્યા સર્વ સદ્‌ગુણ સમ્પન્ન છે. તેને યોગ્ય પતિ મળી રહેશે. ચિંતા ન કરશો."

હિમવાન ધૈર્ય ધારણ કરી બોલ્યો :

"મુનિવર્ય! તમે તો ત્રિભુવનમાં આવજા કરો છો. પાર્વતીને યોગ્ય હોય એવો જામાત્ર શોધી લાવો. જો કોઈ પાત્ર ધ્યાનમાં હોય તો કહો."

નારદે કહ્યું :

"રાજન્! હું હમણાં જ વૈકુંઠમાંથી આવું છું. તમારી કન્યા માટે વિષ્ણુ ભગવાન્ યોગ્ય પતિ છે. કમ્મરે સુવર્ણનો કંદોરો, મસ્તકે સૂર્ય સમાન તેજસ્વી મુકુટ, કાનમાં હિરારત્ન જડિત કુંડલ, કંઠમાં વૈજયંતિ માળા, પિતાંબર પહેરેલાં છે, હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારી, એવી તેમની સુંદર મુર્તિ છે. ગરૂડ તેમનું વાહન છે. તેમનું ઐશ્વર્ય કુબેરને પણ લજાવે એવું છે. એવા ક્ષીર સાગર નિવાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષ્ણુ ભગવાનના વૈભવનું શું વર્ણન કરૂં ? વિષ્ણુ એ જ પાર્વતીને યોગ્ય પતિ છે."

હિમવાને રાણી મેનાને પૂછ્યું :

"કેમ દેવી ! તમને વિષ્ણુ ભગવાન પસંદ છે કે ?"

રાણીએ મધુર હાસ્ય કરતાં આનંદ ભરિત મુખ મુદ્રાએ ઉત્તર દીધો :

"હા, એવો જામાત્ર મળે તો પછી બીજો શોધવાની શી આવશ્યકતા છે ?"

હિમવાને કહ્યું :

"એ લગ્ન નક્કી થયાં સમજવું. નારદજી ! તમે કન્યા માટે એક શ્રેષ્ઠ પતિ બતાવ્યો તેથી તમારો ઉપકાર થયો."

નારદજીએ આનંદપૂર્વક શ્રીહરિ ગાન ગાતાં ત્યાંથી બ્રહ્મલોક તરફ પ્રયાણ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫

પાર્વતીનો અરણ્યવાસ

નારદજીના કહેવા પ્રમાણે પોતાનાં લગ્ન વિષ્ણુ સાથે થશે એ સમાચાર તુરત જ પાર્વતીના જાણવામાં આવ્યા. તેણે પોતાના મનથી શંકર સાથે લગ્ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી અને પિતાએ વિષ્ણુ સાથે લગ્ન કરવાનો નિશ્ચય સાંભળી પાર્વતીના મનમાં ઘણું કષ્ટ થયું. તેણે મનમાં રાખેલી આશા વ્યર્થ ગઈ. મનના અનેક વિચારો નષ્ટ થયા. પગ વગરના લંગડા પક્ષીની પેઠે તેનું મન લુલું થઈ ગયું. તે નિરાશ થઈ શોક ભરિત ચ્હેરે એક આસન ઉપર પડી રહી !

શોકનો આવેગ જરા ઓછો થતાં પાર્વતી પોતાના મનમાં વિચારવા લાગી :

" પિતાએ બાલ્યાવસ્થાથી જ મ્હારૂં પાલન પોષણ કર્યું છે. મ્હને યોગ્ય શિક્ષણ આપી બુદ્ધિમાન જ્ઞાનવાન બનાવી છે. મ્હારી નાના પ્રકારની ઇચ્છાઓ પરિપૂર્ણ કરી છે, પરંતુ મ્હારા આયુષ્યની એક મહત્વની ઇચ્છા પરિપૂર્ણ કરવા તરફ તેઓ દુર્લક્ષ્ય કેમ કરે છે ? મ્હારે મોઢે તેમને ના પણ કેમ કહેવાય ? મ્હારા અંતઃકરણનો અભિપ્રાય હું તેમને શી રીતે જણાવું ? માતાપિતા સન્તાનનું અનિષ્ટ કરતાં નથી એમ સર્વ જગત્ કહે છે પરંતુ ભાવિ પતિનો વિચાર કરતાં મ્હારી સલાહ પણ તેમણે લેવી જ જોઈએ. મ્હારા મનના વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમણે જાણવા જોઇએ. યુવાવસ્થા પ્રાપ્ત કરેલી કન્યાને જન્મનો સંગાતી શોધવાની તક આપવી જોઈએ."

"પિતા બાલ્યાવસ્થાથી પોતાની પુત્રીનું હિત કરે છે પરંતુ લગ્ન સમયે પુત્રીની ઇચ્છા વિરૂદ્ધ વર્તન ચલાવીને પૂર્વે કરેલા સર્વ કલ્યાણકાર્ય ઉપર પોતાને હાથે જ જલાંજલિ આપે છે એવું ઘણે ઠેકાણે જોવામાં આવે છે."

"પુત્રી એ પુત્રની પેઠે જ વિચાર, વિકાર, બુદ્ધિ અને ભાવનાશાળી એક સ્વતંત્ર મનુષ્ય છે. લગ્ન વખતે તેની પસંદગી અને તેની ભાવિ આશા તરફ પિતા માતાએ લક્ષ્ય આપવું જોઈએ."

"સુખ એ કેવળ લક્ષ્મીમાં જ છે? પિતા લક્ષ્મીમાં જ સુખ માનતા જણાય છે. વૈભવ અને વિલાસમાં જ પુત્રીનું કલ્યાણ હોય એમ સમજે છે તેથી જ મ્હને વૈકુંઠાધિપતિને સમર્પણ કરવા ઇચ્છે છે."

"પરંતુ મ્હારી માતા દ્વારા જ મ્હારી પ્રતિજ્ઞા, મ્હારો નિશ્ચય મ્હારે પિતાને જણાવવો જોઈએ. અહા! માતા એ કેવો સુમિષ્ટ શબ્દ છે! માતા એ જ કન્યાનો એક આશ્રય છે! માતા પોતાનાં બાળકો પર કેટલો ઉપકાર કરે છે! તેને જગતમાં કઇ ઉપમા આપવી યોગ્ય છે? તેની પ્રશંસા માટે કોઈ શબ્દ જ નથી! સન્તાન પર તેના અનહદ્ ઉપકાર છે! તેણે પોતાના સન્તાનો માટે ઉંઘ, ભૂખ, તરસ, રાત દિવસ જોયા નથી! પોતે અનેક કષ્ટ વેઠીને સન્તાનનું પાલન કર્યું છે! એ માતાનો ઉપકાર કેમ ભૂલાય? માતાનું ઋણ તો જન્મોજન્મનું છે, તે ઋણ ફેડવા કોણ સમર્થ છે! યુવાવસ્થામાં આવે અણિને પ્રસંગે મતભેદ દૂર કરનાર અને સત્ય સલાહ આપનાર માતા એ જ અમારો પ્રેમળ વકીલ છે. કેટલીક વખત તે વકિલાત નિષ્ફળ જાય છે પરંતુ તેનો અન્ય કોઈ ઉપાય જ નથી."

"યુવાન કન્યાઓને લગ્ન સંબંધી પરતંત્રતા ભોગવવી પડે છે. તેને સ્વતંત્રતા આપવાની આવશ્યકતા છે પરંતુ જે માતા પિતા પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદારી સમજતાં નથી, તેમના તરફથી મળેલી સ્વતંત્રતા નિરર્થક છે. સ્વતંત્રતા એ બંધનથી દૂર નથી. બંધન તો હોવું જ જોઇએ. બંધન નથી કોને ? આટલા મ્હોટા ઉચ્છૃંખલ સમુદ્રને પણ મર્યાદા છે. આટલા મ્હોટા પ્રતાપી સૂર્યને પણ ઉદય અસ્તનું બંધન છે. કોઈ પણ વસ્તુને સુવર્ણમાં ગુંથવાનો પ્રયત્ન કરવો જોઇએ."

પાર્વતી આ પ્રમાણે અનેક વિચાર તરંગોમાં અથડાતી હતી એટલામાં તેની બ્હેનપણી જયા ત્યાં આવી પહોંચી. પાર્વતીની શોકગ્રસ્ત ઉદાસ મુખમુદ્રા જોઇ તેણે કારણ પૂછ્યું. પાર્વતીએ પિતા હિમવાન્ અને નારદજી વચ્ચે થએલો લગ્નસંબંધી સર્વ વાર્તાલાપ તેને કહી સંભળાવ્યો.

જયાએ કહ્યું :

"પાર્વતી ! હવે કાંઈ યુક્તિ રચી તમારી ઇચ્છા પરિપૂર્ણ કરવી જોઈએ. માત્ર વિચારમાળામાં ગુંથાઈ રહેવાથી કાર્યસિદ્ધિ થશે નહિં. હવે સત્વર યત્ન પ્રયત્ન કરવો જોઈએ."

પાર્વતીએ ઉત્તર દીધો :

"તું કહે છે તે સત્ય છે. શાંત બેસી રહેવાથી ઈચ્છિત ફલ પ્રાપ્ત થશે નહિ. મ્હારે મ્હારી ભવિષ્યની બ્હેનોને દ્રષ્ટાંત બતાવી આપવું છે કે પૂર્વે પુત્રીના કહેવા પ્રમાણે લગ્ન નહિં કરનાર પિતાને પાર્વતીએ જેવું વર્તન ચલાવ્યું હતું તેવું જ વર્તન તેમણે પણ રાખવું જોઈએ. એ જ મ્હારે સર્વ જગતને બતાવી આપવું છે. મ્હારૂં અત્યારનું વર્તન ભવિષ્યની પુત્રીઓને ઘણું ઉપયોગી થઈ પડશે. હવે શું કરવું તે તું જ સલાહ આપ."

જયાએ શાંતિપૂર્વક સલાહ આપી:

"બ્હેન ! પ્રથમ તું ત્હારા વિચાર ત્હારી માતાને સ્પષ્ટ જણાવી દે અને વિષ્ણુ સાથે લગ્ન કરવાની ના કહે. જો તેઓ દુરાગ્રહ કરશે, ત્હારા વિચારને પુષ્ટિ નહિ આપે, ત્હારા કહેવા પ્રમાણે નહિં વર્તે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ત્હારાં માતાપિતાની રજા લઈ હિમાલયનું સૃષ્ટિસૌંદર્ય જોવા માટે અને ઋષિમુનિઓનાં દર્શન કરવા માટે ચાલ્યાં જઈશું."

પાર્વતીએ કહ્યું :

"બ્હેન! ત્હારા વિચાર બરાબર છે."

હિમવાન્ એક ક્ષણમાં લગ્ન નક્કી કરી શાંત ચિત્તે નિશ્ચિંત થયો હતો પરંતુ તે જ ચિંતા હમણાં પાર્વતીની પૂંઠે વળગી હતી.

× × ×

પાર્વતીએ પોતાની માતાને વિષ્ણુ સાથે પોતાનાં લગ્ન કરવાની સાફ ના પાડી હતી પરંતુ તેણે તે તરફ લક્ષ્ય આપ્યું નહિ.

રાજા હિમવાનની રજા લઈ પાર્વતી પોતાની બ્હેનપણી જયા અને વિજયા સાથે હિમાલયનું સૃષ્ટિસૌંદર્ય જોવા અને ત્યાંના ઋષિ-મુનિઓનાં દર્શન કરવા માટે નિકળી. તેની સાથે કેટલાક નોકર-ચાકર પણ હતા.

હિમાલયના એક અરણ્યમાં એક સરિતા વહન થતી હતી. તે સરિતાને કિનારે એક ગુફા હતી, ત્યાં પાર્વતી પોતાની બ્હેનપણીઓ વગેરે સાથે રહેવા લાગી. સૃષ્ટિસૌંદર્ય જોવું, ઋષિમુનિઓનાં દર્શન કરવાં, પોતાની બ્હેનપણીઓ સાથે દિવસમાં એક વખત શંકરનાં દર્શન કરવાં, અને પૂજન, જપ, તપમાં કેટલોક વખત વ્યતિત કરવો. આ પ્રમાણે પાર્વતીની દીનચર્યા શરૂ થઇ હતી.

પાર્વતીના નિવાસસ્થાનથી આશરે એક માઇલ દૂર એક ટેકરી હતી. ત્યાં પાર્વતી, જયા અને વિજયા સાયંકાલને સમયે થોડી વાર વિશુદ્ધ હવાનું સેવન કરતાં હતાં. એ ટેકરી ઉપર એક મ્હોટું વટવૃક્ષ હતું. તેની શીતળ છાયા બહુ મનોરમ હતી. વટનાં પાકેલાં પાંદડાં પૃથ્વી ઉપર પથરાતાં હોવાથી જાણે ત્યાં પીળા રંગની સેતરંજી બિછાવી હોય એવું સુંદર જણાતું હતું. ટેકરી ઉપર સ્થળે સ્થળે કાળા ભ્રમર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા મ્હોટા સપાટ પાષાણ ખંડ જણાતા હતા તે જાણે સૃષ્ટિ દેવીએ પ્રવાસીઓ માટે બિછાવેલાં આસનો હોય તેમ જણાતું હતું.

સાયંકાલને સમયે મંદ મંદ વાયુની શીતલ લહરો આવતી હોવાથી ત્યાંથી ખસવાનું મન થતું નહોતું. શીતળ સુગંધીમય વાયુની લહરોથી ત્યાં બેઠેલા મનુષ્યનું મન પ્રસન્ન થતું હતું અને દિવસનો પરિશ્રમ ઉતરી જતો હતો. પાર્વતીએ તે ટેકરીનું નામ "પવનવિહાર" રાખ્યું હતું. તે ટેકરીની આસપાસનું સૃષ્ટિસૌંદર્ય અનુપમ હતું. તેની આસપાસ ઉંચાઇમાં એક બીજાની સ્પર્ધા કરતી અનેક ટેકરીઓ મસ્તક ઉંચા કરી ઉભી હતી.

આ ટેકરી પર પાર્વતી, જયા અને વિજયા વચ્ચે અનેક વિષયો પર વાદવિવાદ ચાલતા, અને પ્રસંગોપાત શાસ્ત્રચર્ચા પણ નિકળતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

તારકાસુરનો ત્રાસ.

આ સમયે વજ્રાંગ અસુરનો પુત્ર તારકાસુર અતિશય ઉન્મત્ત બન્યો હતો. તેણે અનેક દેવોનો પરાજય કરી તેમને કેદખાનામાં નાંખ્યા હતા. તારકાસુરે અનેક તીર્થસ્થાનનો નાશ કર્યો હતો. સજ્જનોનો ઉચ્છેદ કર્યો હતો. દેવતાઓનું ઐશ્વર્ય હરણ કર્યું હતું. તેમનાં સ્થાન અને અધિકાર તેણે અસુરોને આપ્યાં હતાં. તે અત્યારે સાર્વભૌમ રાજા જેવો અધિકાર ભોગવતો હતો. તેનો ગર્વ ઉતારે એવું તેને કોઈ જણાતું ન હતું. તે મદોન્મત્ત થયો હતો.

પૂર્વે તારકાસુરે તપશ્ચર્યા કરી બ્રહ્મદેવને સંતુષ્ટ કર્યા હતા. તેણે બ્રહ્મદેવને પ્રસન્ન કરી બે વરદાન માગ્યાં હતાં. એક "અજરામરતા" અને બીજું "અપરાજયતા."

બ્રહ્મદેવે તેને વરદાન આપતાં કહ્યું કે:

"જન્મ ધારણ કરનારને "અજરામર" પદ મળવું અશક્ય છે. માત્ર ન્હાનાં બાળક સિવાય બીજા સર્વથી તું "અપરાજય" રહીશ.

તારકાસુરે સૂર્યને આજ્ઞા કરી હતી કે:

"મ્હારા નગરમાં તમારે શીતળ કિરણો વર્ષાવવાં."

એ આજ્ઞાને આજ્ઞાને આધીન થઈ સૂર્ય પોતાનાં શીતળ કિરણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષાવતો હતો. તારકાસુરના બગિચામાં કમળનાં પુષ્પો થયાં હતાં. જો વિશેષ ઉષ્ણતા હોય તો કમળ પુષ્પ કરમાઈ જાય માટે જ સૂર્યને તેની આજ્ઞાને આધિન થવું પડ્યું હતું.

ચંદ્ર હમેશાં પોતાના પૂર્ણ પ્રકાશ વડે તેની સેવા કરતો હતો. વાયુ દેવતા જાણે ધીમે હાથે પંખો નાખતા હોય તેમ મંદ મંદ લહરો નાખી તારકાસુરને સંતુષ્ટ કરી રહ્યો હતો. પોતાના બગિચાનાં પુષ્પ ઉડી જાય નહિં અથવા સુકાઈ જાય નહિં એવી તેને આજ્ઞા હતી. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમંત અને શીશીર એ છ ઋતુઓ તારકાસુરના બગિચામાં એક નિષ્ઠાથી સેવા કરતી હતી.

સમુદ્રદેવ મહામૂલ્યવાન મોતીનું નજરાણું અર્પણ કરી તારકાસુરની કૃપા સંપાદન કરતો હતો. ઈન્દ્ર એ સર્વ દેવોનો રાજા. તે પણ આભૂષણો અર્પણ કરીને તારકાસુરને પ્રસન્ન કરતો હતો. વાસુકી પોતાના મૂલ્યવાન મણિ અર્પણ કરી તેને આનંદ આપતો હતો.

કુબેર પોતાની સર્વ સમ્પત્તિ તારકાસુરને સમર્પણ કરતો હતો. વરૂણ તારકાસુરની આજ્ઞા પ્રમાણે વર્ષાદ વર્ષાવતો હતો. યમનો અધિકાર તો તેની સમક્ષ નિરર્થક થઈ પડયો હતો.

તારકાસુરે અસંખ્ય સ્ત્રીઓને કેદખાને પૂરી રાખી હતી અને તેમની દુરાવસ્થા કરી નાંખી હતી. ઈન્દ્રના નંદનવનનાં સર્વ પુષ્પ તારકાસુરના ઉપયોગ માટે લઇ જવામાં આવતાં હતાં. તારકાસુરની આજ્ઞાથી સર્વ દેવોએ વિમાનમાં બેસી ભ્રમણ કરવું બંધ કર્યું હતું. યજ્ઞમાં દેવોને અર્પણ થતો હવિર્ભાગ તેમને મળતો ન હતો, કારણ કે તારકાસુર તે વચમાં જ ભક્ષણ કરી જતો હતો! ઈન્દ્રનો ઉચ્ચૈઃશ્રવા નામક અશ્વ તારકાસુરે હરણ કરી લીધો હતો. જે જે સુંદર વસ્તુ તેના જોવામાં આવતી તે સર્વ તારકાસુર ઉપાડી જવા લાગ્યો. દેવતાઓના સામ દામ આદિ ઉપાયો કામમાં આવ્યા નહિ. વિષ્ણુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું સુદર્શન ચક્ર તારકાસુરનો નાશ કરવા તેના શરીર પર ફેંક્યું પરંતુ તેનો નાશ નહિં થતાં ઉલટું પુષ્પની પેઠે તેના હૃદય પર પડ્યું.

તારકાસુર સમક્ષ બૃહસ્પતિની બુદ્ધિ બ્હેર મારી ગઈ. સૂર્યનું સામર્થ્ય ઓછું જણાયું. ચંદ્રની ચાંદની અધિક શીતલ થઈ ગઈ. ઈન્દ્રનું વજ્ર બુઠ્ઠું થઈ ગયું. વિષ્ણુનું સુદર્શન ચક્ર નિર્બળ બની ગયું. કુબેર રંક થઈ ગયો. યમના દંડને અપયશ મળ્યો. વાયુની ગતિ કુંઠિત થઈ ગઇ. અગ્નિ શીતલ થઈ ગયો. અષ્ટ દિક્પાલ આઠ દિશામાં ન્હાસી ગયા. એકાદશ રૂદ્રે પોતાનું રૌદ્ર સ્વરૂપ ત્યજી દઈ શાંત સ્વરૂપ ધારણ કર્યું.

આ પ્રમાણે સર્વ દેવતાઓ તારકાસુરના ત્રાસથી ગભરાયા. અંતે તેઓ ઇંદ્રને પ્રમુખ બનાવી બ્રહ્મદેવ પાસે વિનતિ કરવા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭

બ્રહ્મલોકમાં.

બ્રહ્મદેવ, બ્રહ્માજી એ તો સાક્ષાત્ સાત્ત્વિક મૂર્તિ. બ્રહ્મદેવ એટલે સૃષ્ટિની ઉત્પત્તિકર્ત્તા. બ્રહ્મદેવ એટલે સર્વ દેવના દેવ. બ્રહ્મદેવ એટલે બ્રહ્મ લોકાધિપતિ. બ્રહ્મદેવ એટલે પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી એ ચાર વાણીના નિર્માણકર્ત્તા. એવા બ્રહ્મદેવ 'વેદગાન' શ્રવણ કરી રહ્યા હતા. તેમની ચારે દિશામાં ગંધર્વ અને અપ્સરાઓ બેઠાં હતાં. કોઈના હાથમાં વીણા, કોઈના હાથમાં તંબુરો, કોઈના હાથમાં સારંગી, કોઈના હાથમાં ઝાંઝ, કોઈના હાથમાં કરતાલ અને કોઈના હાથમાં પખાજ. આ પ્રમાણે વાજીંત્રો શોભી રહ્યાં હતાં. બ્રહ્મદેવ વેદ-ગાનમાં તલ્લીન થઈ રહ્યા હતા.

એટલામાં સર્વ દેવતાઓ તેમના દર્શને આવી પહોંચ્યા. બ્રહ્મદેવે તેમને પોતાની પાસે બોલાવી સર્વનો આદરસત્કાર કર્યો. દેવતાઓએ તેમને નમસ્કાર કર્યા. સર્વ પોત પોતાના આસને બેસી ગયા પછી ઇન્દ્રે નમ્રતા પૂર્વક કહ્યું :

"દેવાધિદેવ ! આપને પ્રણામ હો."

બ્રહ્મદેવે પૂછ્યું :

દેવતાઓ ! તમે સર્વ પ્રસન્ન છો કે ? પરંતુ તારા વિનાનું આકાશ, ચંદ્ર વિનાની ચાંદની, પુષ્પ વિનાની વેલીઓ અને કમલ વિનાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરોવર હોય તે પ્રમાણે તમારા મુખ નિસ્તેજ કેમ દેખાય છે? ઇન્દ્ર, વરૂણ, કુબેર, સૂર્ય, વાયુ, તમે સર્વ ખિન્ન કેમ જણાઓ છો? તમે સર્વ એકત્ર થઇ મ્હારી પાસે કેમ આવ્યા છો?"

ઇન્દ્રે બૃહસ્પતિને ઉત્તર દેવાની વિનતિ કરી.

બૃહસ્પતિએ કહ્યું :

"મહારાજ! અમારી સર્વ સત્તા તારકાસુરે છિનવી લીધી છે. તમે તેને જે વરદાન આપ્યું છે તેથી તે ઘણો મદોન્મત્ત થઇ ગયો છે. તેણે અમને સર્વને ઘણો ત્રાસ આપ્યો છે, માટે અમારી દેવસેનાનો સેનાપતિ બની તારકાસુરનો વધ કરે એવો એક સેનાપતિ અમને આપો. અમારી એ જ પ્રાર્થના છે."

બ્રહ્મદેવે શાંતિ પૂર્વક ઉત્તર દીધો :

"દેવ! તમારી પ્રાર્થના મ્હારા લક્ષ્યમાં આવી છે. તમારા મનોરથ સિદ્ધ થશે. તમે કહો છો તેવો સેનાપતિ હું આપી શકીશ નહિં કારણ કે એક કાંટાવાળું વૃક્ષ રોપ્યા પછી તેને નષ્ટ કરવામાં આપણને જ કષ્ટ થાય છે. ઉત્તમ વૃક્ષ હોય તો તેને નષ્ટ કરવામાં કષ્ટ થતું નથી. મૂર્ખ અથવા દુષ્ટ પુત્ર હોય તો પણ માતાપિતા તેના દોષ તરફ દ્રષ્ટિ કરતા નથી. તારકાસુરને મ્હેં વરદાન આપ્યું તેથી આટલો બધો મદોન્મત્ત થઇ ગયો છે પરંતુ તેનો નાશ કરવા હું તત્પર થાઉં એ મ્હને શોભતું નથી."

ઇન્દ્રે કહ્યું:

"મહારાજ! આપણા કલ્યાણકારક માર્ગમાં વિઘ્ન નાંખે તેને કાપી નાંખવો ઉચિત છે, પછી તે ભાઈ હોય કે પુત્ર હોય."

બ્રહ્મદેવે ઉત્તર દીધો:

"તારકાસુરે બે વરદાન માંગ્યાં હતાં, એ અજરામરતા અને બીજું અપરાજયતા. અજરામરતા આપવું શક્ય નહોતું તેથી મ્હેં તેને માત્ર અપરાજયતાનું વરદાન આપ્યું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્દ્રે કહ્યું:

"પરંતુ મહારાજ! એ વરદાનને લીધે જ તે આજે ત્રૈલોક્યને જેવો તેવો ત્રાસ આપી રહ્યો નથી. તે તો અમને સર્વને અતિશય કષ્ટ આપી રહ્યો છે."

બ્રહ્મદેવે ઉત્તર દીધો:

"હા, દેવ! તમારૂં કહેવું સત્ય છે, એ ત્રાસમાંથી મુકત થવા માટે કંઈ પણ યત્ન કરવો જોઈએ. તમે શંકર પાસે જાઓ, ત્યાં તમારી ઇચ્છા પરિપૂર્ણ થશે. શંકર અને પાર્વતીનો પુત્ર કુમાર તમારૂં સેનાપતિ પદ ધારણ કરશે અને તેજ તારકાસુરનો વધ કરશે. શંકર સમાધિમગ્ન થયા છે. તેમનું મન પાર્વતી તરફ આકર્ષાય અને તે બન્નેનાં લગ્ન થાય એવો પ્રયત્ન કરો. શંકર હમણાં હિમાલય ઉપર તપશ્ચર્યા કરી રહ્યા છે."

ઇન્દ્રે વિનય પૂર્વક કહ્યું:

"તમારી કૃપાને માટે અમે સર્વ તમારો ઉપકાર માનીએ છીએ."

સર્વ દેવોએ બ્રહ્મદેવને નમસ્કાર કરી બ્રહ્મ લોકમાંથી પ્રયાણ કર્યું.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮

મદન-ભસ્મ.

ઇન્દ્રદેવ પોતાના નંદનવનમાં ચિન્તાતુર મુખે પોતાના આસન ઉપર બેઠા હતા. નંદનવનની અપૂર્વ શોભા, અપ્સરાનાં મધુર ગાયન, અમૃતપાન વગેરે કોઈ પણ વિષયમાં તેમનું ચિત્ત લાગતું નહોતું: પારિજાતક આદિ સૌગંધયુક્ત પુષ્પ આજે ઇન્દ્રનું મન આકર્ષણ કરવા સમર્થ નહોતાં, તેને અપ્સરાના ગાયન કાનને કઠોર લાગતાં હતાં. આજે તેમને અમૃતનું પાન નિરસ લાગતું હતું. વૃત્રાસુર જેવા બળવાન શત્રુ તારકાસુરનો તેમને ભય લાગતો હતો.

ઇન્દ્રનું લક્ષ્ય કોઈના આગમન તરફ લાગ્યું હતું, તે કોઈની આવવાની વાટ જોતો હતો. તેમણે એક સેવકને પ્રશ્ન કર્યો:

"હજી મદન આવ્યો નથી?

સેવકે ઉત્તર દીધો:

"હા, મહારાજ! મદન આવ્યો છે. તમને મળવા ઇચ્છે છે."

ઇન્દ્રે તુરત જ કહ્યું:

"તેને અંદર આવવા દે"

શંકરનું મન તપશ્ચર્યામાંથી ચળાવવા માટે એકલો મદન જ સમર્થ છે. એવો વિચાર કરી ઇંદ્રે તેને આમંત્રણ કર્યું હતું. તે તુરત જ ઇન્દ્રની પાસે આવ્યો. ઇન્દ્રે તેને પોતાના સિંહાસન પાસે બેસાડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદને નમસ્કાર કરી પૂછ્યું:

"દેવેન્દ્ર! તમને હું પ્રણામ કરૂં છું. તમારો વિજય થાઓ."

ઇન્દ્રે કહ્યું:

"મદન! વત્સ! માત્ર સદ્ ઇચ્છાથી વિજય પ્રાપ્ત થતો નથી. વિજયપ્રાપ્તિને માટે પરાક્રમ કરી બતાવવું જોઈએ. દેવતાઓને સહાયતા કરવી જોઈએ."

મદને નમ્રતાથી કહ્યું:

"જે કાંઈ કામ હોય તે કહો. પ્રભુની આજ્ઞા શિરોમાન્ય કરવા આ સેવક તૈયાર છે. તમારૂં કામ કર્યા સિવાય મ્હને સંતોષ થશે નહિ."

ઇંદ્રે ખિન્ન મુખમુદ્રાએ કહ્યું:

"વત્સ! સાંભળ! તારકાસુરે સર્વ દેવ, બ્રાહ્મણ, ઋષિમુનિ વગેરેને કેવો ત્રાસ આપ્યો છે તે તો ત્હને ખબર જ છે. તેનો પરાજય કરવા માટે એક બળવાન સેનાપતિની આવશ્યકતા છે. શંકર અને પાર્વતીના પુત્ર કુમાર દ્વારા તે કાર્ય પરિપૂર્ણ થાય એમ છે, પરંતુ શંકર તો સર્વ સંગતિનો પરિત્યાગ કરી તપશ્ચર્યામાં બેઠા છે. શંકરનું મન તપશ્ચર્યામાંથી દૂર કરી પાર્વતી તરફ આકર્ષાય એવી યુક્તિ રચવી જોઈએ. ત્હારૂં મોહિની સ્વરૂપ અવર્ણનીય છે."

મદને આતુરતા પૂર્વક કહ્યું:

"પ્રભો! શંકરનું મન તપશ્ચર્યામાંથી ચળાયમાન કરવું એ કામ મ્હારૂં, પરંતુ પાર્વતી સાથે તેમનાં લગ્ન કેવી રીતે થશે?"

ઇન્દ્રે ઉત્તર દીધો:

"હમણાં પાર્વતી તેના પિતાની આજ્ઞાથી હિમાલયના શિખર ઉપર જ નિવાસ કરી રહી છે, તેથી આગળનું કામ વિશેષ કઠન નથી પરંતુ તું દેવતાઓની શાંતિ માટે એ કામમાં પ્રવૃત્ત થા. ત્હારા એ કામથી સર્વત્ર ત્હારી કીર્તિ પ્રસરશે, એ કામ કાંઈ એક મનુષ્યનું નથી. સર્વ દેવતાઓ અને મનુષ્યો ત્હારી પ્રશંસા કરશે. ત્હને સર્વત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશ મળશે. સર્વ ત્રૈલોક્ય ઉપર ત્હારો ઉપકાર થશે. ત્હારો મિત્ર વસંત પણ ત્હને આ કામમાં સંપૂર્ણ સહાય કરશે."

મદને કહ્યું;

"મહારાજાધિરાજ! હું એ કામ માટે સત્વર તૈયાર થાઉં છું." એમ કહી મદન નમસ્કાર કરી ઈન્દ્રનો આશિર્વાદ લઈ પોતાને કામે જવા નિકળ્યો.

* * *

મદન પોતાની પત્નિ રતિ અને મિત્ર વસંતને સાથે લઈ પોતાને ઘેરથી નિકળ્યો અને સત્વર હિમાલય પર્વત ઉપર શંકરના આશ્રમમાં આવી પહોંચ્યો.

ત્યાં આવ્યા પછી મદને વસંત ઋતુ નિર્માણ કરી. અશોક, આમ્ર, ચમ્પક, બોરસલી, બીલ્વ વગેરે વૃક્ષોને કુમળી કુંપળો ફુટી નિકળી. સર્વ વૃક્ષો પુષ્પો વડે ભરપૂર થઈ ગયાં. આમ્રવૃક્ષો ઉપર ભ્રમરો ગુંજારવ કરવા લાગ્યા. જાસુસ અને કરેણ વૃક્ષો રક્ત પુષ્પોથી શોભવા લાગ્યાં. કોકિલાઓ આમ્રડાળ પર બેઠી બેઠી સુંદર પંચમ સ્વરથી ગાવા લાગી. મોર ટહુકા કરવા લાગ્યા. રંગબેરંગી સુંદર પક્ષીઓ મનોહર વસંત-ગાન ગાતાં વસંતને વધામણાં દેવા લાગ્યાં. મંદ પવનની લહરો સુસવાટા કરવા લાગી.

વસંત ઋતુ શરૂ થતી જોઈ નંદી અને અન્ય શંકર ગણને અતિ આશ્ચર્ય થયું, એટલામાં મદને આશ્રમ આગળ નૃત્ય અને ગાયન શરૂ કર્યું. નંદીએ શંકર ગણોને ચંચળ ન થવા સૂચના આપી.

શંકર દેવદારૂ વૃક્ષના મૂળ આગળ બેસી તપશ્ચર્યા કરતા હતા. વ્યાઘ્રચર્મના આસન ઉપર પદ્માસન વાળી નેત્ર બંધ કરી એક ચિત્તે આત્મધ્યાન કરી રહ્યા હતા. વિશાળ જટા મસ્તક ઉપર બાંધી હતી. ગળામાં રૂદ્રાક્ષની માળા હતી. શરીર ઉપર મૃગચર્મનું આચ્છાદન કર્યું હતું. તેમની મુખમુદ્રા અતિ તેજસ્વી અને ઉગ્ર જણાતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરનું એવું સ્વરૂપ જોઈ મદનને પોતાનું કામ પરિપૂર્ણ કરવાની શંકા ઉત્પન્ન થઈ.

એટલામાં પાર્વતી, જયા અને વિજયા ત્યાં આવી પહોંચ્યાં. પાર્વતીએ રક્તવસ્ત્ર પહેર્યું. તેણે અશોક, ગુલાબ અને મોગરાનાં પુષ્પોની સુંદર માળા ગળામાં ધારણ કરી હતી. બકુલ પુષ્પની માળાઓ, કમળનાં બીજની માળા અને થોડાંક છુટાં પુષ્પ તેણે કદંબવૃક્ષના પાંદડાંમાં બાંધી લીધાં હતાં.

થોડા સમયમાં જ શંકરની સમાધિ ભંગ થઈ. નંદીએ પાર્વતીજીના આગમનના સમાચાર આપ્યા. શંકરે તેને અંદર આવી દર્શન કરવાની રજા આપી. પાર્વતી પોતાની બન્ને બ્હેનપણીઓ સહિત શંકર નજીક આવી. તેણે સર્વ પુષ્પમાળા શંકરને અર્પણ કરી, મસ્તક ઉપર પુષ્પ ચઢાવી નમસ્કાર કર્યા.

આ સમયે શંકરનું મન ચળાયમાન કરવા મદને પોતાનું મદનાસ્ત્ર શંકર પ્રત્યે પ્રેર્યું. તેમ થવાથી શંકરનું મન ચલિત થયું, તેમને સમાધિમગ્ન થવાની ઘણી ઈચ્છા થઈ પરંતુ સમાધિ થઈ શકતી નહોતી. પોતાને મોહ પમાડનાર કોણ છે? એ જાણવાની ઈચ્છાથી તેમણે સ્હામેની દિશામાં દ્રષ્ટિ ફેરવી. તેમણે મદનને જોયો.

મદને પોતાના ચિત્તનું આકર્ષણ કરેલું જોઈ શંકરને ક્રોધ ચઢયો. તેમાં વળી તપશ્ચર્યાનો ભંગ થતો જોઈ તેઓ વિશેષ ક્રોધે ભરાયા. ક્રોધાવેશમાં તેમણે મદન સ્હામે અતિશય તીવ્ર દૃષ્ટિએ જોયું. શંકરના નેત્રમાંથી અગ્નિની વૃષ્ટિ થઈ, તે અગ્નિથી એક ક્ષણમાં મદન બળી ભસ્મ થઈ ગયો! અહા! કેવો ભયંકર દેખાવ!

પોતાના પતિને ભસ્મ થયેલો જોઈ રતિ મૂર્છિત થઈ! તેણે સત્ય હકિગત જાણવા પ્રયાસ કર્યો. સત્ય હકિગત તેના જાણવામાં આવી એટલે અરણ્યનાં પશુપક્ષીનું હૃદય ફાટી જાય એવો તેણે વિલાપ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્રુપાત કર્યો. તેનું કષ્ટ જોઈ સર્વ પ્રાણીઓ દુઃખ પામવા લાગ્યાં. રતિના હૃદયશોકનું વર્ણન થઈ શકે એમ નથી.

રતિએ સતી થવાનો નિશ્ચય કર્યો એટલે પાર્વતીએ કહ્યું:

"બ્હેન! તું શાંત થા. ત્હારે માટે હું તપશ્ચર્યા કરીને શંકરને પ્રસન્ન કરીશ. ત્હારો પતિ જીવતો થાય એવો હું યત્ન કરીશ."

મદનના મિત્ર વસંતે પણ રતિને શાન્ત્વન આપ્યું.

રતિ પણ તપશ્ચર્યા કરવા માટે ત્યાંથી ચાલી ગઈ. તપશ્ચર્યા કરતાં કરતાં પોતાના દુઃખની સમાપ્તિ થવાની રાહ જોવા લાગી.

મદનનો શંકરે નાશ કરવાથી પાર્વતીના હૃદયને અતિશય કષ્ટ થયું, પરંતુ તેના હૃદયમાંથી શંકર પ્રત્યેની ભક્તિ ઓછી થઈ નહિં. તેમજ તેને શંકર ઉપર ક્રોધ ઉપજ્યો નહિ. મદને શંકરના તપમાં કાંઈ વિઘ્ન ઉપસ્થિત કર્યું હોવાથી તેમને આટલો બધો ક્રોધ ઉત્પન્ન થવો જોઈએ એમ તેણે વિચાર્યું. અંતે શંકરને પ્રસન્ન કરવા માટે ઘોર તપશ્ચર્યા કરવાનો પાર્વતીએ નિશ્ચય કર્યો.

મોહ ઉત્પન્ન થવાથી તપશ્ચર્યા વ્યર્થ જશે અને સમાધિમગ્ન થવાશે નહિ. એમ જાણવાથી જ શંકરને અતિ ક્રોધ થયો હતો, તે ક્રોધાવેશમાં જ તેમણે મદનને બાળી ભસ્મ કર્યો હતો.

હિમવાન્ પોતાની કન્યાને મળવા માટે હિમાલય ઉપર આવ્યો. ત્યાં તેણે મદન ભસ્મ થવાના સમાચાર સાંભળ્યા. પાર્વતી અને તેની બ્હેનપણીઓને લઈ તે પોતાની રાજધાનીમાં પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦

પાર્વતીની તપશ્ચર્યા.

પાર્વતી પિતાને ઘેર આવી પરંતુ ત્યાં તેને કાંઈ આનંદ થયો નહિં, તેણે વિચાર્યું:

"મ્હારી સેવાથી પ્રસન્ન નહિં થતાં શંકરે મદનને બાળી ભસ્મ કરી નાંખ્યો એ બહુ કષ્ટપ્રદ માનું છું."

પાર્વતીને અતિ નિરાશા ઉત્પન્ન થઈ, તેણે હવે શંકરને પ્રસન્ન કરી મદનને સજીવન કરવા માટે તપશ્ચર્યા કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો.

જયા દ્વારા એ વાત હિમવાન્ અને રાણી મેનાએ સાંભળી ત્યારે તેમણે પાર્વતીને ખૂબ સમજાવી તપશ્ચર્યા નહિં કરવા બોધ આપ્યો. મેનાએ પુત્રી પ્રેમને વશ થઈ તેને તપશ્ચર્યા નહિં કરવા ઘણી શિખામણ આપી. મેનાએ કહ્યું:

"બેટા! આપણા ઘરમાં રહીને ત્હારી ઇચ્છામાં આવે તે દેવની આરાધના કર, પરંતુ અરણ્યમાં તપશ્ચર્યા માટે જઈશ નહિં. બેટા! તપશ્ચર્યાનો પરિશ્રમ ત્હારાથી સહન થશે નહિ. કોમળ પુષ્પ કલિકા મનુષ્યનો પગ પડતાં જ કચડાઈ જાય છે."

પાર્વતીએ ઉત્તર દીધો:

"માતા! તમે મ્હને અટકાવો નહિં. મ્હારા તપકાર્યમાં વિઘ્ન ઉપસ્થિત કરો નહિં, મ્હને હવે કષ્ટ સહન કરવાની ટેવ પડી છે, હવે હું મ્હારા નિશ્ચયમાંથી વિચલિત થઈશ નહિં. રતિને માટે અને મ્હારા માટે મ્હારે તપશ્ચર્યા કરવી જ પડશે."

પાર્વતી પિતા હિમવાન્ પાસે જઈ તપશ્ચર્યા માટે રજા લઈ આવી. જયા અને વિજયા નામક બે સ્હેનપણીઓને સાથે લઈ તપશ્ચર્યા માટે પાર્વતીએ હિમાલય તરફ પ્રયાણ કર્યું.

હિમાલયના એક સુંદર સ્થાનમાં તેણે એક પર્ણકુટી બાંધી તેમાં તે નિવાસ કરવા લાગી. પાર્વતીએ તપસ્વીનો વેશ ધારણ કર્યો. તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલ્કલ પરિધાન કર્યાં. મસ્તક ઉપર જટા બાંધી, જેને નરમ રેશમ જેવાં બિછાના ઉપર નિદ્રા લેવાની ટેવ હતી તે પાર્વતી માત્ર હાથનું ઉસીકું અને ઘાસના આસન ઉપર કિંવા હરણના ચામડા પર નિદ્રા લેવા લાગી. જેને નિત્ય પંચ પકવાનનું ભોજન કરવાની ટેવ હતી તે હવે કંદમૂળ અને ફળ ફળાદિનો આહાર કરી દિવસો નિર્ગમન કરવા લાગી.

પાર્વતીએ પોતાની પર્ણકુટીની આસપાસ ન્હાનાં ન્હાનાં વૃક્ષ રોપ્યાં હતાં. તેને રોજ જળ સિંચન કરતી. પોતાને હાથે રોપેલાં વૃક્ષ ઉપર તેને બહુ પ્રેમ હતો. આશ્રમની આસપાસ વિચરતાં હરિણોને પાર્વતી પોતાને હાથે પ્રેમ પૂર્વક ધાન્યનાં કણસલાં ખવડાવતી, તેને પંપાળતી, લાડ કરતી. તેથી બધાં હરિણ પાર્વતીના ઓળખીતા માણસ જેવાં થઈ ગયાં હતાં. હરિણનાં ટોળાં નિત્ય પાર્વતીના આશ્રમમાં આવવા લાગ્યાં.

સ્નાન, હોમ હવન, સ્તોત્ર પાઠ અને તપશ્ચર્યામાં પાર્વતીનો પ્રાતઃકાલનો સમય વ્યતીત થતો. વૃક્ષોને જળે સિંચન કરવું, હરિણ રૂપી અતિથિઓને ભિક્ષાન્ન આપવું અને શાસ્ત્રચર્ચામાં તેનો મધ્યાહ્નનો સમય વ્યતીત થતો. કેટલાક ઋષિઓ પાર્વતીના આશ્રમમાં આવજા કરતા હતા. આશ્રમ જોઈ તેઓ પ્રસન્ન થતા હતા.

હિમાલય ઉપરનાં એ તપોવનમાં પશુ, પક્ષી અને મનુષ્યો વચ્ચે પરસ્પર પ્રેમભાવ હતો. કોઈ કોઈની હિંસા કરતું નહતું. કોઈને કોઈનો ભય કે ત્રાસ જણાતો નહતો. એ તપોવન અહિંસા, અતિથિ સત્કાર, અગ્નિપૂજન અને તપશ્ચર્યા વડે પવિત્ર આનંદાશ્રમ જેવો બની ગયો હતો. સર્વ પ્રેમ પૂર્વક આમ તેમ નિર્ભય ચિત્તે વિચરણ કરતાં હતાં.

કેટલાક દિવસ પછી પાર્વતીએ ઘોર તપશ્ચર્યા શરૂ કરી, તે પગના એક અંગુઠા ઉપર ઉભી રહી, વાયુ ભક્ષણ કરી, સૂર્યના સ્હામે એકી દૃષ્ટિએ જોઈ રહેતી. અન્તે જળના પ્રવાહમાં ઉભી રહી કઠોર તપશ્ચર્યાનો તેણે આરંભ કર્યો. તેની સેવા માટે જયા અને વિજયા તેમજ કેટલીક દાસીઓ તત્પર જ હતાં.

આ પ્રમાણે પાર્વતીએ કેટલાંક વર્ષ તપશ્ચર્યામાં ગાળ્યાં. તેની તપશ્ચર્યા જોઈ તપોવનના ઋષિમુનિ આશ્ચર્યચકિત થઈ ગયા! સર્વ તેને ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧

પાર્વતીની પરીક્ષા.

શંકર હિમાલયના એક શિખર ઉપર તપશ્ચર્યા કરતા હતા. તેમના મનમાં પાર્વતી સાથે લગ્ન કરવાનો વિચાર થતો હતો. પોતાના ઉપર પાર્વતીનો પ્રેમ કેવો છે તે જોવા માટે તેમણે એક જટીલની પેઠે જટાધારી તપસ્વીનો વેષ ધારણ કર્યો, અને પાર્વતીના આશ્રમમાં જવાનો સંકલ્પ કર્યો.

× × ×

એક દિવસ એક તેજસ્વી તરૂણ, જટાધારી, હાથમાં પલાશનો દંડ ગ્રહણ કરી, શ્યામ હરિણનું ચર્મ શરીરે ધારણ કરી, પાર્વતીના આશ્રમમાં આવ્યો.

અતિથિનો સત્કાર કરવામાં પાર્વતી અતિ કુશળ હતી. તેણે તરૂણ જટાધારી તપસ્વીનો અતિશય આદરસત્કાર કર્યો, તેણે તેનુ પૂજન કરી પુષ્પ અને ફળ અર્પણ કર્યાં.

આતિથ્યનો સ્વીકાર કરી તપસ્વીએ પાર્વતીને કહ્યું:

"પાર્વતી! તને હોમહવન કરવા માટે સમિધ અને દર્ભ મેળવવાની અગવડ તો પડતી નહિં હોય? જળ મેળવવાની તો સગવડ હશેજ! કોઈ પણ જાતના ત્રાસ સિવાય ત્હારી તપશ્ચર્યાનું કાર્ય ચાલતું હશે ખરૂં? ત્હેં રોપેલાં વૃક્ષ અને વેલીઓ સારી પેઠે વૃદ્ધિ પામતી હશે! ત્હારા હાથમાંથી ઘાસ ખાનાર હરિણો ઉપર ત્હારી પ્રેમાળ દૃષ્ટિ છે ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તહેં આજે જેનું ઉત્તમ પ્રકારે આદરતિથ્ય કર્યું છે તેને તું પારકો મનુષ્ય સમજીશ નહિ. કારણ કે: સજ્જનો એક સાથે સાત પગલાં પ્રવાસ કરે છે તે પરસ્પર મિત્ર બની જાય છે. તેથી ત્હને કાંઈ પૂછવાની મ્હને ઇચ્છા થાય છે."

"દેવી પાર્વતી! ત્હારા પિતાને ઘેર સર્વ પ્રકારનો વૈભવ છે, ત્હારામાં સૌંદર્ય છે. તું તરૂણી છે એટલું છતાં કઠોર તપશ્ચર્યા કરવાનું શું કારણ છે? કોઇએ ત્હારૂં અપમાન કર્યું હોય એવી કલ્પના થઈ શકતી નથી. સ્વર્ગ પ્રાપ્તિને માટે જો તું તપશ્ચર્યા કરતી હશે તો ત્હારો શ્રમ વ્યર્થ છે. કારણ કે ત્હારા પિતાનો રાજ્ય પ્રદેશ એ જ સાક્ષાત્ દેવતાઓની નિવાસ ભૂમિ હોવાથી તે સ્વર્ગ સમાન છે. ત્હારી ઇચ્છાનુસાર પતિ મેળવવા માટે જો તું તપશ્ચર્યા કરતી હોય તો તેમ કરવાનું કારણ નથી. કારણ કે: "न रत्नमन्विष्यति मृग्यते हि तत्। આજે તો ગ્રાહકો રત્ન શોધવા જાય છે. રત્ન ગ્રાહક શોધવા જતું નથી."

"ત્હારાં લગ્ન માટે જો તું પ્રાર્થના કરતી હોય તો મ્હને ત્હારે યોગ્ય કોઈ પતિ પૃથ્વીમાં જણાતો નથી. પાર્વતી! તું જે પતિ માટે પ્રાર્થના કરે છે તે ખરેખર નિષ્ઠુર હોવો જોઇએ. કારણ કે તું તપશ્ચર્યા કરીને ત્હારા શરીરને આટલી બધી શિક્ષા કર છે; તેમ છતાં તેને તો ત્હારે માટે કાંઈ પણ ચિંતા જ થતી નહિં હોય! આવી કઠોર તપશ્ચર્યા તું કેટલા દિવસ કરશે? ત્હારો દેહ ક્ષીણ થવા આવ્યો છે. મ્હને ત્હારી ઘણી જ દયા આવે છે. મ્હેં તપશ્ચર્યા કરીને જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે તેનું અર્ધું પુણ્ય હું ત્હને અર્પણ કરૂં છું. તેથી ત્હને ઇચ્છિત પતિની પ્રાપ્તિ થશે! ત્હને જે પતિની ઇચ્છા હોય તેનું નામ મ્હને કહે."

એ સાંભળી પાર્વતીએ પોતાની બ્હેનપણી વિજયાને તપસ્વીના પ્રશ્નનો ઉત્તર દેવાની આજ્ઞા કરી. તેણે બેહાથ જોડી નમન કરતાં કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તપસ્વીજી મહારાજ! તમે અમારા આશ્રમમાં આવી આ પર્ણકુટી પાવન કરી તેથી તમારો ઘણો ઉપકાર થયો છે. મ્હારી બ્હેનપણી પાર્વતીને મદનનો સંહાર કર્તા શંકર ભગવાન પતિ રૂપે પ્રાપ્ત થાય એ જ ઇચ્છાથી તે તપશ્ચર્યા કરે છે. આ સ્થળે તપ કરવા માટે તેણે તેના પિતાની રજા મેળવી છે. અમારી પર્ણકુટીની આસપાસ પાર્વતીએ રોપેલાં વૃક્ષોને અંકુર ફુટયા છે પરંતુ પાર્વતીના મનઃ સંકલ્પને અંકુર ફુટવાનાં ચિન્હ જણાતાં નથી ત્યાં ફળની આશા તો ઘણી દૂર જણાય છે!"

તપસ્વીએ પાર્વતી સ્હામે જોઈ ઉત્તર દીધો :

"વત્સ! જેણે ત્હારા મનોરથનો એક વખત ભંગ કર્યો છે તે શંકરને હું ઓળખું છું. તે મેળવવાની ત્હને ઇચ્છા છે? તું તો હાથી ઉપર બેસવા યોગ્ય છે. તેને બદલે શંકર સાથે લગ્ન કરી બળદ ઉપર સ્વાર થવું પડશે. કારણ કે નંદી એ જ તેમનું વાહન છે. તને રાજમહેલમાં નિવાસ કરવાની ટેવ છે તેને બદલે ત્હારે અરણ્યની પર્ણકુટીમાં રહેવું પડશે. ત્હારા જેવી રાજકુમારીને ઉચ્ચ પ્રકારનાં વસ્ત્રાભૂષણો ધારણ કરવાની ટેવ છે તેને શંકર પાસેથી શું મળવાનું છે? તે તો તદ્દન દરિદ્રનારાયણ છે! એવા શંકરની તું તીવ્ર ઇચ્છા શા માટે રાખે છે?"

એ સાંભળી પાર્વતીને ઘણો ક્રોધ ચડયો. તે ક્રોધના આવેશમાં બોલી :

"તપસ્વી મહારાજ! તમે શંકરને બરાબર ઓળખતા જ નથી તેથી જ તમે જેમ મરજીમાં આવે તેમ બોલો છો. મહાન્ પુરૂષોના ચારિત્રનો ગુપ્ત હેતુ નહિં સમજવાથી જ મૂર્ખ મનુષ્યો તેમનો દ્વેષ કરે છે. હાથી પર બેસી ગમન કરનાર દેવેન્દ્ર ઈન્દ્ર સુદ્ધાં વૃષભારૂઢ થનાર શંકરને નમસ્કાર કરે છે તેનું કારણ શું હશે વારૂ? કેટલાંક મનુષ્યો સમ્પતિને વિશેષ મહત્વ આપે છે પરંતુ નિરભિલાષી શંકરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐશ્વર્યની કેવી મહત્તા છે ? બ્હેન વિજયા ! હવે તું આ તપસ્વીને કાંઇ પણ વિશેષ બોલવા દઇશ નહિં. જે મનુષ્ય સજ્જનોની નિંદા કરે છે તે ગમે તેવો મહા પુરૂષ હોય તો પણ તેને પાપી સમજવો એટલું જ પણ તેનું સંભાષણ શ્રવણ કરનાર પણ પાપના ભાગીદાર થાય છે, નહિં તો પછી મ્હારે જ અહિંથી બીજે સ્થળે ચાલ્યા જવું પડશે."

એટલું કહી પાર્વતી ત્યાંથી પર્ણકુટીની બહાર જવા તૈયાર થઈ. એ જોઈ તપસ્વીએ પોતાનું સાચુ સ્વરૂપ પ્રકટ કર્યું. તે સાક્ષાત્ શંકરજ હતા. તેમણે પાર્વતીને પર્ણકુટી બહાર જવા દીધી નહિં.

શંકરે કહ્યું :

"દેવી પાર્વતી ! તમારી તપશ્ચર્યાને લીધે તમારા પર પ્રસન્ન થયેલો આ શંકર આજથી તમારો સેવક છે."

શંકરનું સાક્ષાત્ દર્શન કરીને અને તેમના મુખમાંથી નિકળેલા શબ્દો સાંભળીને પાર્વતીને અતિશય આનંદ થયો. તેને તપશ્ચર્યાનો પરિશ્રમ જણાયો જ નહિ. કારણ કે: क्लेश फलेन हि पुनर्नवतां विधत्ते" મનુષ્યને ફલ સિદ્ધિ પ્રાપ્ત થતાં જ શરીર કે મનનો કલેશ થયો જ નથી એમ લાગે છે.

પાર્વતીએ હર્ષ ભરિત મુખમુદ્રાએ કહ્યું :

"પ્રભો ! તમે મ્હારા પિતાને લગ્ન સંબંધી કહાવો અને શાસ્ત્રોક્ત લગ્નવિધિ પ્રમાણે મ્હારૂં પાણિ ગ્રહણ કરો એ જ મ્હારી પ્રાર્થના છે."

શંકરે પાર્વતીની વિનંતિ સ્વીકારી. તેઓ ત્યાંથી પોતાના આશ્રમમાં ચાલ્યા ગયા.

પાર્વતી પોતાની બ્હેનપણીઓ સાથે પિતા હિમવાન્ને ઘેર આવી. તપશ્ચર્યા વખતે શંકર સાથે જે વાતચિત થઈ તે સર્વ પિતાને કહી સંભળાવી. હિમવાન્ અને રાણી મેનાને ઘણો આનંદ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨

પાર્વતીનાં લગ્ન

શંકર ભગવાને પાર્વતી સાથે લગ્ન સંબંધ સાંધવાની ઇચ્છાથી કેટલાક ઋષિઓને રાજા હિમવાન પાસે મોકલ્યા. રાજાએ ઋષિઓનો સવિશેષ આદરસત્કાર કરી રાણીને બોલાવી તેમની સાથે વાર્તાલાપ શરૂ કર્યો. હિમવાને કહ્યું :

"મહારાજ ! તમારા પધારવાથી મ્હારૂં રાજ્ય પવિત્ર થયું છે. તમારૂં આવવાનું કારણ કહો. હું કૃતાર્થ થઇશ."

એક મૂખ્ય ઋષિએ કહ્યું :

"રાજન્ ? તમારી પુત્રી પાર્વતીની તપશ્ચર્યા અને દ્રઢ સંકલ્પ જોઈ શંકર ભગવાન્ પ્રસન્ન થયાં છે. તેની સાથે લગ્ન કરવાની શંકરની ઇચ્છા છે."

હિમવાને રાણી મેનાની સમ્મતિ લઈ ઊત્તર દીધો :

"ઋષિમહારાજ ! શંકર ભગવાનની ઇચ્છા પરિપૂર્ણ થાઓ એ જ અમારી સર્વની ઇચ્છા છે. તમે સર્વ લગ્નની તૈયારી કરી સત્વર પધારો. આ સેવક એ શુભ કાર્ય માટે તત્પર જ છે."

એ સાંભળી સર્વ ઋષિઓ હર્ષ પામતા હિમવાનને આશીર્વાદ આપી કૈલાસ તરફ વિદાય થયા.

ઋષિઓએ શંકરને હિમવાનની સમ્મતિ જણાવી એટલે શંકર પણ અતિ પ્રસન્ન થયા. તેઓ બ્રહ્મદેવ, વિષ્ણુ, ઇંદ્રાદિ દેવ, અનેક ઋષિ, મુનિ, નારદ અને પોતાના સર્વ ગણો સહિત હિમવાનના રાજ્યમાં જવા તત્પરે થયા. શંકરની બ્હેન ચંડિકા આદિ સ્ત્રી વર્ગ પણ શંકરની સાથે જ લગ્નમાં ગયાં. શંકર પોતાના સ્ફટિક જેવા શ્વેત નંદી ઉપર સ્વાર થઈ સર્વ જાનૈયાને લઈ હિમવાનના રાજ્યમાં પહોંચી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ અતિ પ્રેમ પૂર્વક શંકર ભગવાન અને અન્ય સર્વ જાનૈયાનો સત્કાર કર્યો.

હિમવાને વિશ્વકર્મા દ્વારા એક વિશાળ સુશોભિત લગ્ન મંડપ બંધાવ્યો હતો. મંડપની શોભામાં વૃદ્ધિ કરવા માટે સર્વત્ર જૂદી જૂદી મૂર્તિઓ ગોઠવી હતી. મંડપને કમાન, ધ્વજા, પતાકા, :આસોપાલવનાં તોરણ અને સુંદર પુષ્પનાં કુંડાં ગોઠવી અતિ મનોહર બનાવ્યો હતો.

શંકર, વિષ્ણુ અને બ્રહ્માજીને જૂદા જૂદા રાજ મહેલોમાં રાજાએ નિવાસ સ્થાન આપ્યું હતું. અન્ય ઋષિ મુનિઓ આદિ જાનૈયા માટે તેમની યોગ્યતા પ્રમાણે પર્ણકુટીઓ અને મકાનોની વ્યવસ્થા કરી હતી.

યોગ્ય સમયે શંકર ભગવાનનો વરઘોડો નિકળ્યો. વાજંત્રોની ગગન ભેદી ગર્જના શરૂ થઈ. શંકર આજે હાથી ઉપર બિરાજ્યા હતા. તેમની પાછળ બ્રહ્માજી અને વિષ્ણુ અને અન્ય દેવતાઓ વગેરે યોગ્ય વાહનો ઉપર બિરાજ્યા હતા. લક્ષ્મી, અનુસૂયા, અરૂંધતી આદિ સ્ત્રીઓ મંગળ ગીત ગાતી વરઘોડાની પાછળ ચાલતી હતી. શંકરના મસ્તક પર છત્રચમ્મર શોભી રહ્યાં હતાં. વાયુદેવતા શંકરને મંદ સૌગંધ વાયુ વડે શીતળતા અર્પી રહ્યા હતા. ચંદ્રે છત્ર ધારણ કર્યું હતું. ઘણા ઠાઠમાઠથી શંકર ભગવાન લગ્ન માટે હિમવાનના રાજ મહેલ આગળ આવી પહોંચ્યા.

રાજાએ સર્વ અતિથિઓનો સત્કાર કરી તેમને મંડપમાં યોગ્ય સ્થાને બેસાડયા. શુભ મુહૂર્તમાં શંકર પાર્વતીનાં લગ્ન થયાં.

હિમવાને લગ્નમાં પધારેલા દેવતાઓ, ઋષિ મુનિયો આદિ સર્વને યોગ્ય વસ્ત્રાભૂષણો અને દક્ષિણા આપી સન્માન કર્યું. તે દિવસ ગાયન, વાદન, નૃત્ય અને મિષ્ટાન્ન ભોજન આદિ આનંદ ઉત્સવમાં વ્યતીત થયો. બીજે દિવસે હિમવાને શંકર અને પાર્વતીને મહા મૂલ્યવાન્ યોગ્ય વસ્ત્ર અને આભૂષણો અર્પણ કર્યાં. ત્યાર પછી શંકર-પાર્વતીએ રાજા હિમવાન્ આદિ સર્વની રજા લઈ કૈલાસ તરફ પ્રયાણ કર્યું.

અન્ય સર્વ જાનૈયા પણ ધીમે ધીમે પોતપોતાને નિવાસ સ્થાને ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩

કુમારનો જન્મ અને અભિષેક

કૈલાસ પર્વત ઉપર એક સુંદર સ્થળે શંકરનો આશ્રમ હતો. આશ્રમની નજીક એક સરિતા વહન થતી હતી. આશ્રમની આસપાસનું સૃષ્ટિ સૌંદર્ય અપ્રતિમ હતું. એ સ્થળે પાર્વતીનો સમય સુખપૂર્વક, આનંદ પૂર્વક વ્યતીત થતો હતો. અરણ્યમાં નિવાસ કરવાની પાર્વતીને ટેવ પડી ગઇ હતી તેથી તેમને આ સ્થળે રહેવામાં આનંદ થતો હતો. તેમની સેવામાં અનેક શંકર ગણ હમેશાં હાજર જ રહેતા હતા.

એક દિવસ પાર્વતીએ શંકરને વિનતિ કરી.

" ભગવન્! મદનને તમે જીવનદાન આપો. "

શંકરે ઉત્તર દીધો :

" દેવી ! મદનનું શરીર મ્હેં બાળી ભસ્મ કર્યું છે તથાપિ તેનો આત્મા તો સર્વ કાર્ય કરે છે. તમારી એ ઇચ્છા અને એ પ્રતિજ્ઞા હું પ્રથમથી જ જાણું છું આપણા લગ્ન થયા પછી તે જીવિત થયો છે અને તેની પત્નિ રતિ સાથે આનંદ કલ્લોલ કરે છે. "

શંકરના ઉત્તરથી પાર્વતીને અતિ સંતોષ અને આનંદ થયો.

સમય જેમ જેમ વ્યતીત થવા લાગ્યો તેમ તેમ શંકર પાર્વતી આનંદમાં દિવસો નિર્ગમન કરતાં હતાં કેટલોક સમય વિત્યા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્વતીએ ગર્ભ ધારણ કર્યો. દશ માસ પૂર્ણ થતાં જ તેમને પુત્ર થયો. તેનું નામ ગણપતિ રાખ્યું. કેટલાંક વર્ષ પછી બીજો એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ કુમાર અથવા સ્કંદ પાડયું. એને જ કાર્તિક સ્વામી પણ કહે છે.

કુમારના જન્મથી દેવ અને ઋષિઓ સર્વને અતિ આનંદ થયો. તેને હાથે જ તારકાસુર જેવો દુષ્ટનો વધ થવાનો હતો. કેટલાક દિવસ પછી બ્રહ્મા, વિષ્ણુ, ઈંદ્ર વગેરે દેવતાઓ કૈલાસ ઉપર આવ્યા. તેમણે શંકર–પાર્વતીને ધન્યવાદ આપી કુમારને તારકાસુરના વધ માટે પોતાની સાથે મોકલવાની વિનતિ કરી.

તારકાસુર ઉપર હુમલો કરવાની તૈયારી થઈ. એ હુમલામાં પાર્વતીજી પણ સામેલ થયાં. કુમાર સહિત સર્વ દેવો આદિ મહી નદી ઉપર આવી પહોંચ્યાં. ત્યાં સર્વ દેવતાઓનું સૈન્ય એકત્ર થયું હતું. આ સ્થળે એક સમારંભ થયો. તે પ્રસંગે અનેક ઋષિઓ પધાર્યા હતા. તેમણે મહી નદી અને સમુદ્રના જળ વડે કુમારને સેનાપતિ પદનો અભિષેક કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪

તારકાસુર વધ

રણવાદ્યોના ઘોષ આકાશ કમ્પાયમાન કરવા લાગ્યા. તારકાસુર પોતાના મહાલયમાં નિશ્ચિંત જીવે સુખ આનંદનો ઉપભોગ કરતો હતો. રણવાદ્યોનો નાદ સાંભળી પોતાના મહાલયની અગાસી પર જઈ આસપાસ જોવા લાગ્યો. તેણે જોયું કે: અનેક હાથી, ઘોડા, રથ અને શૂરવીર સિપાહીઓ એકત્ર થયા છે. તેણે આશ્ચર્ય પૂર્વક વિચાર કર્યો: "મ્હારા જેવા પ્રબળ પરાક્રમી પર હલ્લો લાવનાર કયો સાહસિક પુરૂષ હશે? શું તે મ્હારો પરાજય કરશે? અસંભવ!"

તે જ ક્ષણે તારકાસુરના સેનાપતિએ યુદ્ધને માટે તૈયાર થવાની નોબત વગાડી. નોબતના પ્રચંડ અવાજ સાથે જ તેના સૈનિકો અસ્ત્ર શસ્ત્ર સજી તૈયાર થઈ આવી પહોંચ્યા.

તારકાસુરે તુરત જ પોતાના સૈન્ય સહિત દેવતાઓના સૈન્ય પર હુમલો કર્યો. અસુરોએ મ્હોટા મ્હોટા પર્વત અને વિશાળ વૃક્ષ ઉપાડી દેવતાઓના સૈન્ય ઉપર મારો ચલાવ્યો. દેવતાઓનું સૈન્ય ગભરાવા લાગ્યું પરંતુ ઈંદ્રે તેમને ધૈર્ય ધારણ કરવાનો ઉપદેશ કર્યો અને પુનઃ યુદ્ધમાં પ્રવૃત્ત કર્યો. બન્ને સૈન્ય વચ્ચે તુમુલ યુદ્ધ ચાલવા લાગ્યું.

ઇંદ્ર કાલનેમી સાથે યુદ્ધ કરવા લાગ્યો. શંકર અને જંભકાસુર વચ્ચે યુદ્ધ જામ્યું. વિષ્ણુએ વુજંભા સાથે યુદ્ધ શરૂ કર્યું. અન્ય દેવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાઓ પણ જૂદા જૂદા અસુરો સાથે યુદ્ધ કરવા લાગ્યા.

એમ કરતાં કરતાં કુમાર અને તારકાસુર સહામસ્હામા આવી ગયા. તારકાસુરે કહ્યું :

"કુમાર! તું હજી બાળક છે. મ્હારી સાથે યુદ્ધ કરવું એ કાંઈ સ્હેલું નથી. ત્હારી ઇચ્છા હોય તો ખુશીથી યુદ્ધ કર પરંતુ તું આ ઉપાધિમાં પડયો છે તે મ્હને યોગ્ય જણાતું નથી."

કુમારે ઉત્તર દીધો :

"તું મ્હને જેવો તેવો બાળક સમજે છે? બાળ સૂર્યની એક ન્હાની કિરણ ચિણગારી જોવામાં નિર્જીવ હોય છે પરંતુ તેનું પરાક્રમ અતિ વિશેષ હોય છે."

કુમારે તેના પર "શક્તિ" નામક અસ્ત્ર ફેંકવાની તૈયારી કરી. જોત જોતામાં તારકાસુર ઉપર અસ્ત્ર પડ્યું તે જ ક્ષણે તેના રથના ચુરેચૂરા થઈ ગયા ત્યારે જ તારકાસુરને બાળક કુમારના વીરત્વની કલ્પના થઈ.

ત્યાર પછી કુમારે અસુર સૈન્ય પર પોતાના અસ્ત્ર શસ્ત્રનો એક સરખો મારો ચલાવ્યો. અસુર સૈન્ય ત્રાહ્ય ત્રાહ્ય કરતું પાછું હઠવા લાગ્યું. એ જોઈ તારકાસુરને ધૈર્ય રહ્યું નહિ. તે પણ ચિંતા કરવા લાગ્યો.

તારકાસુરે શંકરના રથ ઉપર હુમલો કર્યો. એ જોઈ શંકર તેનો હેતુ સમજી ગયા એટલે તુરત રથમાંથી ઉતરી નંદી પર સ્વાર થયા, એટલામાં તારકાસુરે શંકરનો રથ તોડી નાંખ્યો. શંકરે પોતાને વિશ્વાશઘાત કર્યો છે એમ જાણી તારકાસુર વિશેષ ક્રોધે ભરાયો. તે ક્રોધાવેશમાં શંકર ઉપર ધસી ગયો. પરંતુ અપૂર્વ શકિતવાન શંકરને તે શું કરી શકે એમ હતું?

અંતે કુમાર અને તારકાસુર વચ્ચે ઘનઘોર યુદ્ધ જામ્યું. કુમારે મેઘ જેવી ગર્જના કરનાર "શક્તિ" નામનું અસ્ત્ર તારકાસુર તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંક્યું. તુરત જ તે પ્રાણરહિત થઇ પૃથ્વી ઉપર પડ્યો! તારકાસુર જેવો ત્રાસદાયક શત્રુ ગયો તે ગયો જ!

આ સમયે દેવતાઓના સૈન્યમાં જયવાદ્ય વાગવા લાગ્યાં. દેવતાઓની વિજયપતાકાઓ ફરકવા લાગી. દેવતાઓનો વિજય થયો. સૈન્યે કુમારનો જયજયકાર ઉચ્ચાર્યો. સર્વ જનમંડળ તેની સ્તુતિ કરવા લાગ્યા. પાર્વતીએ કુમારને પોતાની પાસે બોલાવી તેના શરીર ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. શંકરે કુમારને શાબાશી આપી.

કુમારને હાથે તારકાસુરનો વધ થવાથી દેવ, ઋષિ અને બ્રાહ્મણ વગેરે જનમંડળ ઉપરનું સંકટ ટળ્યું! સર્વના હૃદયમાં શાંતિનો પ્રવાહ વહેવા લાગ્યો.

તારકાસુરનો વધ થયા પછી તેના કેદખાનામાં ગોંધાઈ રહેલા સર્વ દેવતાઓની મુક્તિ થઈ. તે સર્વ પુનઃ પોતપોતાનો અધિકાર સંભાળવા લાગ્યા.

સર્વ સૈનિકો જયજયકાર કરતા પોતપોતાને નિવાસસ્થાને વિસર્જન થયા. સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પથરાયું.

વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર આદિ દેવતાઓ પોતપોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. શંકર અને પાર્વતી વિજયી કુમાર સહિત કૈલાસ પર્વત ઉપર પહોંચી ગયાં. ત્યાં પાર્વતીએ પોતાના બન્ને પુત્ર ગણપતિ અને કુમાર સહિત કેટલાંક વર્ષ પર્યંત આનંદ ઉપભોગ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫

બોધપાઠ.

સતી અને પાર્વતીનું જીવનવૃત્તાંત સંપૂર્ણ થયું છે. એમાં આલેખાયલા મુખ્ય વિષયનું ટુંક અવલોકન કરવું ઉચિત જણાય છે.

પ્રથમ વિભાગમાં સતીની જીવનકથા પ્રકટ થઇ છે. તેમાં દક્ષ અને શંકર વચ્ચે કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ વચ્ચે પરસ્પર મતભેદ હતો. અંતે શંકરના જ્ઞાનમાર્ગનો વિજય થયો. દક્ષની માનઅપમાનની કલ્પનાએ વિશેષ વિલક્ષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. તેને અતિ ગર્વ થયો હતો પરંતુ અભિમાન કોઇનો રહ્યો નથી, એ ન્યાય પ્રમાણે દક્ષને યોગ્ય પ્રાયશ્ચિત મળ્યું. શંકરે તેનો ગર્વ ઉતારી નાખ્યો તેમ છતાં શંકર ભગવાને ઉદારતા દર્શાવી તેને ક્ષમાદાન કર્યું.

પતિની પસંદગી કરતાં સતીએ વિલાસ, વૈભવ અને સુખ સમ્પત્તિ તરફ લક્ષ્ય નહિ રાખતાં માત્ર પતિના સદ્‌ગુણ પ્રત્યે લક્ષ્ય રાખ્યું હતું. તે પોતાના પતિ સાથે અરણ્યમાં નિવાસ કરતી હતી, અને દારિદ્ર્યમાં જીવન નિર્ગમન કરતી હતી. પરંતુ તેને શંકર ભગવાન તરફથી જે જ્ઞાન પ્રાપ્ત થયું હતું તેની તુલનામાં વૈભવ સમ્પત્તિ તેને તુચ્છ જણાતી હતી.

સતીના પિતા દક્ષ પ્રજાપતિએ પોતાને ત્યાંના યજ્ઞમાં પુત્રી સતીને આમંત્રણ કર્યું ન હતું. અને પતિદેવ શંકર ભગવાન જેવા ત્રિકાળજ્ઞાની યોગિરાજે તેને યજ્ઞમાં નહિં જવાની સલાહ આપી હતી. છતાં સતીએ પિતાને ઘેર જવાનો નિશ્ચય કર્યો. સતીએ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ત્યારે દક્ષ પિતાએ તેનું અપમાન કર્યું. સ્ત્રી હઠનું પરિણામ કેવું આવે છે તે એ ઉપરથી જણાઇ આવે છે.

દક્ષ પિતાએ પુત્રી સતીનું અપમાન કરવાથી પુત્રીનું સ્વાભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન જાગૃત થયું. તેના આવેશમાં સતીએ યજ્ઞકુંડમાં પોતાની આહુતિ આપી દીધી! પોતાનું શરીર ત્યાગ કર્યું! અપમાન કરતાં મૃત્યુ તેને અતિ વ્હાલું લાગ્યું.

બીજા વિભાગમાં સતીના અન્ય અવતાર પાર્વતીનું જીવનવ્રત પ્રકટ થયું છે. પતિની પસંદગી કરતી વખત પાર્વતીએ પણ સતીનું અનુકરણ કર્યું છે.

હિમવાને વિષ્ણુ સાથે પાર્વતીનાં લગ્ન નક્કી કર્યાં હતાં. પરંતુ પોતાના ઇચ્છિત પતિ સાથે લગ્ન થતાં નહિ હોવાથી પાર્વતીએ માતાપિતાની આજ્ઞા લઈ અરણ્યનો માર્ગ સ્વીકાર્યો. ત્યાં શંકરે મદનને ભસ્મ કર્યો, તેથી પાર્વતી ઘણી નિરાશ થઈ. તેમ છતાં પોતાનો પ્રયત્ન ત્યાગ નહિ કરતાં અતિ કઠિન તપશ્ચર્યા કરી પોતાની ઇચ્છા તૃપ્ત કરી. એ પરથી સ્પષ્ટ જણાય છે કેઃ કોઈ પણ મહાન્ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનો માર્ગ કંટકપૂર્ણ હોય છે તેમાંથી ધૈર્ય પૂર્વક જેઓ માર્ગ શોધી કાઢે છે તેને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ગમે તેવાં કઠિન સાધન કરવાથી સિદ્ધિ અવશ્ય મળે છે એ જણાઈ આવે છે.

શંકર-પાર્વતીનાં લગ્ન કરવા માટે દેવતાઓએ પરિશ્રમ ઉઠાવ્યો. પરંતુ પાર્વતીએ પોતે કષ્ટ સહન કર્યા સિવાય તેની મનઃકામના સિદ્ધ થઈ નહિ. એ પરથી જણાય છે કે મનુષ્ય પોતે પ્રયત્ન નહિ કરતાં અન્યની સહાયતા ગમે તેટલી મેળવે તો પણ તે વ્યર્થ છે. સ્વપ્રયત્નનું મૂલ્ય વિશેષ છે, એ વાંચકના લક્ષ્યમાં આવશે.

મદનનો નાશ થયા પછી રતિ શોક કરવા લાગી. તે સમયે પાર્વતીએ તેને સાન્ત્વન આપ્યું અને તેને માટે પોતે જ તપશ્ચર્યા રૂપી પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. એ ઉપરથી પાર્વતીના મનની ઉદારતા જણાઇ આવે છે. બીજાને માટે પોતે સંકટ સહન કરવું અને પરોપકાર કરવો એ મનુષ્યનો મહાન્ સદ્ગુણ કહેવાય છે.

ઉપરોક્ત અવલોકનથી વાંચકો સતી-પાર્વતીના સદ્ગુણનો બોધપાઠ લેશે તો તેમનું જીવન સાર્થક્ય થશે. આ ચરિત્રમાંથી સ્ત્રી અને પુરૂષોએ પોતાની ઇચ્છાનુસાર બોધ ગ્રહણ કરવો ઉચિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬

ઉપસંહાર.

કૈલાસ પર્વત પર શંકર ભગવાનનો આશ્રમ. આજે નંદિકેશ્વર સુસજ્જ થઈ રહ્યા હતા. તેમની પીઠ પર ઉચ્ચ પ્રકારનું આસન ઓરાવ્યું હતું. ગળામાં સુંદર ઘંટાનાદ થઈ રહ્યો હતો. શિંગડા પર સોનાની નકશીદાર ખોલીઓ પહેરાવી હતી. પગમાં ચાંદીનાં ઝાંઝર શોભી રહ્યાં હતાં. નંદિકેશ્વરની આસપાસ શૃંગી અને ભૃંગી ઉભા હતા. આજે શંકર ભગવાન પોતાના વાહન પર સ્વાર થઈ પૃથ્વી પર પ્રવાસ કરવાના હોવાથી તેના હર્ષનો પાર ન હતો. આજે વૃષભરાજ આનંદમગ્ન થઈ આમતેમ ડોલી રહ્યા હતા. તે પગની ખરીઓ વડે પૃથ્વી ખોતરતા હતા તેમજ પૂછડું ઉંચું કરી શંકર ભગવાનના આગમનની વાટ જોતા હતા.

એટલામાં જ શંકર ત્યાં આવી પહોંચ્યા. તેમણે પાર્વતીને કહ્યું :

"દેવી પાર્વતી! ચાલો. નંદિકેશ્વર ઉપર સ્વાર થઇ આપણે પૃથ્વીનો પ્રવાસ કરી આવીએ."

પાર્વતીના પુત્રો ગણપતિ અને કુમાર હવે તરૂણાવસ્થામાં આવી પહોંચ્યા હતા, તેથી પ્રવાસમાં જવાની અડચણ ન હતી. તુરત જ શંકર પાર્વતી નંદિકેશ્વર પર સ્વાર થઇ પૃથ્વી પર્યટન કરવા નિકળ્યાં.

પાર્વતીએ પૃથ્વી પર્યટન કરી અનેક પ્રકારનું જ્ઞાન સંપાદન કર્યું. વાંચક સજ્જનો પ્રવાસની તક મળતાં તેનો લાભ ઉઠાવશે અને અનેક પ્રકારનું જ્ઞાન સંપાદન કરશે એ જ અમારો ઉદ્દેશ્ય છે.

શંકર, સતી અને પાર્વતીને અમારા અનેક વંદન હો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા, બાપા ને બાળકો સાથે બેસી વાંચી શકે તેવાં નવાં હાસ્ય રસિક સાત પુસ્તકો

મસ્તફકીરનાં હાસ્યરત્નો

કિંમત રૂા. ૩-૦-૦ વી. પી. ખર્ચ ૮ આના

ખડખડાટ હસાવે તેવાં ત્રેવીસ હાસ્યરત્નો જાણીતા ઝવેરી રા. મસ્તફકીર ફકત ત્રણ રૂપીયામાં રજુ કરે છે. બધી વાર્તા નવી જ છે.

પંડિતજીની હાસ્યપ્રભા

કિંમત રૂા. ૩-૦-૦ વી. પી. ખર્ચ ૮ આના

બાલસાહિત્યના જાણીતા લેખક શ્રી. નાગરદાસ ઇ. પટેલ આ પુસ્તકમાં પંડિતજીનાં હાસ્યરસિક પરાક્રમો રજુ કરે છે.

બુદ્ધિ વિલાસ

કિંમત રૂા. ૫-૦-૦ વી. પી. ખર્ચ ૮ આના

જ્ઞાન, ગમ્મત અને વિનોદ સાથે બુદ્ધિને કસોટીએ ચઢાવી મગજને પ્રફુલ્લ કરતું આનંદી પ્રકાશન, જેમાં પાંચસો હાસ્યરસિક કોયડા, ઉખાણાં વિગેરે આપ્યાં છે.

બીરબલની ચિત્રમય બાલવાતો

કિંમત રૂા. ૩-૦-૦ વી. પી. ખર્ચ ૬ આના

પચાશ ચત્રોવાળી પાંસઠ બાલવાર્તાનું આ પુસ્તક બુદ્ધિનો વિકાસ કરી સંસ્કાર રેડે છે.

બુદ્ધિધન બીરબલ

(ભાગ ૧-૨ તેર ત્રીરંગી ચિત્રોવાળા નવા જ રૂપરંગમાં)

કિંમત રૂા. ૬-૧૨-૦ વી. પી. ખર્ચ ૮ આના

આમ્રપાલીના કર્તા શ્રી રામચંદ્ર ઠાકુરકૃત આ સળંગ નવલકથામાં વિનોદ ને ચાણક્યમૂર્તિ બીરબલને નવા જ સ્વરૂપમાં રજુ કરેલ છે.

બુદ્ધિનો બાદશાહ

કિંમત રૂા. ૨-૪-૦ વી. પી. ખર્ચ ૬ આના

જ્યાં તલવાર કામ નથી કરી શકતી ત્યાં બુદ્ધિ કેવું કામ કરે છે તે આ બુદ્ધિવર્ધક પચાશ વાતોમાં હાસ્યભરી રીતે જાણી લ્યો.

ટૂંકું ને ટચ

કિંમત રૂા. ૩-૮-૦ વી. પી. ખર્ચ ૮ આના

શ્રી. મૂળરાજ અંજારિયાની ઉચ્ચત્તમ ૫૦૦ રમૂજો.

આ ૭ પુસ્તકોના સેટના રૂા. ૨૬॥ વી. પી. ખર્ચ અલગ આવશે.

આખો સેટ યા મનપસંદ પુસ્તક મંગાવી લો ☆ ખલાસ થતાં ફરી મળશે નહિ.

એન. એમ. ઠક્કરની કંપની બુકસેલર્સ : : પબ્લીશર્સ ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

RAJNI PRINTERY